# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

જાહ્નવી - શાહિદ પહેલીવાર સાથે કામ કરે તેવી શક્યતા....



પેજ-09

ગિલક્રિસ્ટના મતે સંજુ સેમસન છે વિશ્વનો સર્વશ્રેષ્ઠ T20 બેટર....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 43.00 | 28.00 |
| વડોદરા | 43.00 | 29.00 |
| સુરત | 38.00 | 28.00 |

પેજ 5




એમેઝોનએ પ્રથમ વિશ્વસનીય ખરીદી અનુભવ રિપોર્ટ બહાર પાડ્યો....


08 MAY-2026 FRIDAY


ઈરાન US યુદ્ધ તબાહી સેટેલાઈટ તસવીરોએ પોલ ખોલી....



પેજ 10

**.....સુવિચાર.....**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!


વર્ષ-15 । અંક-176 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# બંગાળમાં મોટો ઉલટફેર : રાજ્યપાલે વિધાનસભા ભંગ કરી

## બંધારણીય સત્તાનો ઉપયોગ: રાજ્યપાલ આર.એન. રવિએ પશ્ચિમ બંગાળ વિધાનસભા વિખેરી નાખી

(એજન્સી) બંગાળ । તા. 07

એક મહત્વપૂર્ણ પગલું ભરતા, પશ્ચિમ બંગાળના રાજ્યપાલે વિધાનસભા ભંગ કરી દીધી છે. પરિણામે, નવા મંત્રીમંડળનો શપથ ગ્રહણ સમારોહ અને વિધાનસભા સત્રની શરૂઆત હવે આગામી થોડા દિવસોમાં થવાની છે. રાજ્યપાલે પશ્ચિમ બંગાળ વિધાનસભા ભંગ કરી દીધી છે. આ સાથે, બંગાળમાં નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થયો છે. 2026 ની વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આર.એન. રવિએ આ મોટું પગલું ભર્યું છે. ભારતના બંધારણના અનુચ્છેદ 174 ના કલમ (2) ના ઉપ-ખંડ (b) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, તેમણે પશ્ચિમ બંગાળ વિધાનસભા ભંગ કરવાનો આદેશ જારી કર્યો છે.

### મમતા બેનર્જીના શાસનનો નવો વળાંક

**જાહેરાત કરવામાં આવી**

આ જાહેરાત બુધવાર, 6 મે, 2026 ના રોજ જારી કરાયેલ એક ખાસ ગેઝેટ સૂચના (નં. 275-P.A./1L-03/2026) માં કરવામાં આવી હતી. સંસદીય બાબતોના વિભાગ દ્વારા જારી કરાયેલા નિર્દેશ અનુસાર, વર્તમાન વિધાનસભા ગુરુવાર (7 મે, 2026) થી ઔપચારિક રીતે વિસર્જન કરવામાં આવશે.



**શું છે સમગ્ર મામલો?**

બંગાળમાં નવી સરકારની રચના અને મમતા બેનર્જીના રાજીનામાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ભારે રાજકીય ખેંચતાણ ચાલી રહી હતી. આ દરમિયાન વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થતા જ રાજ્યપાલે બંધારણીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને આ કડક નિર્ણય લીધો છે. કોલકાતા ગેઝેટમાં અપાયેલા આદેશ મુજબ, આ નિર્ણય 7 મે 2026 થી જ અમલમાં આવી ગયો છે. વિધાનસભા ભંગ થવાની સાથે જ સમગ્ર કેબિનેટ પણ ભંગ થઈ ગઈ છે.

**વિધાનસભા પ્રથમ સત્રની પ્રક્રિયા શરૂ થશે**

ભાયલી-બીલ રોડ ઉપર જ્યાં દુષ્કર્મની બની હતી. તે ઘટના નજીકમાં રોડના ડિવાઈડર ઉપર અગાઉથી 5 યુવાનો દારૂની મહેફિલ માણતા હતા. આ 5 યુવાનોએ ડિવાઈડર ઉપર બેસી વાતો કરી રહેલી સગીરા અને તેના મિત્રને જોયા હતાં. 5 યુવાનો પૈકી 2 યુવાનો બાઈક લઈ જતા રહ્યા હતા. જ્યારે નશામાં ચૂર ત્રણ યુવાનો સગીરા અને તેના મિત્ર પાસે પહોંચી ગયા હતા અને અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન એક યુવાને સગીરાના મિત્રને પકડી રાખ્યો હતો અને બાકીના બે યુવાનો સગીરાને નજીકમાં ખેંચી જઈ દુષ્કર્મ આચર્યું હોવાની વિગતો જાણવા મળી છે.

**18મી વિધાનસભાની રચના માટેનો માર્ગ મોકળો**

આ આદેશ સાથે, 17મી વિધાનસભાનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે, જેનાથી નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સમાવેશ કરતી 18મી વિધાનસભાની રચનાનો માર્ગ મોકળો થયો છે. નવા મંત્રીમંડળના શપથ ગ્રહણ અને વિધાનસભાના પ્રથમ સત્રની પ્રક્રિયા આગામી દિવસોમાં શરૂ થવાની છે.

**9 મેના રોજ નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ**

ભાજપે નવી સરકાર બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુરુવારે રાત્રે કોલકાતા પહોંચવાના છે. શુક્રવારે નવા ચૂંટાયેલા ભાજપ ધારાસભ્યોની બેઠક યોજાશે, જે દરમિયાન ધારાસભ્ય પક્ષના નેતાની પસંદગી કરવામાં આવશે. ત્યારબાદ, 9 મેના રોજ, નવા મુખ્યમંત્રી કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે શપથ લેશે.

### બિહારના રાજકારણમાં એક નવો અધ્યાય શરૂ થયો

# મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મંત્રીમંડળનું ભવ્ય વિસ્તરણ

(એજન્સી) બિહાર । તા. 07

બિહારમાં સમ્રાટ મંત્રીમંડળના વિસ્તરણ બાદ, મંત્રીઓમાં વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ગૃહ સહિત અનેક મહત્વપૂર્ણ વિભાગો પોતાના હવાલે રાખ્યા છે. વિજય કુમાર ચૌધરીને જળ સંસાધન અને સંસદીય બાબતો સોંપવામાં આવી છે, જ્યારે વિજેન્દ્ર પ્રસાદ યાદવને નાણાં મંત્રાલય સોંપવામાં આવ્યું છે. નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર હવે રાજ્યના આરોગ્ય પ્રધાન તરીકે સેવા આપશે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ગૃહ સહિત અનેક મહત્વપૂર્ણ વિભાગો પોતાની પાસે રાખ્યા છે. નાયબ મુખ્યમંત્રી વિજય ચૌધરીને જળ સંસાધન અને સંસદીય બાબતો ફાળવવામાં આવી છે, જ્યારે વિજેન્દ્ર પ્રસાદ યાદવને નાણાં અને વાણિજ્યિક કર જેવા વિભાગો મળ્યા છે. દરમિયાન, નીતિશ કુમારના પુત્ર નિશાંત હવે રાજ્યના આરોગ્ય પ્રધાન તરીકે સેવા આપશે.




**સામાજિક અને જાતિ સમીકરણો પર ખાસ ધ્યાન :** નોંધનીય છે કે આ મંત્રીમંડળ વિસ્તરણ દરમિયાન સામાજિક અને જાતિ સમીકરણો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. શપથ લેનારા મંત્રીઓમાં, 7 અન્ય પછાત વર્ગો (OBC) ના છે, જ્યારે 9 અત્યંત પછાત વર્ગો (EBC) માંથી લેવામાં આવ્યા છે. વધુમાં, બ્રાહ્મણ સમુદાયના 2, ભૂમિહાર સમુદાયના 2 અને રાજપૂત સમુદાયના 3 મંત્રીઓ છે. વધુમાં, 7 મંત્રીઓ દલિત સમુદાયના છે. ચિરાગ પાસવાનની પાર્ટીમાંથી, એક રાજપૂત નેતા અને એક દલિત નેતાને મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટીના એક OBC નેતાએ મંત્રીમંડળમાં સ્થાન મેળવ્યું છે. કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીની પાર્ટીના એક દલિત નેતાને પણ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મંત્રીમંડળમાં એક મુસ્લિમ મંત્રીનો પણ સમાવેશ થાય છે - જે JD(U) ક્વોટાના એકમાત્ર પ્રતિનિધિ છે. મંત્રીમંડળમાં ત્રણ વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમના પિતા અગાઉ બિહારના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે: સંતોષ કુમાર સુમન (જીતન રામ માંઝીના પુત્ર), નીતિશ મિશ્રા (જગન્નાથ મિશ્રાના પુત્ર), અને નિશાંત કુમાર (નીતીશ કુમારના પુત્ર) - જે વ્યક્તિઓ છેલ્લા બે દાયકાથી બિહારના રાજકારણમાં કેન્દ્રબિંદુ રહ્યા છે.

## Operation Sindoorને આજે એક વર્ષ પૂર્ણ

### PM Modiએ પાકિસ્તાનને આપ્યો કડક સંદેશ

(એજન્સી) નવીદિલ્હી । તા. 07

પ્રધાનમંત્રીએ આજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોતાનો પ્રોફાઈલ પિક્ચર (DP) બદલીને 'ઓપરેશન સિંદૂર'નો રાખ્યો છે. જે 2025 માં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરવામાં આવેલી નિર્ણાયક લશ્કરી કાર્યવાહીની એક વર્ષગાંઠ નિમિત્તે કર્યુ. પ્રધાનમંત્રીના નવા ડિસ્પ્લે પિક્ચરમાં ભારતીય ત્રિરંગાની સાથે ઓપરેશન સિંદૂરનો સત્તાવાર લોગો મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યો છે. આ સાથે, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરી, લખ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારત દ્વારા પ્રાપ્ત થયેલ અસાધારણ વિજય આપણા બહાદુર સૈનિકોની નોંધપાત્ર બહાદુરી અને દેશભક્તિનો પ્રેરણાદાયક પુરાવો છે. રાષ્ટ્રનો દરેક નાગરિક તેમની અદમ્ય હિંમત, અટલ સંકલ્પ અને ફરજ પ્રત્યેની અટલ નિષ્ઠા પર ગર્વ અનુભવે છે.

### નક્સલવાદ સામે સંયુક્ત ઓપરેશનની તૈયારી

## બસ્તરને નક્સલમુક્ત કરવા ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં હાઈ-લેવલ બેઠક



(એજન્સી) નવીદિલ્હી । તા. 07

અમિત શાહ નક્સલવાદના નાબૂદી અંગે ચર્ચા કરવા માટે બસ્તરમાં ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરીય વ્યૂહાત્મક બેઠક કરશે. આ બેઠક સુરક્ષા, વિકાસ સંકલન, ગુપ્ત માહિતી શેરિંગ અને માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા પર કેન્દ્રિત છે. તેનો ઉદ્દેશ્ય 2026 સુધીમાં નક્સલવાદને નાબૂદ કરવા અને બસ્તરને સંઘર્ષથી વિકાસ તરફ દોરી જવા માટે એક રોડમેપ બનાવવાનો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ 19 અને 20 મેના રોજ છત્તીસગઢના બસ્તરની મુલાકાતે આવશે. નક્સલ પ્રભાવિત પ્રદેશની આ મુલાકાત સુરક્ષા અને વિકાસ બંને દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. અમિત શાહની સાથે, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રીઓ જગદલપુરમાં યોજાનારી સેન્ટ્રલ ઝોનલ કાઉન્સિલની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેશે. નક્સલ નાબૂદી અભિયાન શરૂ થયા પછી પહેલી વાર, બસ્તરના વિભાગીય મુખ્યાલય જગદલપુર ખાતે આટલી મોટી બેઠકનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકાર દેશના સૌથી સંવેદનશીલ પ્રદેશોમાંના એક ગણાતા બસ્તરમાં સુરક્ષા સ્થિતિમાં તાજેતરના સુધારાને સકારાત્મક સંકેત તરીકે પ્રકાશિત કરી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી આ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આંતરિક સુરક્ષા, વહીવટી સંકલન અને પ્રાદેશિક વિકાસ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરશે. અમિત શાહની મુલાકાત ફક્ત સુરક્ષા સમીક્ષા સુધી મર્યાદિત માનવામાં આવતી નથી; અહેવાલો અનુસાર, ગૃહમંત્રી બસ્તરમાં હાલમાં ચાલી રહેલા અનેક મોટા વિકાસ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ પણ કરી શકે છે.




AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 08-05-2026

# કોંગ્રેસના નેતાઓ જ સ્વીકારી રહ્યા છે કે કોંગ્રેસને કોંગ્રેસના લોકો જ હરાવે છે : યોગેશ જાદવાણી

અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ વિડીયોના માધ્યમથી જણાવ્યું હતું કે ફરી એક વખત કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું છે કે કોંગ્રેસના લોકો જ કોંગ્રેસને હરાવે છે. આવી વાતો કોંગ્રેસના અનેક નેતાઓ અગાઉ પણ સ્વીકારી ચૂક્યા છે. કોંગ્રેસના રાહુલ ગાંધીએ પણ કહ્યું હતું કે કોંગ્રેસમાં લગ્નના ઘોડા ને રેસના ઘોડા અલગ છે. આ બધું દર્શાવે છે કે કોંગ્રેસ પાસે જીતવાની ક્ષમતા નથી. કોંગ્રેસની અંદર આંતરિક અવ્યવસ્થા ખૂબ વધી ગઈ છે અને કોંગ્રેસમાં એવા લોકો પણ છે જે ભાજપ માટે કામ કરે છે. એટલે કોંગ્રેસ હવે ભરોસાપાત્ર પાર્ટી રહી નથી. વારંવાર કોંગ્રેસના જ નેતાઓ સ્વીકારી રહ્યા છે કે કોંગ્રેસની હાલત એવી છે કે કોંગ્રેસના લોકો જ કોંગ્રેસને હરાવી રહ્યા છે.આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રવક્તા યોગેશ



જાદવાણીએ વધુમાં જણાવ્યું હતું કે હવે કોંગ્રેસના ભાષણો અને દાવાઓથી ગુજરાતની જનતાને કોઈ મતલબ રહ્યો નથી, કારણ કે કોંગ્રેસની અંદર સડો બેઠેલો છે. કોંગ્રેસના જ કેટલાક નેતાઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યા છે અને કોંગ્રેસ ભાજપના દબાણ હેઠળ ચાલે છે એવી વાતો કોંગ્રેસના જ લોકો બહાર લાવી રહ્યા છે. કોંગ્રેસની ટિકિટો પણ ભાજપના ઈશારે નક્કી થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, જેના કારણે ભાજપ અને કોંગ્રેસ બંને એક જ પાર્ટી જેવી બની ગઈ છે. આમ આદમી પાર્ટી સતત કહી રહી છે કે કોંગ્રેસ ભાજપ સામે મજબૂત લડત આપી શકતી નથી અને કોંગ્રેસના નેતાઓ પણ હવે આ વાત સ્વીકારી રહ્યા છે. કોંગ્રેસ પાસે નીતિ, રણનીતિ, જીતવાની ક્ષમતા અને આત્મવિશ્વાસનો અભાવ છે. તેથી ગુજરાતમાં ભાજપ સામે સચ્ચો અને મજબૂત વિકલ્પ આમ આદમી પાર્ટી જ છે, બની રહેશે અને આગળ વધતી રહેશે.

# સમગ્ર ગુજરાતમાં AAPની સમીક્ષા બેઠક તથા સેન્સ પ્રક્રિયા યોજાઇ



અમદાવાદ : આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠક તથા સેન્સ પ્રક્રિયાની બેઠકની શરૂઆત થઈ ચૂકી છે. સળંગ ત્રણથી ચાર દિવસ સુધી સમગ્ર ગુજરાતમાં આ બેઠકો યોજાશે. માણાવદર તાલુકાની મટીયાણા, સરદારગઢ, કોયલાણા જિલ્લા પંચાયત સીટ ખાતે, વંથલી તાલુકાના શાપુર, કાંજા અને ધંધૂસર જિલ્લા પંચાયત સીટ ખાતે, ધંધુકા વિધાનસભાની ગલસાણા, હડાળા, ખાંભળા અને નાવડા જિલ્લા પંચાયત સીટ ખાતે, અંકલેશ્વર વિધાનસભાની ભાડખોદરા જિલ્લા પંચાયત સીટ ખાતે સમીક્ષા બેઠક થતા સેન્સ પ્રક્રિયાની બેઠક યોજાઈ હતી. આ બેઠકોમાં પ્રદેશના નેતાઓ સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ચૂંટણીમાં સ્પષ્ટ થઈ ગયું કે સમગ્ર ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું વર્ચસ્વ વધી રહ્યું છે અને સંગઠન મજબૂત થઈ રહ્યું છે. હાલ આમ આદમી પાર્ટી ને એક જિલ્લા પંચાયતમાં ભવ્ય જીત મળી છે, બાર તાલુકા પંચાયતમાં જીત મળી છે અને ચાર તાલુકા પંચાયતમાં ટાઈ પડી છે. નવ તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટી ડીસાઈડિંગ ફેક્ટર સાબિત થઈ શકે એમ છે. આમ આદમી પાર્ટી જે જગ્યાએ જીતી છે અને જે જગ્યાએ હારી છે તે પાછળના સમીકરણોની વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા થઈ રહી છે અને સમીક્ષા થઈ રહી છે. આ બેઠકોમાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓના અનુભવો, સહકાર-ઉણપ સહિત તમામ સારા ખરાબ પાસા પર સમીક્ષા થઈ રહી છે. કાર્યકર્તાઓ પાસેથી આમ આદમી પાર્ટી રીવ્યુ ફોર્મ પણ ભરાવી રહી છે, જેના આધારે આગામી સમયમાં પ્રદેશ નેતૃત્વ યોગ્ય સકારાત્મક પગલા ભરશે.

# જિલ્લા અને તાલુકાના વોટની અદલાબદલીથી મુદ્દે હેમંત ખવાએ આપ્યું આવેદનપત્ર



અમદાવાદ : જામનગર જિલ્લાની સીંગચ જિલ્લા પંચાયત અને સીંગચ તાલુકાના વોટની અદલાબદલીથી મુદ્દે AAP ધારાસભ્ય હેમંત ખવાએ સીંગચ ગામના લોકોની સાથે મળીને કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ દરમિયાન ધારાસભ્ય હેમંત ખોવાએ જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું મતદાન યોજાયું અને ત્યારબાદ 28 તારીખે મતગણતરી દરમિયાન અમારા ધ્યાનમાં આવ્યું કે સીંગચ જિલ્લા પંચાયત અને સીંગચ તાલુકા પંચાયતના બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટનું જોડાણ આડી અવળી રીતે થઈ ગયું હતું. જેના કારણે તાલુકા પંચાયતના ઉમેદવારના મત જિલ્લા પંચાયતના ઉમેદવારમાં ટ્રાન્સફર થઈ ગયા અને જિલ્લા પંચાયતના ઉમેદવારના મત તાલુકા પંચાયતના ઉમેદવારને ટ્રાન્સફર થઈ ગયા. માની લો કે એક નંબરના બૂથ પર જિલ્લા પંચાયતના આમ આદમી પાર્ટીના ઉમેદવાર હતા અને તાલુકા પંચાયતમાં એક નંબરના કોંગ્રેસના ઉમેદવારને એમના મત ટ્રાન્સફર થઈ ગયા અને એ જ રીતે તાલુકા પંચાયતના મત જિલ્લા પંચાયતમાં ટ્રાન્સફર થઈ ગયા હતા.આ મુદ્દે વધુમાં ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, આ મુદ્દે એ સમયે પણ અમે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને અમે અરજી પણ આપી હતી છતાં પણ તંત્ર દ્વારા તાનાશાહી કરીને ભાજપના ઉમેદવારને વિજેતા જાહેર કરી દેવામાં આવ્યા. જેને લઈને અમે ચૂંટણી પંચમાં અને કલેક્ટરને સીંગચ ગામના લોકો દ્વારા આવેદનપત્ર પત્ર આપ્યું હતું.

## મફત ઈન્સ્યુલિનથી ડાયાબિટીસ દર્દીઓને રાહત...

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એક વર્ષમાં ૨૪ હજારથી વધુ દર્દીઓ લાભાન્વિત...

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્ય સરકારના સંવેદનશીલ અને દર્દીકેન્દ્રિત અભિગમના પરિણામે અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન ડાયાબિટીસના ૨૪,૭૨૭થી વધુ દર્દીઓને અંદાજે ૨.૩૯ કરોડની કિંમતના ઈન્સ્યુલિન ઈન્જેક્શન મફતમાં પૂરાં પાડવામાં આવ્યા છે. મોંઘી ગણાતી આ સારવાર ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે જીવનદાયી સાબિત થઈ રહી છે, જે રાજ્યની લોકકલ્યાણકારી આરોગ્ય નીતિનું સ્પષ્ટ પ્રતિબિંબ છે. ડાયાબિટીસ જેવા બિન-ચેપી રોગો સામે અસરકારક લડત માટે રાજ્યનો આરોગ્ય વિભાગ સક્રિય બન્યો છે. ઈન્સ્યુલિન સારવાર ડાયાબિટીસ નિયંત્રણ માટે અનિવાર્ય હોવા છતાં તેની ઊંચી કિંમતને કારણે ગરીબ દર્દીઓ માટે તે ભારરૂપ બનતી હતી, ત્યારે સરકાર દ્વારા નિ:શુલ્ક ઈન્સ્યુલિન ઉપલબ્ધ કરાવવાની પહેલથી દર્દીઓમાં નવી આશા જાગી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ 'ટાઈપ-૧ ડાયાબિટીસ'થી પીડાતા બાળકો માટે વિશેષ આરોગ્ય કવચ અમલમાં મૂકાયું છે. આ યોજના અંતર્ગત બાળકોને માત્ર ઈન્સ્યુલિન જ નહીં, પરંતુ ગ્લુકોમીટર, કીટોન ચકાસણી કીટ સહિતની તમામ જરૂરી સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧,૮૮૧ બાળદર્દીઓને આ યોજનાનો લાભ મળ્યો હતો, જ્યારે ૨૦૨૬ના પ્રથમ ત્રણ મહિનામાં જ વધુ ૬૮૧ બાળકો લાભાન્વિત થયા હોવાનું નોંધપાત્ર છે. આ ઉપરાંત, બ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવી



લાઈફસ્ટાઈલ ડિસીઝનું વહેલું નિદાન થાય અને સમયસર સારવાર મળી રહે તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધીના તમામ સ્તરે ચકાસણી વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની દર્દીલક્ષી નીતિના કારણે આજે મોંઘી ઈન્સ્યુલિન સારવાર સામાન્ય નાગરિકો માટે સહેલાઈથી ઉપલબ્ધ બની છે, જેના કારણે રોગસંબંધિત જટિલતાઓમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. સરકારનો સ્પષ્ટ અભિગમ છે કે કોઈપણ દર્દી આર્થિક અભાવને કારણે ગુણવત્તાયુક્ત સારવારથી વંચિત ન રહે.

# ગાંધીનગરમાં પેન્શનરો માટે હયાતી પ્રમાણિત કેમ્પ યોજાયો, વરિષ્ઠ નાગરિકોને સુવિધાસભર સેવા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર પોસ્ટલ વિભાગ, સેક્ટર-૭બી સિનિયર સિટીઝન જૂથ અને વિશ્વ હિંદુ પરિષદ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બુધવારે ભારત માતા મંદિર, સેક્ટર-૭ ખાતે પેન્શનરોના હયાતી પ્રમાણિતકરણ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન વરિષ્ઠ નાગરિકોને સુવિધાપૂર્ણ વ્યવસ્થા સાથે કુલ ૭૭ પેન્શનરોની હયાતી પ્રમાણિત કરવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. આ આયોજનમાં ખાસ કરીને વયસ્કોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો હતો. જે વરિષ્ઠ નાગરિકો વાહનમાંથી ઉતરી હોલ સુધી આવી શકતા નહોતા તેમને વાહનમાં જ સેવા પૂરી પાડવામાં આવી હતી, જ્યારે ઘરેથી બહાર નીકળી ન શકતા પેન્શનરો માટે ઘરે જઈ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

કેમ્પને સફળ બનાવવા પોસ્ટ વિભાગના અધિકારીઓ અને ટીમે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. શ્રીકાંત ત્રિવેદી, રણજીતસિંહ ચાવડા, ઉમેશભાઈ મહેતા, હરેશભાઈ પંચાલ અને રાજેશભાઈ સગર સહિતના કાર્યકર્તાઓએ આયોજન અને વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે વિશ્વ હિંદુ પરિષદ ગાંધીનગરના અધ્યક્ષ નિલેશભાઈ દેસાઈ, સમરસતા પ્રમુખ જસવંતભાઈ વણઝારા તેમજ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા અને કાનજીભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિશ્વ હિંદુ પરિષદના નગર કાર્યાલય પ્રમુખ શ્રીકાંત ત્રિવેદીએ કર્યું હતું. અંતે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ કાર્યકરો, પોસ્ટ વિભાગની ટીમ અને ઉપસ્થિત નાગરિકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## News Brief

### બીઆરટીએસ સ્ટાફને ફાયર સેફ્ટી તાલીમ: મુસાફરોની સુરક્ષા માટે અમદાવાદ જનમાર્ગ લિ.નો મહત્વનો પ્રયાસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ શહેરમાં બીઆરટીએસ બસ સેવાનું સંચાલન કરતી અમદાવાદ જનમાર્ગ લિમિટેડ દ્વારા મુસાફરોની સુરક્ષાને કેન્દ્રમાં રાખીને સ્ટાફ માટે 'ફાયર અને ઈમરજન્સી ટ્રેનિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં કુલ ૫૮૩ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ તાલીમનો મુખ્ય હેતુ આગ જેવી આપાતકાલીન પરિસ્થિતિમાં સ્ટાફ તાત્કાલિક અને અસરકારક પગલાં લઈ મુસાફરોના જીવને સુરક્ષિત રાખી શકે તેવો હતો.

તાલીમ દરમિયાન ફાયર વિભાગના અનુભવી અધિકારીઓએ આગ લાગવાના કારણો, પ્રાથમિક બચાવ કામગીરી અને સલામતીના મૂળભૂત સિદ્ધાંતો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે, બસ અને સ્ટેશનો પર ઉપલબ્ધ અગ્નિશામક યંત્રોનો યોગ્ય અને સમયસર ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પ્રાયોગિક તાલીમ અને લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ આપવામાં આવ્યું હતું, જે સ્ટાફ માટે અત્યંત ઉપયોગી સાબિત થયું. અમદાવાદ જનમાર્ગ લિમિટેડ દ્વારા હાથ ધરાયેલી આ પહેલથી બીઆરટીએસ સેવા વધુ સુરક્ષિત બનશે અને સ્ટાફ આપાતકાલીન પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ સજ્જ બન્યો છે. મુસાફરોની સલામતી પ્રત્યે સંસ્થાની પ્રતિબદ્ધતા આ આયોજનથી સ્પષ્ટ ઝળકે છે.

### દક્ષિણ પશ્ચિમ ઝોનમાં AMCની કાર્યવાહી: ટ્રાફિકને નડતરરૂપ દબાણો દૂર, ગેરકાયદેસર પાર્કિંગ સામે દંડાત્મક પગલાં

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોન દ્વારા જાહેર માર્ગો પર ટ્રાફિકને અવરોધરૂપ દબાણો દૂર કરવા માટે વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ઉચ્ચ ન્યાયાલયના પીઆઈએલ સંબંધિત આદેશોના અનુસંધાને એસ્ટેટ અને નગર વિકાસ વિભાગની જોઈન્ટ એન્ફોર્સમેન્ટ ટીમ દ્વારા આનંદનગર રોડ, એસ.જી. હાઈવે સહિતના મુખ્ય માર્ગો પર કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રહલાદનગર મલ્ટીલેવલ પાર્કિંગ ઉપલબ્ધ હોવા છતાં આસપાસના આનંદનગર રોડ અને કોર્પોરેટ રોડ પર ગેરકાયદેસર પાર્ક કરાયેલા વાહનો સામે સખ્ત પગલાં લેવામાં આવ્યા હતા. જેમાં અનેક વાહનોને લોક કરી ટ્રાફિક પોલીસ મારફતે ઈ-મેમો આપવામાં આવ્યા હતા. આ પગલાંના પરિણામે માર્ગો પર ટ્રાફિકનું સુવ્યવસ્થિત નિયમન શક્ય બન્યું છે અને નાગરિકોમાં જાગૃતિ ફેલાઈ છે. કોરોના સર્કલ નજીક શેલ્બી હોસ્પિટલ પાસેથી ટી.પી. રોડ પર ગેરકાયદેસર પાર્કિંગ અને સિવિક સેન્સના અભાવને કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને ૧૭ વાહનોને લોક કરી ૮,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જોધપુર અને સરખેજ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં લારીઓ-ગલ્લા, કાચા વેપારી ઢાંચા, જાહેરાત બોર્ડ અને બેનરો સહિત મોટી માત્રામાં સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. આ કામગીરી બાદ માર્ગો પર ટ્રાફિક સરળ બન્યો છે અને પદયાત્રીઓ માટે ફૂટપાથ દબાણમુક્ત બન્યા છે. સરખેજ વિસ્તારમાં સ્થિત શકરી તળાવ આસપાસના વિકાસ કામો અંતર્ગત પણ ટાઉન પ્લાનિંગ માર્ગો ખુલ્લા કરવામાં આવ્યા છે .

### લાંચના ગુનામાં રાજકોટ સેશન્સ કોર્ટનો કડક ચુકાદો: પોલીસ હેડ કોન્સ્ટેબલ સહિત બેને ૧૦ વર્ષની સજા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

લાંચ લેવાના ગુનામાં રાજકોટની નામદાર સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં અનાર્મ પોલીસ હેડ કોન્સ્ટેબલ અને એક પ્રજાજનને કડક સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૮ના ડિકોય ટ્રેપ કેસમાં દોષિત ઠરેલા આરોપી બિપીનભાઈ લવજીભાઈ મકવાણા અને દિપકભાઈ કાન્તિભાઈ પરમારને અદાલતે અલગ-અલગ કલમો હેઠળ કુલ ૧૦ વર્ષની સખત કેદ તથા રૂ.૫ લાખ સુધીનો દંડ ફટકાર્યો છે. આ કેસ મુજબ ગોંડલ રોડ વિસ્તાર ખાતે લાંચના ડિકોય ઓપરેશન દરમિયાન આરોપી નં.૨એ માલવાહક રીક્ષા અટકાવી ડિકોયર પાસે રૂ.૫૦ની લાંચ માંગીને સ્વીકારી હતી. આ કાર્યવાહી દરમિયાન ડિકોયર પાસેથી મળેલા પુરાવા ઉપરાંત આરોપીઓ પાસેથી મોટી સંખ્યામાં ગેરરીતિપૂર્વક ઉપયોગમાં લેવાતા કાર્ડ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તપાસમાં ખુલ્યું હતું કે આરોપી નં.૧એ પોતાના સરકારી હોદ્દાનો દુરુપયોગ કરી આરોપી નં.૨ સાથે મળીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરી હતી. રાજકોટ એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનામાં તપાસ અધિકારીઓ દ્વારા એકત્ર કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના આધારે અદાલતે બંને આરોપીઓને દોષિત ઠરાવ્યા હતા. જેમાં મુખ્ય આરોપી બિપીનભાઈ મકવાણાને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ અલગ-અલગ કલમો મુજબ ૭ વર્ષ તથા ૧૦ વર્ષની સખત કેદ સાથે દંડની સજા સંભળાવવામાં આવી છે. જ્યારે સહઆરોપી દિપકભાઈ પરમારને ૭ વર્ષની સખત કેદ અને રૂ.૨ લાખ દંડની સજા ફટકારવામાં આવી છે. આ ચુકાદા સાથે ભ્રષ્ટાચાર સામે કડક સંદેશો આપતાં એ.સી.બી. દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# નર્મદા કેનાલ રીપેરીંગ વચ્ચે પણ અમદાવાદમાં પાણી પુરવઠો જળવાઈ રાખવા AMCનું આગોતરું આયોજન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા નર્મદા મુખ્ય નહેરમાં પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત હાથ ધરાયેલી કેનાલ લાઈનિંગ રીપેરીંગ અને મરામત કામગીરી વચ્ચે અમદાવાદ શહેરમાં પાણી પુરવઠો યથાવત્ રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગોતરા આયોજન સાથે વિશેષ વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. ૬ મે થી અંદાજિત આગામી ૧૦ દિવસ સુધી નહેરના પાણીના લેવલમાં જરૂરીયાત મુજબ વધઘટ થવાને કારણે કોતરપુર વોટર વર્ક્સ ખાતે પાણીના જથ્થામાં ઘટાડો થવાની સંભાવના છે. જેના પરિણામે સામાન્ય પરિસ્થિતિમાં દરરોજ આશરે ૧૧૦૦ MLD પાણી શુદ્ધ કરી શહેરના પાંચેય ઝોનમાં આવેલા લગભગ ૧૭૦ જેટલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો સુધી પહોંચાડાતું પાણી થોડું ઘટી શકે છે. અંદાજે ૫૦ થી ૬૦ MLD જેટલી ઘટ થવાની શક્યતા સામે AMCએ વિકલ્પરૂપ વ્યવસ્થાઓ સક્રિય કરી છે. કોતરપુર ખાતે સામાન્ય રીતે ગ્રેવીટી દ્વારા મળતા પાણીના સ્થાને હવે રો-વોટર પમ્પ હાઉસમાં ૧૦૦ ટકા સ્ટેન્ડબાય પમ્પો કાર્યરત કરી પાણી મેળવવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ઉપરાંત, પાણી વિતરણમાં ૧૦ થી ૧૫ ટકા જેટલી શક્ય ઘટને પહોંચી વળવા માટે શહેરના વિવિધ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો પર આવેલા બોરવેલોને પણ કાર્યરત કરવામાં આવશે. શહેરના નાગરિકોને પાણી પુરવઠામાં ઓછામાં ઓછી મુશ્કેલી થાય તે માટે સમગ્ર સિસ્ટમ પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને ઉપલબ્ધ જળજથ્થા મુજબ સંતુલિત વિતરણ સુનિશ્ચિત કરવામાં આવશે.

# દક્ષિણ પશ્ચિમ ઝોનમાં AMCની સખ્ત કાર્યવાહી: ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ઝુંબેશ, ૨.૪૭ લાખથી વધુ દંડ વસૂલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (પશ્ચિમ ઝોન)ની રાહબરી હેઠળ ગંદકી ફેલાવતા અને જાહેર માર્ગો પર ન્યુસન્સ સર્જતા ધંધાકીય એકમો સામે સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન દિવસ અને રાત્રી દરમિયાન વિશેષ સ્કવોડ ટીમ દ્વારા ઝુંબેશ ચલાવી વિવિધ વિસ્તારોમાં ચકાસણી કરવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન કુલ ૧૭૫ એકમોની તપાસ કરવામાં આવી, જેમાંથી ૧૦૨ એકમોને ગંદકી ફેલાવવી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરવા બદલ નોટિસ ફટકારવામાં આવી હતી. કુલ ૨,૪૭,૮૫૦ જેટલો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૧૨ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને તે બદલ ૬૫,૦૦૦નો દંડ વસૂલાયો હતો.

જાહેર માર્ગો પર ગંદકી કરતા અને ન્યુસન્સ સર્જતા એકમો સામે વધુ કડક પગલાં તરીકે જી.પી.એમ.સી. એક્ટ અને પબ્લિક હેલ્થ બાયલોઝ અંતર્ગત અનેક એકમોને સીલ પણ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧,૮૨,૮૫૦નો દંડ વસૂલાયો હતો. નવરંગપુરા, પાલડી, નારણપુરા અને સ્ટેડિયમ વિસ્તાર સહિતના વિસ્તારોમાં આવેલા કન્સ્ટ્રક્શન સાઈટ, કાર વોશ, કેટરિંગ અને અન્ય વ્યાપારી એકમો સામે ગંદકી ફેલાવવાના આરોપે કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે સાથે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા રહેણાંક તથા વાણિજ્યિક વિસ્તારોમાં જાગૃતિ અભિયાન પણ હાથ ધરાયું છે, જેમાં નાગરિકોને કચરાનું વિભાજન કરીને માત્ર એએમસીના વાહનમાં જ નિકાલ કરવા તથા જાહેરમાં ગંદકી ન ફેલાવવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. એએમસીએ સ્પષ્ટ કર્યું છે કે શહેરના સ્વચ્છતા અને નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા આવા એકમો સામે આગામી દિવસોમાં પણ વધુ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

# નર્મદા કેનાલ મરામતથી અમદાવાદમાં પાણી પુરવઠા પર અસરની શક્યતા, AMCની જાહેર નોટીસ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નર્મદા નિગમ લિમિટેડ દ્વારા નર્મદા મુખ્ય નહેરમાં પ્રી-મોન્સૂન કામગીરી અંતર્ગત આર.સી.સી. લાઈનિંગના રીપેરીંગ અને મરામત કામને કારણે અમદાવાદ શહેરના પાણી પુરવઠા પર આગામી દિવસોમાં અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ મહાનગર પાલિકાના ઈજનેર વિભાગ દ્વારા જાહેર કરાયેલી નોટીસ અનુસાર આગામી અંદાજિત ૧૦ દિવસ સુધી નહેરના પાણીના લેવલમાં જરૂર મુજબ વધઘટ કરવામાં આવશે. આ પરિસ્થિતિને કારણે કોતરપુર વોટર વર્ક્સ ખાતે મળતા પાણીના જથ્થામાં ઘટાડો થવાની શક્યતા છે, જેના પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પાણીનું વિતરણ થઈ શકશે નહીં. પશ્ચિમ, મધ્ય, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ઝોનના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનોમાં પાણીની અછત સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એએમસી દ્વારા વિકલ્પરૂપે જરૂરીયાત મુજબ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનો પર બોરવેલોને કાર્યરત કરીને ઉપલબ્ધ પાણીના જથ્થા મુજબ સંતુલિત વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# ચાંદખેડા રોડ-સાબરમતી 'D' કેબિન નવી બ્રૉડ ગેજ Y-કનેક્ટિવિટી લાઈનનું CRS નિરીક્ષણ સફળતાપૂર્વક સંપન્ન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ સર્કલના રેલવે સંરક્ષા કમીશનર (CRS) શ્રી શ્રીનિવાસે આજે તારીખ 07 મે 2026 ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ચાંદખેડા રોડ-સાબરમતી 'D' કેબિન (આશરે 1.00 કિ.મી.) ઈન્ટરસેક્શનની નવી બ્રૉડ ગેજ Y-કનેક્ટિવિટી લાઈનનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે આ નવી લાઈન પર મોટર ટ્રૉલી દ્વારા વિગતવાર નિરીક્ષણ કર્યું તથા લાઈનની સંરક્ષા અને પરિચાલન ક્ષમતાની આકારણી કરી. આ ઉપરાંત આ સેક્શન પર સ્પીડ ટ્રાયલ પણ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું. આ નિરીક્ષણ દરમિયાન પ્રદીપ ગુપ્તા મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ), વેદ પ્રકાશ, મંડળ રેલવે મેનેજર, અમદાવાદ સહિત બાંધકામ અને ઓપન લાઈન વિભાગના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સાબરમતી 'D' કેબિન બાયપાસનો સૌથી મોટો ફાયદો એ હશે કે ઉત્તર અને પૂર્વ ભારતથી આવનારી-જનારી ટ્રેનો, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારની ટ્રેનો, ને વ્યસ્ત સાબરમતી 'D' કેબિન ક્ષેત્રમાં પ્રવેશ કર્યા વગર વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ થઈ



શકશે. આનાથી ટ્રેનોની અવરજવર વધુ ઝડપી અને નિર્વિરોધ રહેશે તથા યાત્રીઓના યાત્રા સમયમાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત, લોકો રિવર્સલ નાબૂદ થવાથી, સાબરમતી લાઈન પર વધુ ટ્રેનો ચલાવવા માટે વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે. ચાંદખેડા રોડ બાયપાસ મારફતે ટ્રેન ડાયવર્ટ થવાથી અમદાવાદ (કાલૂપુર) અને સાબરમતી સ્ટેશનો પર ટ્રેનોનું દબાણ ઓછું થશે, જેનાથી પરિચાલન કુશળતામાં વૃદ્ધિ થશે. આ નવી Y-કનેક્ટિવિટી ભવિષ્યમાં વધારે ટ્રેનોના સંચાલનમાં પણ સહાયક સિદ્ધ થશે. આ પરિયોજના પૂર્ણ થવાની સાથે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના યાત્રીઓને આધુનિક અને ઉત્તમ રેલવે સુવિધાઓ ઉપલબ્ધ થશે. ઉત્તમ રેલવે સંપર્કને કારણે ચાંદખેડા અને આસપાસના વિસ્તારોમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓ તથા રિયલ એસ્ટેટ વિકાસને પણ પ્રોત્સાહન મળવાની સંભાવના છે. જેના કારણે અમદાવાદની આર્થિક પ્રગતિને નવી ગતિ મળશે. નવી લાઈન ભારતીય રેલવેને એક વૈકલ્પિક અને સુમગ પરિચાલન પૂરૂં પાડશે, જેનાથી પશ્ચિમ રેલવે નેટવર્કમાં યાત્રી સુવિધાઓ અને રેલવે સંચાલનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે.

# દાણીલીમડામાંથી 14 લાખના MD ડ્રગ્સ સાથે વોન્ટેડ આરોપી ઝડપાયો

અમદાવાદ ; સ્ટેટ મોનિટરિંગ સેલના MD ડ્રગ્સના એક કેસમાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દાણીલીમડામાંથી 468 ગ્રામથી વધુ MD ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીના આધારે આશરે 14 લાખથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, પકડાયેલો આરોપી નોમાન હબીબમીયા શેખ(ઉં.વ. 27, રહે.જુહાપુરા) છેલ્લા ઘણા સમયથી MD ડ્રગ્સનો ધંધો કરતો હતો. આ માટે તેણે દાણીલીમડાના બેરલ માર્કેટ પાસે આવેલા અલ-ફ્લાહ એપાર્ટમેન્ટમાં ભાડે ફ્લેટ રાખ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી આ ડ્રગ્સ રાજસ્થાનના લાલાખાન નામના શખસ પાસેથી લાવતો હતો. બે દિવસ પહેલા જ લાલાખાન તેને 500 ગ્રામ MD ડ્રગ્સ આપી ગયો હતો, જેમાંથી તે દાણીલીમડા અને આજુબાજુના વિસ્તારમાં ડ્રગ્સનું છૂટક વેચાણ કરતો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## મહીસાગરના જોખમી સ્પોટ પર સેફ્ટીના નામે મીંડું, તંત્રની ઘોર બેદરકારીથી નિર્દોષોના જળસમાધિના કિસ્સા વધ્યા

# વડોદરા ડૂબવાના મોત ૨૦૦થી વધુના જીવ ગયા છતાં તંત્ર નિષ્ક્રિય

(એજન્સી) વડોદરા । તા. 07

સંસ્કારી નગરી વડોદરાની આસપાસ આવેલા કુદરતી સૌંદર્યના સ્થળો હવે મોતના મુખ સમાન બની રહ્યા છે. વડોદરા નજીકના પિકનિકના મુખ્ય ત્રણ સ્પોટ- સિંધરોટ, કોટણા અને લાંછનપુર ખાતે વારંવાર 'વડોદરા ડૂબવાના મોત'ના કિસ્સા બની રહ્યા હોવા છતાં, વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. છેલ્લા બે દાયકામાં આ સ્થળોએ ૨૦૦થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, છતાં તંત્ર દ્વારા માત્ર ઔપચારિક ચેતવણીના બોર્ડ લગાવીને પોતાની જવાબદારીમાંથી મુક્તિ મેળવી લેવામાં આવી છે. તંત્રની આ ઉદાસીનતાને કારણે અનેક પરિવારોએ પોતાના વ્હાલસોયા પુત્રો અને ઘરના મોભીઓને ગુમાવવાનો વારો આવ્યો છે.

સાવલી તાલુકાના લાંછનપુર ખાતે મહીસાગર નદીમાં ડૂબવાના સૌથી વધુ બનાવો નોંધાયા છે. આ સ્થળ સહેલાણીઓ માટે લોકપ્રિય હોવાથી રજાઓના દિવસે મોટી સંખ્યામાં યુવાવર્ગ અહીં ઉમટી પડે છે, પરંતુ નદીના વહેણની ઊંડાઈ અને ભયાનકતાથી અજાણ યુવાનો પાણીમાં ઉતરે છે અને જિંદગી ગુમાવે છે. આ જ પરિસ્થિતિ વડોદરા શહેર પાસેના કોટણા બીચ અને સિંધરોટ ચેકડેમ પર પણ જોવા મળી રહી છે.



'મહીસાગરના જોખમી સ્પોટ' તરીકે ઓળખાતા આ વિસ્તારોમાં કોઈ કાયમી લાઈફ ગાર્ડ કે સુરક્ષા કર્મચારી તૈનાત ન હોવાથી અકસ્માત વખતે મદદ મળવી અશક્ય બની જાય છે.

સિંધરોટ ખાતે મહી નદીનું વહેણ એટલું જોખમી છે કે તે વર્ષોથી અત્યંત ભયાનક સાબિત થયું છે. પંદર વર્ષ પહેલાં બનેલી એક હૃદયદ્રાવક ઘટના આજે પણ લોકોના માનસપટ પર તાજી છે. સિંધરોટ ચેકડેમ પાસે એક મૃતદેહ કાઢવા ગયેલા વડોદરા ફાયર બ્રિગેડના ચાર જવાનોની બોટ વહેણમાં પલટી મારી ગઈ હતી. આ દુર્ઘટનામાં નિલેશ રાઠોડ અને સરફુદ્દિન મુલ્લા નામના બે જવાનો માંડ બચ્યા હતા, પરંતુ રાજેશ કહાર અને વિજય પરમાર નામના બે શૂરવીર ફાયર જવાનોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા. 'તંત્રની ઘોર બેદરકારી' એ હદે છે કે રક્ષકો પણ અહીં સુરક્ષિત નથી.

કોઈપણ ડૂબવાની ઘટના બને ત્યારે સૌથી પહેલી મદદ ગામના સ્થાનિક તરવૈયાઓ તરફથી મળે છે. આ તરવૈયાઓએ પોતાના જીવના જોખમે અનેક લોકોને જીવતા બહાર કાઢ્યા છે અને અનેક મૃતદેહો શોધી કાઢ્યા છે. જોકે, વહીવટી તંત્ર દ્વારા આવા સાહસિક તરવૈયાઓને કોઈ પણ પ્રકારનું આર્થિક પ્રોત્સાહન કે બચાવ કામગીરીના આધુનિક સાધનો આપવામાં આવતા નથી. પરિણામે, યોગ્ય સન્માન અને સુવિધાના અભાવે આ તરવૈયાઓ પણ હવે માત્ર માનવતાના ધોરણે અને અનુકૂળતા મુજબ જ કામગીરી કરે છે, જેનાથી બચાવ કાર્યમાં વિલંબ થાય છે.

વડોદરાની આસપાસથી પસાર થતી નર્મદા કેનાલ અને વાસદ બ્રિજ હવે 'સ્યુસાઈડ સ્પોટ' તરીકે કુખ્યાત થઈ રહ્યા છે. ગોરવા, છાણી અને સમા જેવા રહેણાંક વિસ્તારોમાંથી પસાર થતી કેનાલ પાસે વારંવાર અકસ્માતે ડૂબવાના કે આપઘાતના કિસ્સા બને છે. રહીશો દ્વારા વારંવાર જોખમી વળાંકો પર ફેન્સિંગ (જાળી) કરવાની માગણી કરવામાં આવી છે. ખુદ નંદેસરી પોલીસે પણ મહી બ્રિજ પર ફેન્સિંગ માટે લેખિત રજૂઆત કરી છે, પરંતુ મીડિયા અહેવાલ મુજબ ફાઈલો હજુ પણ સરકારી કચેરીઓમાં ધૂળ ખાઈ રહી છે. હાલની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે સરકાર માત્ર દુર્ઘટના બનવાની રાહ જુએ છે. માત્ર બોર્ડ મારી દેવાથી તંત્રની ફરજ પૂરી થઈ જતી નથી. નિષ્ણાતોના મતે, આ સ્પોટ પર કાયમી ધોરણે રબ્બર બોટ સાથે લાઈફ ગાર્ડ તૈનાત કરવા જોઈએ, જોખમી વિસ્તારોમાં મજબૂત ફેન્સિંગ કરવી જોઈએ અને ડ્રોન દ્વારા દેખરેખ રાખવી જોઈએ. 'વડોદરા ડૂબવાના મોત'ના આંકડા ઘટાડવા માટે હવે કાગળ પર નહીં પણ જમીન પર નક્કર કામગીરીની જરૂર છે.

## સુરસાગર તળાવ ખાતે સુરક્ષા વ્યવસ્થા નિયમો મુદ્દે સહેલાણીઓ અને ગાર્ડ બાખડ્યા



વડોદરા | વડોદરા શહેરની શાન ગણાતા સુરસાગર તળાવ ખાતે હાલમાં શિસ્ત અને સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. તળાવની સુંદરતા અને સ્વચ્છતા જાળવવા માટે મૂકવામાં આવેલા નિયમોના પાલન મુદ્દે સહેલાણીઓ અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે રોજિંદી માથાકૂટ અને બોલાચાલીની ઘટનાઓ વધી રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે મોટી સંખ્યામાં ઉમટી પડતા સહેલાણીઓ પ્રતિબંધિત ખાદ્ય સામગ્રી અંદર લઈ જવા મુદ્દે સિક્યુરિટી ગાર્ડ સાથે ઉગ્ર વાદવિવાદમાં ઉતરી રહ્યા છે, જેના કારણે સુરસાગર તળાવ ખાતે સુરક્ષા વ્યવસ્થા સંભાળતા કર્મચારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. તળાવના પરિસરમાં ગંદકી ન ફેલાય તે હેતુથી તંત્ર દ્વારા ખાણી-પીણીની વસ્તુઓ અંદર લઈ જવા પર સખત મનાઈ ફરમાવવામાં આવી છે. જોકે, ઘણા સહેલાણીઓ આ નિયમોને નેવે મૂકીને નાસ્તો સાથે લાવતા હોય છે. જ્યારે ગાર્ડ દ્વારા તેમને પ્રવેશતા અટકાવવામાં આવે છે, ત્યારે મામલો બિચકે છે. ગઈકાલે રાત્રે પણ એક સહેલાણી સાથે નાસ્તો અંદર લઈ જવા બાબતે સિક્યુરિટી ગાર્ડની ઉગ્ર રકઝક થઈ હતી, જેના કારણે થોડો સમય તંગદિલીભર્યો માહોલ સર્જાયો હતો.

## વડોદરાના રસ્તાઓની બિસ્માર હાલત ગાજરાવાડી માર્ગ પર દબાણ અને ખાડાનું રાજ



(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરા શહેરના પૂર્વ અને સિટી વિસ્તારને જોડતો અતિ મહત્વનો ગણાતો વિહાર સિનેમાથી ગાજરાવાડી સુધીનો માર્ગ અત્યારે વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. રોજના હજારો નાગરિકોની અવરજવર હોવા છતાં, આ માર્ગ પર ગેરકાયદે દબાણો, રખડતા પશુઓ અને ઠેર-ઠેર પડેલા ખાડાઓના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નિષ્ફળતાને કારણે શૈક્ષણિક સંસ્થાઓથી ધમધમતા આ વિસ્તારમાં વિદ્યાર્થીઓ અને સિનિયર સિટીઝનનું ચાલવું પણ જોખમી બન્યું છે.

ગુરુકુલ સર્કલથી વિહાર સિનેમા સુધીના આશરે ચાર કિલોમીટરના અંતરમાં ફૂટપાથની સુવિધા જાણે નામના જ રહી ગઈ છે. અનેક સ્થળોએ તો ફૂટપાથ છે જ નહીં, અને જ્યાં છે ત્યાં ગેરકાયદે લારી-ગલ્લા અને વાહનોના પાર્કિંગના દબાણોએ અડિંગો જમાવ્યો છે. પરિણામે, નાના બાળકો અને રાહદારીઓને સતત વાહનોના ઘોડાપૂર વચ્ચે જોખમ ખેડીને મુખ્ય રસ્તા પર ચાલવાની ફરજ પડી રહી છે.

ગાજરાવાડી પાણીની ટાંકીથી વિહાર સિનેમા વચ્ચેનો રસ્તો વર્ષભર ઉબડખાબડ રહે છે. ખાસ કરીને ચોમાસામાં અહીંના ખાડાઓ મોતનું ફાંદુ બની જાય છે.

## સુરતમાં સિટી બસની દાદાગીરી પાલનપોરમાં રોંગ સાઈડ દોડી બસ, નાગરિકોમાં ભારે આક્રોશ

(એજન્સી) સુરત । તા. 07

ડાયમંડ સિટી સુરતમાં અત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ અને અન્ય નિયમોના નામે કડક ડ્રાઈવ ચલાવી સામાન્ય જનતા પાસેથી લાખો રૂપિયાનો દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જોકે, આ કાયદો માત્ર સામાન્ય નાગરિકો માટે જ હોય તેમ લાગી રહ્યું છે. આજે સવારે સુરતના પાલનપોર વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની સિટી બસે ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઉડાવ્યા હતા. રોંગ સાઈડમાં પુરઝડપે દોડતી બસને કારણે માર્ગ પર પસાર થતા નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાઈ ગયા હતા, જેનાથી સુરતમાં સિટી બસની દાદાગીરી ફરી એકવાર સામે આવી છે. આજે ૭મી મેના રોજ સવારે ૮:૩૦ વાગ્યે પાલ-સુડા આવાસ ગલીમાંથી એક સિટી બસ અચાનક બહાર નીકળી હતી અને પાલનપોર તરફ જતા નવા બનેલા સીસી રોડ પર રોંગ સાઈડમાં દોડવા લાગી હતી. સામેથી નિયમ મુજબ આવતા બાઈક સવારો અને અન્ય વાહનચાલકો આ જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. અચાનક સામે આવેલી મહાકાય બસથી બચવા માટે વાહનચાલકોએ ઈમરજન્સી બ્રેક મારી વાહનો સાઈડમાં લેવા પડ્યા હતા.





## ઉદલપુરમાં નવા બ્રિજ સામે વિરોધ વેપારીઓની આત્મવિલોપનની ચીમકી, દુકાનદારોની આત્મવિલોપનની ચીમકીથી તંત્ર દોડતું થયું

(એજન્સી) વડોદરા । તા. 07

વડોદરા શહેરની હદ નજીક આવેલા ઉદલપુર ગામ ખાતે નવા બની રહેલા બ્રિજની ડિઝાઈન અને દિશાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. સ્થાનિક દુકાનદારો અને ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે નવો બ્રિજ તેની મૂળ જગ્યાને બદલે ખોટી દિશામાં બનાવવામાં આવી રહ્યો છે. આ મામલે વેપારીઓએ ઉગ્ર વિરોધ નોંધાવીને ચીમકી આપી છે કે જો બ્રિજને મૂળ સ્થાને જ બનાવવામાં નહીં આવે તો તેઓ સામૂહિક આત્મવિલોપન કરશે. આ અકળામણને પગલે વિસ્તારમાં તંગદિલી સર્જાઈ છે. ઉદલપુર ગામના અસરગ્રસ્ત દુકાનદારોનું કહેવું છે કે જો બ્રિજની દિશા બદલવામાં આવશે, તો વર્ષોથી ચાલતા તેમના ધંધા-રોજગાર સંપૂર્ણપણે પડી ભાંગશે. નવો બ્રિજ અન્યત્ર બનવાથી ગ્રાહકોની અવરજવર બંધ થઈ જશે, જેના કારણે સેંકડો પરિવારોની આજીવિકા પર જોખમ તોળાઈ રહ્યું છે. વેપારીઓએ જણાવ્યું હતું કે જો બ્રિજની નવી જગ્યા પાસે નવું કોમ્પ્લેક્સ બને, તો ત્યાં મોંઘી કિંમતે દુકાનો ખરીદવી તેમના માટે અશક્ય છે. ગઈકાલે મોટી સંખ્યામાં એકઠા થયેલા સ્થાનિકો અને વેપારીઓએ બ્રિજ નિર્માણની જગ્યાએ પહોંચીને સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમની એક જ માંગ છે કે વિકાસના નામે કોઈની રોજીરોટી છીનવી ન જોઈએ અને બ્રિજ અગાઉ જ્યાં હતો ત્યાં જ નવો બનાવવો જોઈએ. વેપારીઓએ મક્કમતાથી જણાવ્યું કે વહીવટી તંત્ર દ્વારા તેમની રજૂઆતો ધ્યાને લેવામાં ન આવતા તેઓ આત્મવિલોપન જેવા અંતિમ પગલાં ભરવા માટે પણ તૈયાર છે.

## વડોદરામાં દારૂની મહેફિલ પર દરોડો હરણીમાં નશામાં ચૂર ચાર મિત્રો ઝડપાયા



વડોદરા | સંસ્કારી નગરી વડોદરામાં પ્રતિબંધિત નશાના કારોબાર અને મિજબાનીઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના હરણી વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત સોસાયટીના મકાનમાં છૂપી રીતે ચાલી રહેલી દારૂની મહેફિલ પર પોલીસે અચાનક દરોડો પાડીને ચાર મિત્રોને નશાની હાલતમાં ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, હરણી પાણીની ટાંકી પાસે આવેલી સાઈન સોસાયટીના એક મકાનમાં કેટલાક શખ્સો એકત્ર થઈને દારૂ પી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે મકાન પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન મકાનની અંદર ચાર શખ્સો દારૂના નશામાં ચૂર હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી નશાની હાલતમાં પકડાયેલા તમામની ધરપકડ કરી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે આરોપીઓના બ્લડ સેમ્પલ લેવાની તજવીજ હાથ ધરી છે જેથી નશાની પુષ્ટિ થઈ શકે.

## કેરીના પાકને ભારે નુકસાન થતા ધરતીપુત્રોના જીવ તાળવે ચોંટ્યા

# ઊના ગીરગઢડા કમોસમી વરસાદ મિનિ વાવાઝોડાએ મચાવી તબાહી



(એજન્સી) ઊના । તા. 07

ગીર સોમનાથ જિલ્લાના ઊના અને ગીરગઢડા પંથકમાં કુદરત જાણે રૂઠી હોય તેમ ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. 'ઊના ગીરગઢડા કમોસમી વરસાદ'ને કારણે સમગ્ર પંથકમાં જનજીવન પ્રભાવિત થયું છે. સતત બીજા દિવસે બપોર પછી વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને મિનિ વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ભારે પવન અને ગાજવીજ સાથે આવેલા આ વરસાદે માર્ગો પર નદીઓ વહેતી કરી દીધી હતી, તો બીજી તરફ ખેડૂતો માટે આ માવઠું આફત બનીને ત્રાટક્યું છે.

### ભારે પવન અને વીજળીનો કહેર

બપોરે ૩ વાગ્યા પછી શરૂ થયેલા 'મિનિ વાવાઝોડા સાથે વરસાદ'ને કારણે અનેક ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની પવન ફૂંકાયો હતો. આ પવનની ગતિ એટલી તીવ્ર હતી કે અનેક જગ્યાએ વિશાળકાય વૃક્ષો ધરાશાયી થયા હતા. કુદરતી પ્રકોપની અસર વીજ પુરવઠા પર પણ જોવા મળી હતી. ધોકડવા ગામના બાયપાસ પાસે આવેલા ટ્રાન્સફોર્મર પર વીજળી પડતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ ગયો હતો. ઊના શહેરમાં પણ એક કલાક સુધી વીજળી ગુલ રહેતા લોકો પરેશાન થયા હતા. દક્ષિણ-પશ્ચિમ તરફથી આવતા ભેજવાળા પવનો આ કમોસમી વરસાદનું મુખ્ય કારણ હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે.

### કેરી અને રવિ પાકને ફટકો

આ કમોસમી વરસાદની સૌથી વધુ માઠી અસર ગીરની પ્રખ્યાત કેસર કેરી પર જોવા મળી છે. 'કેરીના પાકને ભારે નુકસાન'ના અહેવાલો મુજબ, તોફાની પવનને કારણે આંબાના ઝાડ પરથી મોટી માત્રામાં કેરીઓ ખરી પડી છે. જે કેરી પાકવાના આરે હતી તે જમીનદોસ્ત થઈ જતા બાગાયતી ખેડૂતો પાયમાલ થવાની ભીતિ સેવાઈ રહી છે. માત્ર કેરી જ નહીં, પણ ખેતરોમાં ઉભેલા તલ અને માંડવી (મગફળી) ના પાકને પણ આ વરસાદથી મોટું નુકસાન થવાની શક્યતા છે. ખેડૂતોના હાથમાં આવેલો કોળિયો કુદરતે છીનવી લેતા ગ્રામીણ અર્થતંત્ર પર તેની માઠી અસર જોવા મળશે.

ગીરગઢડા તાલુકાના વાજડી, ધોકડવા, બેડિયા, મોતીસર, હરમડિયા, પીછવી, એભલવડ, બાબરીયા, થોરડી અને નાના-મોટા સમઢીયાળા સહિતના ગામોમાં મેઘરાજાએ જોરદાર બેટિંગ કરી હતી. અંદાજે એક કલાક સુધી સતત વરસેલા વરસાદને કારણે ગામડાના રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. ગઈકાલે તુલસીશ્યામ પંથકમાં વરસાદ પડ્યા બાદ આજે પણ મેઘરાજાએ વિરામ ન લેતા લોકોમાં કુતૂહલ સાથે ચિંતા વ્યાપી છે. માર્ચ અને એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમીની અપેક્ષા હોય ત્યારે મે મહિનામાં આ પ્રકારનું માવઠું ખેતીવાડી માટે ઘાતક સાબિત થાય છે. ખેડૂતો જણાવી રહ્યા છે કે જો હજુ પણ વરસાદી માહોલ જારી રહેશે તો જમીનમાં રહેલો ભેજ પાકને કોહવડાવી શકે છે.

## બિહાર જેલમાં માસ્ટરપ્લાન ઘડી સુરતમાં બેંકને બનાવી ટાર્ગેટ, કુખ્યાત કુંદન ભગતની ધરપકડ કરવા સુરત પોલીસ બિહાર રવાના

# સુરત SBI બેંક લૂંટ બિહાર જેલમાં ઘડાયું હતું ષડયંત્ર

(એજન્સી)સુરત । તા. 07

ડાયમંડ સિટી સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ની શાખામાં થયેલી રૂ. ૫૨ લાખની સનસનીખેજ લૂંટના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. 'સુરત એસબીઆઈ બેંક લૂંટ' ના આ કેસના તાર છેક બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉર સુધી જોડાયેલા હોવાનું બહાર આવ્યું છે. આ લૂંટનો માસ્ટરમાઈન્ડ અન્ય કોઈ નહીં પણ જેલમાં બંધ કુખ્યાત અપરાધી કુંદન કુમાર ઉર્ફે કુંદન ભગત હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. કુંદને જેલમાં રહીને જ ખાસ મોબાઈલ એપના માધ્યમથી પોતાના સાગરીતો સાથે સંપર્ક કરી આ આખી લૂંટનું પ્લાનિંગ કર્યું હતું.

દેહરાદૂનમાં થયેલી ૧૨ કરોડની જ્વેલરી લૂંટનો મુખ્ય આરોપી કુંદન ભગત હાલ બિહારની જેલમાં સજા કાપી રહ્યો છે. જોકે, જેલના સળિયા પણ તેને ગુનાખોરી કરતા રોકી શક્યા નથી. કુંદન જેલમાં રહીને એક ખાસ સિક્રેટ એપનો ઉપયોગ કરતો હતો, જેના દ્વારા તે બહાર રહેલા તેના ગેંગના સભ્યોને ઓપરેશનલ સૂચનાઓ આપતો હતો. આ લૂંટને અંજામ આપવા માટે તેણે ઉત્તરપ્રદેશના સાગરીતોનો ઉપયોગ કર્યો હતો. હાલમાં સુરત પોલીસની એક વિશેષ ટીમ કુંદન ભગતના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવા માટે બિહાર રવાના થઈ છે. લૂંટારૂઓએ સુરતમાં લૂંટ



કરવા માટે સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના સમયગાળાની પસંદગી કરી હતી. 'બિહાર જેલમાં માસ્ટરપ્લાન' ઘડતી વખતે કુંદન ભગતને ખબર હતી કે ચૂંટણી દરમિયાન પોલીસ કાફલો બંદોબસ્તમાં વ્યસ્ત હશે, જેનો લાભ ઉઠાવીને આસાનીથી ભાગી શકાશે. લૂંટારૂઓએ સુરતની અંદાજે ૧૦ જેટલી બેંકોની રેકી કરી હતી, જેમાં વરાછાની આ બ્રાન્ચ મેટ્રોની કામગીરીને કારણે ઓછી ભીડભાડ વાળી જણાતા તેને ટાર્ગેટ કરવામાં આવી હતી.

### ઉત્તરપ્રદેશથી બે આરોપીઓ ઝડપાયા

સુરત ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ તેજ કરી હતી. જેમાં સફળતા મળતા ઉત્તરપ્રદેશના અયોધ્યા અને ગોંડા વિસ્તારમાંથી બે મુખ્ય આરોપીઓ શુભમ કુમાર ઠાકુર અને વિકાસ સિંહની ધરપકડ કરવામાં આવી છે. આ બંને આરોપીઓને સુરત લાવવામાં આવ્યા છે અને તેમની પૂછપરછમાં લૂંટના આંતરરાજ્ય કનેક્શનની વિગતો બહાર આવી છે.

### સમગ્ર ઘટનાક્રમ પર એક નજર

ઘટનાની વિગત મુજબ, ૨૭મી એપ્રિલના રોજ બપોરે બે વાગ્યાના સુમારે પાંચ લૂંટારૂઓ બેંકમાં ઘૂસી આવ્યા હતા. હિન્દી ભાષામાં વાત કરતા આ શખસોએ પિસ્તોલ બતાવીને બેંક સ્ટાફ અને ગ્રાહકોને બાનમાં લીધા હતા. તેમણે કેશિયર પાસેથી ૧૨ લાખ રૂપિયા લૂંટ્યા હતા. તે જ સમયે બેંકમાં રોકડ જમા કરાવવા આવેલી વેનના કર્મચારીઓને પણ બંધક બનાવી તેમાંથી વધારાના ૪૦ લાખ રૂપિયાની લૂંટ કરી હતી. લૂંટારૂઓ કુલ ૫૨ લાખ રૂપિયા અને સ્ટાફના મોબાઈલ ફોન લઈને ફરાર થઈ ગયા હતા.

## વિદ્યાર્થીઓની ધરપકડ અને રિમાન્ડ લેવામાં આવ્યા છે હવે

# વડોદરામાં ડુપ્લિકેટ નોટનું કૌભાંડ રીલ્સ જોઈને વિદ્યાર્થીઓ બન્યા ગુનેગાર

(એજન્સી)વડોદરા । તા. 07

સંસ્કારી નગરી વડોદરામાં ઉચ્ચ અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓ ટૂંકા રસ્તે શ્રીમંત બનવાની લાલચમાં ગુનાખોરીના રસ્તે ચડી ગયા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરા એસઓજી (SOG) એ ડુપ્લિકેટ ચલણી નોટોના રેકેટનો પર્દાફાશ કરીને કુલ છ શખ્સોની ધરપકડ કરી છે, જેમાંથી ચાર ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છે. આ સમગ્ર કૌભાંડનું મૂળ સોશિયલ મીડિયાની રીલ્સમાં છુપાયેલું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે તમામ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

મોરબીનો વતની ધનુષ પ્રકાશ હેલ્લીકરી, જે કોલેજમાં એડમિશનની તૈયારી કરી રહ્યો હતો, તેને રાતોરાત લખપતિ બનવું હતું. તાજેતરમાં સુરતના યોગગુરુ પ્રદીપ જોટાંગિયાના નોટ કાંડની રીલ્સ જોઈને ધનુષે ડુપ્લિકેટ નોટોનો વેપલો કરવાનું નક્કી કર્યું હતું. તેણે રાજસ્થાનના તેના મિત્ર મનોહર ઉર્ફે મુન્નાનો સંપર્ક સાધ્યો અને અસલી ૫૦ હજારની સામે ૧ લાખની ડુપ્લિકેટ નોટો મેળવી હતી. આ નોટો તેણે તેના એમબીએ (MBA) અને બીબીએ (BBA) નો અભ્યાસ કરતા મિત્રોને પધરાવી હતી.

આ કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે વલસાડના વિદ્યાર્થી સાગર મારુએ વાઘોડિયા રોડની એચડીએફસી (HDFC) બેંકમાં ૫૦૦ના દરની ૨૦ ડુપ્લિકેટ નોટો જમા કરાવી હતી. સાગરે થાપણ સ્લીપમાં પોતાનું નામ અને નંબર લખવાની ભૂલ કરતા પોલીસ તેના સુધી પહોંચી ગઈ હતી. પકડાયેલા વિદ્યાર્થીઓમાં ભાવેશ શર્મા, તીર્થ લીખીયા અને નિસર્ગ પટેલ તેમજ સાગર મારુ (વલસાડ કોલેજ) નો સમાવેશ થાય છે. પોલીસે રાજસ્થાનના અક્ષય ગોયલની પણ ધરપકડ કરી છે, જેણે આ નોટો પૂરી પાડી હતી. મીડિયા અહેવાલ મુજબ, એસઓજી હવે એ તપાસ કરી રહી છે કે આ વિદ્યાર્થીઓએ અગાઉ કેટલી વખત આવી ખેપ મારી છે અને શહેરના અન્ય કયા વિસ્તારોમાં આ નોટો વટાવવામાં આવી છે.

## ગુજરાત ગેસ પાઈપલાઈનમાં ગાબડું પાડી ચોરી કરવાનું જોખમી કૃત્ય

# શાપરમાં લાખોની ગેસ ચોરી પકડાઈ રૂ. 44 લાખના કૌભાંડમાં 3 ઝડપાયા

(એજન્સી)રાજકોટ । તા. 07

રાજકોટ નજીક આવેલી ઔદ્યોગિક વસાહત શાપરમાં ગુજરાત ગેસની મુખ્ય પાઈપલાઈનમાં ગેરકાયદે હોલ કરી લાખો રૂપિયાના ગેસની ચોરી કરવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું છે. ઈટર્નલ ફૂડ પ્રોડક્ટ નામના કારખાનામાં તપાસ દરમિયાન અંદાજે રૂ. 44.52 લાખની ગેસ ચોરી સામે આવતા પોલીસે ત્રણ સંચાલકોની ધરપકડ કરી છે. શાપર વિસ્તારમાં છેલ્લા છ મહિનામાં ગેસ ચોરીનો આ બીજો ગુનો નોંધાયા હોવાથી પોલીસ અને ગેસ કંપની હરકતમાં આવી છે. ગુજરાત ગેસ કંપનીના એન્જિનિયર ભાવસિંહ ડોડીયા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, કંપની દ્વારા ઔદ્યોગિક હેતુ માટે અનેક ગ્રાહકોને કનેક્શન આપવામાં આવ્યા છે. તાજેતરમાં ઈટર્નલ ફૂડ પ્રોડક્ટના યુનિટમાં ચકાસણી કરવામાં આવતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આરોપીઓએ વર્ષ 2023માં કાયદેસરનું કનેક્શન લીધા બાદ, મુખ્ય પાઈપલાઈનમાં હોલ પાડી વધારાનું ગેરકાયદે કનેક્શન મેળવ્યું હતું. આ રીતે આરોપીઓએ કુલ રૂ. 44.52 લાખનો ગેસ ચોર્યો હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

પોલીસે આ મામલે કારખાનાના સંચાલકો દિપેન વિઠ્ઠલભાઈ ઠુમ્મર, પરેશ લાખાભાઈ ઠુમ્મર અને કાજલબેન દીપકભાઈ મેઘનાથી વિરુદ્ધ ગુનો નોંધીને તેમની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ત્રણેય આરોપીઓની પૂછપરછ બાદ તેમને જેલહવાલે કરવામાં આવ્યા છે. આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ આર્થિક ફાયદા માટે લાંબા સમયથી ગેરકાયદે ગેસ વાપરી રહ્યા હતા. ગેસની મુખ્ય પાઈપલાઈન હાઈ-પ્રેશર ધરાવતી હોય છે. તેમાં ગેરકાયદે હોલ પાડવાથી ગમે ત્યારે મોટો બ્લાસ્ટ થવાનું કે આગ લાગવાનું જોખમ રહેલું હતું. આરોપીઓ જાણી જોઈને લોકોના જીવ જોખમમાં મૂકી ગેસ ચોરી કરી રહ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગુજરાત ગેસ હવે અન્ય કનેક્શનમાં પણ આ પ્રકારની ગેરરીતિ થાય છે કે કેમ તેની ઊંડી તપાસ કરી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશો તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે.

**વૃષભ : બ. વ. ઉ.**

માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

**મિથુન : ક. છ. ઘ.**

બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કર્ક : ડ. હ.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે.

**સિંહ : મ. ટ.**

સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે.

**તુલા : ર. ત.**

નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે-નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે.

**મકર : ખ. જ.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો.

**મીન : દ.ચ. ઝ. થ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.

# સત્યનો વિજય: ભ્રષ્ટાચાર ઉજાગર કરનાર આશિષ લાલકિયા પરનો 'પાસા' ગુજરાત હાઈકોર્ટે રદ કર્યો

વિજય રાઠોડ | ઉપલેટા

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વચ્છાણીની ખંડપીઠે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. લાખો-કરોડોના કૌભાંડો ઉજાગર કરનાર અને વર્ષોથી તટસ્થ રીતે મીડિયા પ્રતિનિધિ તરીકે કામ કરતા અને હંમેશા સત્યના માર્ગે ચાલીને હકીકત લોકો સમક્ષ મૂકનાર આશિષ લાલકિયા સામેનો પાસા (પ્રિવેન્શન ઓફ એન્ટી-સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ) હેઠળનો અટકાયત આદેશ હાઈકોર્ટે રદબાતલ કર્યો છે. સરકારી એટલે કે પબ્લિક માટે વાપરવામાં આવતા નાણાંઓ ખોટો ઉપયોગ કરીને લાખો અને કરોડો રૂપિયાઓ કૌભાંડ આચરનારાઓની હકીકતો સતત મીડિયામાં ઉજાગર કરનાર અને પુરાવાઓ સાથે ફરિયાદ કરનાર આશિષ લાલકિયા વિરૂદ્ધ ગત તારીખ ૨૬/૦૪/૨૦૨૬ ના રોજ અટકાયતનો આદેશ પસાર કરીને તેમને ભુજ ખાતેની પાલારા ખાસ જેલમાં ધકેલી દીધા હતા જેની સામે હાઈકોર્ટના અસરકારક હુકમ બાદ તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ખંડણીની ખોટી ફરિયાદ બાદ તુરંત ઉપલેટાના એડવોકેટ જીગ્નેશ ચંદ્રવાડીયાની ભારે મહેનતથી, સૂઝબૂઝથી ઉપલેટા કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. જેનાથી ખોટી હેરાનગતિ કરનાર અને કાવતરાખોરોને અતિભારે ઝાટકો લાગ્યો હતો ત્યારે હવે ફરી એકવાર ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાથી સત્યનો અવાજ દબાવવા માંગતા ષડયંત્રકારીઓને વધુ એક ખૂબ જ મોટો અને કારમો ફટકો પડ્યો છે.ગુજરાત હાઈકોર્ટના ટૂંક સમયમાં જ આવેલ હુકમ બાદ આશિષ લાલકિયા અને તેમની તરફેણમાં રોકાયેલ એડવોકેટ વિશ્વરાજસિંહ વાઘેલાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'સત્ય પરેશાન છે પણ પરાજિત નથી.' તેવું જણાવ્યું છે અને પબ્લિક માટેના નાણાંનો બગાડ કરનાર અને ભ્રષ્ટાચાર આચરી કૌભાંડો ઉજાગર કરનારને જો આવી જ રીતે દબાવવા માટે કાવતરું ઘડીને જ આ 'કાઉન્ટર બ્લાસ્ટ' કરવા આવશે તો નાગરિકોના હક, અધિકારો ખુલ્લુ હનન કરવાની હેરાનગતિથી ગ્રસ્ત થઈને નાગરિકો હાઈકોર્ટના કે સુપ્રીમ કોર્ટના દરવાજાઓ ખખડાવવા માટે ચોક્કસપણે તૈયારી દર્શાવી શકે છે.ટૂંક સમયમાં જ આ હુકમ મેળવીને આશિષ લાલકિયાનો છુટકારો થતાં, હવે તેમની સામે ખોટી કાર્યવાહી કરનાર અને કાવતરા કરનાર લોકો સામે કાનૂની લડત લડવા માટે તેમના સમર્થકો અને પ્રબુદ્ધ નાગરિકો જાહેરમાં સમર્થન માટે ઉતરવા સંપૂર્ણ રીતે તૈયાર હોવાની ભારે ચર્ચા જાગી છે. આશિષ લાલકિયાને 'જાતીય ગુનેગાર' ગણાવીને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ત્યારે આ બાબતમાં હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે અટકાયત સત્તામંડળ પાસે એ દર્શાવવા માટે કોઈ જ આધાર ન હતો કે તેમની પ્રવૃત્તિઓથી જાહેર આરોગ્ય કે જાહેર વ્યવસ્થા કોઈપણ રીતે ખોરવાઈ હોય. આ આદેશ યાંત્રિક રીતે પસાર કરવામાં આવ્યો હોવાની રજૂઆત થઈ હતી. હાઈકોર્ટે પણ નોંધ્યું કે માત્ર એક જ ફોજદારી કેસના આધારે અટકાયત કરી શકાય નહીં અને આવા ગુનાઓનો જાહેર વ્યવસ્થાની જાળવણી સાથે કોઈ સંબંધ નથી. રેકોર્ડ પરની સામગ્રી અપૂરતી જણાતા હાઈકોર્ટે ૨૬/૦૪/૨૦૨૬ નો અટકાયતનો આદેશ ગેરકાયદેસર ગણીને રદ કર્યો છે.

# મીની વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ,ખેડૂતોમાં ચિંતા,ઉભા પાકો ને ભારે નુકસાની



## ગિરિમથક સાપુતારામાં કમોસમી વરસાદથી ઠંડક, પ્રવાસીઓમાં અનેરો ઉત્સાહ..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ભરઉનાળાની ઋતુમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક ગામડાઓમાં મીની વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો.વીજળીના કડાકા-ભડાકા સાથે તૂટી પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ખાસ કરીને ખેડૂતોનાં આંબા, ફળફળાદી તેમજ શાકભાજીના પાકોને ભારે નુકસાન પહોંચ્યાની માહિતી મળી રહી છે.ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા સહિત બોરખલ, શામગહાન, ગલકુંડ, ડોન, ચીંચલી, ગડદ અને આહવા સહિતના સરહદી ગામોમાં વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાતા માર્ગો પર પાણીની રેલમછેલ જોવા મળી હતી.ઉનાળાની ઋતુ દરમિયાન જિલ્લામાં ચોમાસા જેવો માહોલ સર્જાતા સ્થાનિકોમાં આશ્ચર્ય ફેલાયું હતુ.કમોસમી વરસાદ બાદ ગિરિમથક સાપુતારાનું વાતાવરણ વધુ આહલાદક બન્યું હતુ.ઉનાળાની રજાઓ માણવા આવેલા પ્રવાસીઓએ ઠંડક અને વરસાદી માહોલનો આનંદ માણી નવી તાજગીનો અનુભવ કર્યો હતો. સાપુતારામાં હવામાન ખુશનુમા બનતા વિવિધ પ્રવાસન સ્થળોએ પણ ચહલપહલમાં વધારો નોંધાયો હતો.જો કે બીજી તરફ વરસાદ અને પવનના કારણે ખેડૂતોને પાક નુકસાનનો સામનો કરવો પડતા ખેતી આધારિત પરિવારોમાં ચિંતા વ્યાપી છે.હાલમાં ડાંગનાં ખેડૂતો દ્વારા નુકસાનનું તાત્કાલિક સર્વેક્ષણ કરી યોગ્ય વળતર અને સહાય આપવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# ૮મી મેં એટલે થેલેસેમીયા ડે, જૂનાગઢની સેવાભાવી સંસ્થા માતુશ્રી મણીબેન લા. દવે નૂતન અભિગમ ટ્રસ્ટની થેલેસેમીયા અંગેની જાગૃતિ લાવવાની યાદગાર કામગીરી

જૂનાગઢ : ૧૯૯૪માં જૂનાગઢમાં માતુશ્રી મણીબેન લાભશંકર દવે એ અવસાન પછીના કુરીવાજો દુર કરવાની જાહેરાત કરતાં અનંત ધર્માલય ખાતે હવેલીના મહારાજશ્રી કિશોરચંદ્ર બાવાશ્રી તથા પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, પ્રો.કે.વી.ઓઝા, અને ઉધોગપતિ વી.એ.ઓઝા ની ઉપસ્થિતિમાં સમાજની હાજરીમા મણીબેનના પુત્રો દ્વારા માતુશ્રી મણીબેનની રોપ્ય તુલા કરવામાં આવી તેમાં ઘટતાં રૂપિયા ઉમેરી રૂ.૫૧૦૦૦/- નું દાન માતુશ્રી મણીબેન લાભશંકર દવે નૂતન અભિગમ ટ્રસ્ટના ખજાનચી પ્રસિદ્ધ કવિશ્રી મનોજ ખંડેરિયા ને અર્પણ કરવામાં આવ્યું. આ ટ્રસ્ટમા પ્રમુખશ્રી શશીકાંતભાઈ દવે, ઉપપ્રમુખશ્રી ડો.જી.કે.ગજેરા, મંત્રીશ્રી નરેન્દ્ર દવે અને ખજાનચી શ્રી મનોજભાઈ ખંડેરિયા તથા ટ્રસ્ટી તરીકે સમાજના અગ્રણીઓમાં પૂર્વ કાનુન મંત્રીશ્રી દિવ્યકાન્તભાઈ નાણાવટી, રીલાયન્સ ગૃપના શ્રી રમણીકભાઈ અંબાણી, ખ્યાતનામ ઓર્થોપેડીક સર્જન ડો.જે.સી. એન.જોષીપુરા, ડબલ્યુ એચ.ઓ.સંસ્થાના ડો.યુ.કે.શેઠ, તથા અન્ય ટ્રસ્ટીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.આ ટ્રસ્ટ દ્વારા અભ્યાસ કરી સમાજમાં પ્રવર્તતા થેલેસેમીયા-મેજર નામક રોગને સમાજમાં પ્રસરતો અટકાવવા માટે જાગૃતી લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા જેમાં અનેક થેલેસેમીયા નિદાન કેમ્પો યોજ્યા, તજજ્ઞોના વ્યાખ્યાનો તથા જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં આ રોગ અંગે ના પોસ્ટરો તૈયાર કરી તે દ્વારા યુવાધનને સમજણ આપવાનું કાર્ય હાથ ધરવામાં આવેલ હતું. થેલેસેમીયાના બે પ્રકાર છે એક થેલેસેમીયા -માયનોર અને બીજો થેલેસેમીયા-મેજર, આમાંથી થેલેસેમીયા- માયનોર વ્યક્તિ સંપૂર્ણ તંદુરસ્ત હોય છે દા.ત. ફીલ્મ સ્ટાર મહાનાયક અમિતાભ બચ્ચન પોતે થેલેસેમીયા-માયનોર વાહક છે જ્યારે શ્રીમતી જ્યા બચ્ચન થેલેસેમીયા- માયનોર વાહક નથી આથી તેમના બાળકો તંદુરસ્ત છે, પરંતુ જ્યારે બે થેલેસેમીયા -માયનોર વાહકો અજાણતાથી લગ્નગ્રંથીથી જોડાય જાય છે ત્યારે તેમને ત્યાં થેલેસેમીયા - મેજર વાહક બાળક અવતરવાની શક્યતા રહે છે. આથી આ સંસ્થા દ્વારા ગુજરાતના જુદા જુદા શહેરોમાં અપરણિત યુવક- યુવતીઓના લોહી પરીક્ષણ કેમ્પ યોજી દરેકને સંસ્થા તરફથી સર્ટિફિકેટ આપવામાં આવતું જેમાં જે વ્યક્તિ થેલેસેમીયા-માયનોર વાહક કોઈ જણાય તો તેમને લગ્નગ્રંથિથી જોડાવા સમયે સાવધાની રાખવાની શીખ આપવામાં આવતી જેથી સમાજમાં ઘણી જાગૃતી આવી અને એવા સ્લોગન રજૂ કર્યા કે 'લગ્ન સમયે કુંડળી નહીં મેળવશો તો ચાલશે પણ જો થેલેસેમીયા સર્ટિફિકેટ નહિ મેળવો તો તે ચાલશે નહીં.' કારણકે જ્યારે બે થેલેસેમીયા-માઈનોર વાહક વ્યક્તિ અજાણતામાં લગ્નગ્રંથીથી જોડાય જાય છે ત્યારે તેમને ત્યાં થેલેસેમીયા- મેજર વાહક બાળક અવતરવાની શક્યતા રહે છે, જ્યારે થેલેસેમીયા-માયનોર વાહક વ્યક્તિ તંદુરસ્ત હોય છે પરંતુ થેલેસેમીયા-મેજર વાહક બાળકો તંદુરસ્ત નથી કારણકે તેમને શરીરમાં લોહીની ઊણપ હોય છે આથી જન્મતાની સાથે તેમને દર પંદર થી વીસ દિવસે અન્યનું લોહી ચડાવવું પડે છે, ઉપરાંતમાં તેમનું આયુષ્ય અલ્પ હોય છે, તેમની સારવાર બહુ ખર્ચાળ હોય છે, લોહી ચડાવવા માટે તેમના વાલીઓને બહું જ હેરાન પરેશાન થવુ પડતું હોય છે , આ મુશ્કેલી જોઈ આવા બાળકોના વાલીઓને એસ.ટી.બસ તથા રેલવેમાં મુસાફરી માટે જરુરીયાતમંદ વાલીઓને આ સંસ્થા તરફથી રાહત પણ આપવામાં આવતી હતી, ત્યારબાદ આ સંસ્થા તરફથી એસ. ટી.વિભાગ તથા રેલ્વે તંત્રને રજુઆત કરવામાં આવી કે થેલેસેમીયા મેજર વાહક બાળકોના વાલીઓને મુસાફરીમા રાહત આપો. તથા સરકારશ્રીમા રજુઆત કરતાં હવે દરેક કોલેજમાં થેલેસેમીયા ની ચકાસણી કરાવવામાં આવે છે જેથી સમાજમાં ઘણી જાગૃતી આવી છે. આ સંસ્થાની કામગીરીની સાદર નોંધ લઈ ગુજરાત રાજ્યના સ્થાપના દિન ૧લી મેં ૧૯૯૭ ના રોજ માનનીય રાજ્યપાલશ્રીએ ગાંધીનગર ખાતે એક સમારંભમાં સંસ્થાના પ્રમુખશ્રી શશીકાંતભાઈ દવે ને બોલાવી તેમને એવોર્ડ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, તે જ સમયે માનનીય મુખ્યમંત્રીશ્રીએ માતુશ્રી મણીબેન લાભશંકર દવે ને સ્ટેજ ઉપર બોલાવી તેમનુ ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું જે સંસ્થા માટે ગૌરવની ક્ષણ હતી.સંસ્થાના પ્રમુખશ્રી શશીકાંતભાઈ દવે ની ઉમર ૯૦ આસપાસ થતાં તેમણે આ સંસ્થા સંકેલી લીધી અને તેમાં જમા રહેલી રકમ પૈકી રૂ.૨૦૦૦૦૦/-બે લાખ આ સંસ્થાનાં ઉપપ્રમુખશ્રી અને આ સંસ્થા દ્વારા યોજાતા કેમ્પોમાં મહત્વનું પ્રદાન આપનાર ડો જી. કે ગજેરા ની નવજીવન બ્લડ બેંક, ગજેરા પેથો. લેબોરેટરી ને આપવામાં આવ્યા જેના વ્યાજમાંથી અપરણિત વ્યક્તિઓના લોહી પરીક્ષણ કરી આપવા તથા વ્યાખ્યાન ગોઠવવા, કેમ્પ યોજવા જેનો હેતુ એ છે કે આ સંસ્થાનું કાર્ય અવિરત ચાલુ રહે, તેમજ રૂ.૧૦૦૦૦૦/- એક લાખ જુનાગઢની હાટકેશ હોસ્પિટલમાં શરતી દાન આપ્યું કે, આ રકમના વ્યાજ માંથી દર વર્ષે '૮મી મેં થેલેસેમીયા ડે' નિમિત્તે અપરણિત વ્યક્તિના નિ: શુલ્ક લોહીના ટેસ્ટ દ્વારા થેલેસેમીયા માયનોર ની ચકાસણી કરી આપી થેલેસેમીયા -ડે ઉજવણી કરવી આમ આ રીતે આ સંસ્થા જીવંત રહ્યાનો અહેસાસ થાય છે તેમ સંસ્થાના ટ્રસ્ટી/ મંત્રીશ્રી નરેન્દ્ર દવે એ એક યાદીમાં જણાવ્યું છે.

# રાજપીપલાના ધારાસભ્યએ નવો ચીલો ચાતર્યો, રાજ્યમાં જિલ્લો પ્રથમ ક્રમાંકે આવતા DEO નું સન્માન કર્યું



સત્યાવલમ્બ બારોટ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધો -10 ની પરીક્ષા ના પરિણામ માં નર્મદા જિલ્લો રાજ્ય માં પ્રથમ ક્રમાંકે આવતા રાજપીપલા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે DEO કચેરીએ જઈ જિલ્લા શિક્ષણાધિકારી ને પુષ્પગુચ્છ આપી સન્માન કરી અભિનંદન આપ્યા હતા . પ્રાપ્ત માહિતી મુજબ આજકાલ બ્યુરોક્રેટ્સ ની સારી કામગીરી નો શ્રેય નેતાઓ લેતા હોય છે અને સન્માન મેળવે છે . પરંતુ રાજપીપલા ના ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે. નવી પરંપરા સ્થાપિત કરી છે . અને નવો ચીલો ચાતરી નર્મદા જિલ્લો જે બોર્ડ પરીક્ષા માં છેલ્લા ક્રમાંકે આવતો હતો પણ આ વર્ષે સમગ્ર રાજ્ય માં નર્મદા જિલ્લો પ્રથમ આવતા જિલ્લા ને આ ગૌરવ અપાવવા બદલ ધારાસભ્ય એ DEO કચેરીએ જઈ જિલ્લા શિક્ષણાધિકારી ડો. કિરણબેન પટેલ ને પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યું હતું . આ પ્રસંગે ડો. દર્શના એ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લો શિક્ષણ માં પછાત છે એ છાપ આજે દૂર થઈ છે આજે જિલ્લાના ગૌરવ માં વધારો થયો છે અને શિક્ષણ ગુણવત્તા સુધારતા નર્મદા જિલ્લા ના આદિવાસી વિદ્યાર્થીઓ શહેરી વિદ્યાર્થીઓ ની સાથે સ્પર્ધા માં ઉભા રહી શકશે . DEO ડો. કિરણબેન પટેલે આ સફળતાનો યશ શિક્ષકો ને આપ્યો હતો .

## કચ્છમાં ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત

# ક્રિક વિસ્તારમાંથી ચરસના બિનવારસી 10 પેકેટ મળ્યા

(એજન્સી) કચ્છ | તા 07

કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર ચરસના બિનવારસી પેકેટ મળી આવ્યા છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF) દ્વારા ક્રિક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગુપ્ત માહિતીના આધારે 10 ચરસના પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, BSFની 176 બટાલિયન કચ્છના દરિયાકાંઠે નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી. તે સમયે ગુપ્તચર એજન્સીઓ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે ક્રિક વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં આ ચરસના પેકેટ મળી આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો જિલ્લો હોવાથી કચ્છમાં દેશવિરોધી ગતિવિધિઓનો ખતરો હંમેશા રહે છે. ચરસના પેકેટ મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓએ સમગ્ર દરિયાઈ વિસ્તારમાં



સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે અને પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, છેલ્લા એક અઠવાડિયામાં કચ્છના દરિયાઈ વિસ્તારમાંથી 40થી વધુ ડ્રગ્સના પેકેટ મળી આવ્યા છે. ડ્રગ્સ મળવાનો આ સિલસિલો કચ્છ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે, જેને પગલે સુરક્ષા દળો સતત નજર રાખી રહ્યા છે.

## ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણને માનદ ડોક્ટરેટ પદવી એનાયત

# LNCT યુનિવર્સિટીએ રાષ્ટ્રસેવા બદલ સન્માનિત કર્યા

(એજન્સી) નડિયાદ | તા 07

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણને ભોપાલ સ્થિત એલએનસીટી યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી છે. યુનિવર્સિટીના પાંચમા દીક્ષાંત સમારોહમાં મધ્ય પ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલના હસ્તે તેમને આ સન્માન મળ્યું હતું.

રાષ્ટ્રસેવામાં તેમના સમર્પિત જીવન, વહીવટી કુશળતા અને સામાજિક યોગદાનને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીએ તેમને આ પદવીથી સન્માનિત કર્યા છે.

આ સમારોહ 4 મે, 2026ના રોજ ભોપાલના રાયસેન રોડ પર આવેલા



યુનિવર્સિટી કેમ્પસના આર્યભટ્ટ ઓડિટોરિયમમાં યોજાયો હતો.

પોતાના સંબોધનમાં દેવુસિંહ ચૌહાણે આ માનદ ડિગ્રીને વ્યક્તિગત સન્માનને બદલે ખેડા સંસદીય વિસ્તારની જનતાનું સન્માન ગણાવ્યું હતું. તેમણે મતદારોનો આભાર વ્યક્ત કર્યો, જેમણે તેમને જનપ્રતિનિધિ તરીકે સેવા કરવાની તક આપી. તેમણે યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા કહ્યું કે ગુણવાન વ્યક્તિને સફળતા ચોક્કસ મળે છે.

દેવુસિંહ ચૌહાણ વર્ષ 2014થી સતત ત્રીજી વખત ખેડા વિસ્તારના સાંસદ તરીકે સેવા આપી રહ્યા છે. અગાઉ તેઓ 2007 અને 2012માં માતર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા હતા. કેન્દ્ર સરકારમાં સંચાર રાજ્યમંત્રી તરીકેની તેમની કામગીરી દરમિયાન ભારતમાં 5G નેટવર્કને કાર્યરત કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે.

આ સમારોહમાં રાજ્યસભાના સાંસદ રાજીવ શુક્લા, સાંસદ રવિકિશન, ફિલ્મ નિર્દેશક મુકેશ છાબરા અને સંજીવ અગ્રવાલ સહિત અન્ય મહાનુભાવોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ

# 53 ગામોની 6000 મહિલાઓનું નિઃશુલ્ક સ્ક્રિનિંગ કરાશે

(એજન્સી) પાટણ | તા 07

પાટણના બેતાલીસ લેઉવા પાટીદાર યુવા મંડળ અને મહિલા સંગઠન દ્વારા બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ કેમ્પ 2026નો પ્રારંભ થયો છે. મેનાબા રોટરી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ અને રણજીત ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત આ કેમ્પમાં સમાજના 53 ગામોની અંદાજે 6000 મહિલાઓનું નિઃશુલ્ક સ્ક્રિનિંગ કરવામાં આવશે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને ગાયનેકોલોજિસ્ટ ડો. નૈસર્ગી પટેલની ઉપસ્થિતિમાં આ અભિયાન શરૂ કરાયું હતું. કેમ્પના પ્રારંભ પ્રસંગે સમાજ પ્રમુખ સોહન પટેલ અને હાર્દિક પટેલ સહિતના આગેવાનો અને મહિલા કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પાંચ દિવસીય નિઃશુલ્ક તપાસ કેમ્પનો મુખ્ય હેતુ સ્તન કેન્સરનું વહેલું નિદાન કરીને બીમારી સામે રક્ષણ પૂરું પાડવાનો છે. પાટણ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને કેન્સર જાગૃતિ માટે આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સ્ક્રિનિંગ કેમ્પના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, 7 મે 2026ના રોજ અડીયા ખાતે સવારે 9 થી 12 અને ડોડીવાડા-શંખલપુર ખાતે બપોરે 2 થી 5 દરમિયાન તપાસ થશે. 8 મે 2026ના રોજ કુણઘેર અને બોરસણ ખાતે સવારના સત્રમાં તેમજ ખારીધારીયાલ ખાતે બપોરે 3 થી 5 વાગ્યા સુધી કેમ્પ કાર્યરત રહેશે. 9 મે 2026ના રોજ કલ્યાણા, સાતુસણા અને ભાન્ડુ ગામમાં નિષ્ણાત ડોક્ટરોની ટીમ સેવાઓ આપશે. દરેક ગામમાં સ્થાનિક કન્વીનરોની નિમણૂક કરવામાં આવી છે, જેમના માધ્યમથી મહિલાઓને તપાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. સમાજના યુવા અને મહિલા સંગઠનો દ્વારા આયોજિત આ અભિયાનમાં આધુનિક સાધનો દ્વારા સ્ક્રિનિંગની કામગીરી કરવામાં આવી રહી છે, જે સ્તન કેન્સર પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં મદદરૂપ થશે.

# નડિયાદમાં બપોરે 12 થી 4 વાગ્યા સુધી હવે ટ્રાફિક સિગ્નલ બંધ રખાશે

(એજન્સી) નડિયાદ | તા 07

નડિયાદ શહેરમાં વાણિયાવાડનું સર્કલ તોડી ત્યાં સુચારું રીતે ટ્રાફિકની અવરજવર થઈ શકે તે માટે ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. જોકે, બળબળતા તાપમાં વાહનચાલકોના હીતમાં ગત વર્ષે મહાનગરપાલિકા તંત્રએ પંડાલ બાંધીને સ્પ્રીંન્કલર લગાવ્યા હતા, પરંતુ આ ઉનાળામાં તેવી વ્યવસ્થા કરવામાં ન આવતાં વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડતી હોવાથી હવે બપોરના સમયે સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નડિયાદમાં વાણિયાવાડ ખાતે વર્ષ 2025 માં મહાનગરપાલિકા બન્યા બાદ પહેલાં જ ઉનાળામાં બળબળતા તાપમાં બપોરના સમયે સિગ્નલ પર ઉભા રહેતાં વાહનચાલકો માટે તંત્ર દ્વારા સફેદ પંડાલ બાંધીને તેમાં સુશોભિત છત્રીઓ અને સ્પ્રીન્કલર લગાવવામાં આવ્યા હતા. જેને કારણે ચાલકોને ગરમીથી થોડી રાહત મળતી હતી. જોકે, હવે આ વખતે ઉનાળો પૂર્ણ થવાના આરે છે અને તાપમાન ગત વર્ષ કરતાં પણ ઉંચુ ગયું હોવાછતાં તંત્ર દ્વારા નથી પંડાલ બાંધવામાં આવ્યો કે નથી સ્પ્રીન્કલરની વ્યવસ્થા કરવામાં આવી. જેને કારણે બપોરે 12 - 1 વાગે પણ વાહનચાલકોને લાંબા સમયથી સિગ્નલ પર ઉભા રહેવું પડે છે. ત્યારે હવે તંત્રને કરેલી રજૂઆતના આધારે બપોરે 12 વાગ્યાથી લઈને સાંજે 4 વાગ્યા સુધી સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. વાણિયાવાડ જંક્શન પર 42 ડિગ્રી તાપમાનમાં બપોરના સમયે બળબળતા તાપમાં 120 સેકેન્ડ લાંબા સિગ્નલ ઉપર ઉભા રહેતાં વાહનચાલકો તાપમાં ઉભા રહીને માથું ભમી ગયું તેવી ફરિયાદો કરે છે. જોકે, નિષ્ણાંતોના મતે આકરા તાપમાં 120 સેકેન્ડ સીધા તાપની નીચે ઉભા રહેવાની ક્યારે ચક્કર આવવા, ઉબકાં જેવું લાગવું, ગભરામણ થવી, તેમજ માથામાં દુ:ખાવો થવાની સાથે લૂ લાગવાની પણ શક્યતા વધી જાય છે.

# ૮મી મે એટલે થેલેસેમિયા દિવસ- રાજકોટ સૌરાષ્ટ્ર યુનિ.નાં ડૉ. બી. આર. આંબેડકર ચેર-સેન્ટર ખાતેના સંશોધન અધિકારી ડૉ. રવિ ધાનાણીની સંઘર્ષમય પ્રેરક ગાથા



નરેન્દ્ર દવે જૂનાગઢ

આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ દર વર્ષે ૮ મે ના રોજ ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આ વારસાગત રક્ત વિકાર વિશે જાગૃતિ ફેલાવવાનો અને દર્દીઓના સંઘર્ષને સમર્થન આપવાનો છે, આજે વાત કરવી છે. . સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર-સેન્ટર ખાતે સંશોધન અધિકારી તરીકે કાર્યરત ડૉ. રવિ બિપીનભાઇ ધાનાણીની.... તેઓ સોશ્યલ વર્કમાં અનુસ્નાતક અને થેલેસેમિયા પર પીએચ.ડીની ડીગ્રી ધરાવે છે. તેઓ થેલેસેમિયા-મેજરથી ગ્રસ્ત છે. તેમને પ્રતિ ૧૦થી ૧૫ દિવસનાં ગાળામાં બે બોટલ લોહી ચડાવવુ પડે છે. અત્યાર સુધીમાં તેમને ૩૬૦૦ થી વધુ વખત રક્તની પુર્તી કરવી પડી છે. કેમ કે તેમનાં શરીરમાં રક્ત બનતુ જ નથી આથી પ્રતિ ૧૦ થી ૧૫ દિવસનાં અંતરાલમાં બીજાનું લોહી તેમનાં જીવનનું ટોનીક બની રહે છે. આમ પરવશ છતાં જોમ જુસ્સાથી તેઓ લક્ષ્યસિધ્ધીને વરીને સંઘર્ષમયી બની આજનાં યુવાનોને પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે ડો. રવિ ધાનાણીની સંઘર્ષગાથાને આજનાં નિરાશ અને હતાશા અનુભવતા યુવાઓ માટે પ્રેરક હોવાની વાત જણાવી ડો. ધાનાણીને યુનિ.ખાતે સત્કાર્યા હતા. પ્રો. પ્રતાપસંહજીએ જણાવ્યુ હતુ કે થેલેસેમિયા રોગ વિશે સામાન્ય લોકોમાં જાગૃતિની જરૂર છે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. નાં છાત્રોનાં અભ્યાસકાળ દરમ્યાન થેલેસેમિયા પરીક્ષણ કરાવવા અમે પ્રયાસ કરીએ છીએ. થેલેસેમિયાનાં દર્દીઓની સ્થિતિ સમજવી અને નવી પેઢીને આ રોગથી બચાવવી એ ૮મી મે થેલેસેમિયા દિવસનો હાર્દ રહ્યો છે. ગુજરાત થેલેસેમિયા ના નિવારણ અને જાગૃતિ માટે દેશમાં અગ્રેસર છે અને એક રોલ મોડેલ સ્ટેટ તરીકે કામ કરી રહ્યું છે. ડો.રવિ ધાનાણી માસ્ટર ઓફ સોશ્યલવર્ક સાથે પીએચ.ડીની પદવી તો ધરાવે છે. સાથે તેઓ આરોગ્ય, સુધારાત્મક સામાજિક કાર્ય, ડૉ.બી. આર. આંબેડકર જીવન અને તત્વજ્ઞાન સંશોધન ક્ષેત્રનો અનુભવ ધરાવે છે. ૧૨ વર્ષથી અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરાવી રહ્યા છે. તેઓ પીજી, એમ.ફિલ, પીએચડીમાં ઘણા વિદ્યાર્થીઓને તેમના સંશોધન કાર્ય માટે માર્ગદર્શન આપી રહ્યા છે. તબીબી સામાજિક કાર્ય, ડૉ.બી. આર. આંબેડકરના જીવન અને તત્વજ્ઞાન તેમનાં સુધારાત્મક સામાજિક કાર્ય રહ્યા છે. તેમનાં દ્વારા ૦૫ જેટલા પ્રકાશિત પુસ્તકો અને ૨૮ સંશોધન પત્ર પ્રકાશિત થયા છે. ત્રણ વિદ્યાર્થીઓને સંશોધન ક્ષેત્રે માર્ગદર્શન પૂરૂ પાડી રહ્યા છે. ડો.રવિ ધાનાણીને ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા અપંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.તેમણે સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ૧૪૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે મફતમાં વિવિધ થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કર્યું છે, તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાતમાંથી થેલેસેમિયા વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે, ઘણી યુનિવર્સિટીઓ અને ટ્રસ્ટોમાં ઘણા પ્રતિષ્ઠિત હોદ્દાઓ પર સેવા આપે છે. તેમણે સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ૭૦ થી વધુ રક્તદાન કેમ્પનું આયોજન કર્યું છે. તેમણે સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં ઘણા યુવાનોને થેલેસેમિયા માટે કાઉન્સેલિંગ કર્યું છે. તેમણે દર્દીઓ અને તેમના પરિવારોને સામાજિક, માનસિક અને શૈક્ષણિક સમસ્યાઓના ઉકેલ માટે મદદ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે.તેઓ દર્દીઓને તેમના તરફથી કોઈપણ ખર્ચની ચિંતા કર્યા વિના તેમની સારવાર માટે મદદ કરવામાં સફળ રહ્યા છે; તેઓ તેને મફત અને સુલભ બનાવવામાં સક્ષમ રહ્યા છે. તેઓ દર્દીઓમાં થેલેસેમિયા સારવાર અંગે સતત જાગૃતિ ફેલાવી રહ્યા છે અને સારવાર અને સંભાળ સંબંધિત તેમની તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ દર્દીઓને તેમના સારવાર અધિકારો માટે મદદ કરવા માટે કામ કરી રહ્યા છે.તેઓ સોશિયલ મીડિયા દ્વારા થેલેસેમિયા જાગૃતિ ફેલાવવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે. તેઓ વિવિધ સમુદાયોના લોકોમાં થેલેસેમિયા જાગૃતિ ફેલાવવા માટે સતત કાર્યરત છે. તેઓ થેલેસેમિયા સંભાળ અને જાગૃતિ માટે ઘણા કાર્યક્રમો, સેમિનાર, મીટીગનું આયોજન અને ભાગ લીધો છે.તેમને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કાર (રાષ્ટ્રપતિ પુરસ્કાર) મળ્યો છે.તેમને થેલેસેમિયામાં કામ કરવા બદલ ગુજરાત સરકાર તરફથી પુરસ્કાર મળ્યો છે.તેમને વિવિધ પુરસ્કારો પણ મળ્યા છે, જેમાંથી એક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી પણ છે. ડો.રવિ ધાનાણીએ પોતાની સંઘર્ષમયી જીવનગાથા વચ્ચે તેમણે મેળવેલ સિધ્ધીઓની વાત કી ઉમેર્યુ હતુ કે થેલેસેમિયા એક વારસાગત રોગ છે, થેલેસેમિયા મેજર થી બચવા માટે યુગલોએ લગ્ન પહેલાં થેલેસેમિયા માઈનોર ટેસ્ટ કરાવવો હિતાવહ છે, જેથી યોગ્ય સમયે તપાસ દ્વારા આ રોગ અટકાવી શકાય છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા વાઈસ ચાન્સેલર પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણનાં માર્ગદર્શનમાં થેલેસમિયા જાગૃતિ અંગે થતી પ્રવૃતિઓની સરાહના કરી હતી. સાથે તેમણે થેલેસેમિયાગ્રસ્ત બાળકોનાં જીવન માટે રક્તદાન કરવા અને સમાજમાં જાગૃતિ લાવવા અપીલ કરી છે. નિયમિત સ્વૈચ્છિક રક્તદાન થેલેસેમિયા પીડિત બાળકો અને દર્દીઓ માટે જીવનદાયી સાબિત થાય છે. સાથે સાથે યોગ્ય સારવાર, નિયમિત ચેકઅપ અને જાગૃતિ દ્વારા થેલેસેમિયા નિયંત્રિત કરી શકાય છે. સમાજના દરેક વર્ગે મળીને થેલેસેમિયા મુક્ત અને સ્વસ્થ સમાજના નિર્માણમાં સહભાગી બનવું જોઈએ.

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગાંધીનગરથી અમદાવાદ સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી



ગાંધીનગર : ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની સાદગીપૂર્ણ જીવનશૈલીની વધુ એક ઝલક લોકોને જોવા મળી છે. આજરોજ રાજ્યપાલશ્રીએ ગાંધી આશ્રમ પુનરુદ્ધાર યોજનાની સમીક્ષા અર્થે સચિવાલય મેટ્રો સ્ટેશનથી રાણીપ મેટ્રો સુધી મુસાફરી કરી હતી.રાજ્યપાલશ્રી ગાંધીનગરના સચિવાલય મેટ્રો સ્ટેશને સામાન્ય મુસાફરની જેમ લાઈનમાં ઉભા રહીને જાતે ટિકિટ ખરીદીને પ્લેટફોર્મ પર પહોંચ્યા હતા. ત્યારબાદ તેઓએ અન્ય મુસાફરોની સાથે મેટ્રોમાં મુસાફરી કરી હતી.રાજ્યપાલશ્રી મેટ્રોમાં મુસાફરી કરતા હોવાની જાણ થતા જ અન્ય મુસાફરોમાં પણ કુતુહલ સર્જાયું હતું. રાજ્યપાલશ્રી મુસાફરો સાથે સહજ સંવાદ કરી મેટ્રોની મુસાફરીમાં સહભાગી બન્યા હતા. રાજ્યપાલશ્રીએ મેટ્રોમાં મુસાફરી વિશે લોકોના અનુભવો જાણ્યા હતા.

## સ્કાયરૂટ એરોસ્પેસ બની દેશની પ્રથમ સ્પેસટેક યુનિકોર્ન

# ₹500 કરોડના ભંડોળ પછી ₹10 હજાર કરોડનું મૂલ્યાંકન થયું; વિક્રમ-1 રોકેટ લોન્ચ કરવાની તૈયારી તેજ

(એજન્સી) હૈદરાબાદ | તા 07

હૈદરાબાદ સ્થિત સ્કાયરૂટ એરોસ્પેસે 60 મિલિયન ડોલર એટલે કે લગભગ 500 કરોડનું ભંડોળ એકત્ર કર્યું છે. આ રોકાણ પછી કંપનીનું મૂલ્યાંકન 1.1 બિલિયન ડોલર એટલે કે લગભગ 10 હજાર કરોડ પર પહોંચી ગયું છે. આ યુનિકોર્ન ક્લબમાં સામેલ થનાર દેશનું પ્રથમ સ્પેસ સ્ટાર્ટઅપ છે.

આ ફંડિંગ એવા સમયે આવ્યું છે જ્યારે કંપની તેના પહેલા પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-1'ની પ્રથમ ઉડાનની તૈયારી કરી રહી છે. સ્કાયરૂટ તાજેતરમાં હૈદરાબાદ સ્થિત તેની મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીમાંથી રોકેટના મહત્વપૂર્ણ પાર્ટ્સને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા મોકલી દીધા છે. કંપની આગામી કેટલાક અઠવાડિયામાં તેના લોન્ચિંગની યોજના બનાવી રહી છે. સ્ટાર્ટઅપનો દાવો છે કે સેટેલાઈટ્સને તેમની કક્ષામાં મોકલવા માટે તેમની સેવાઓ દુનિયામાં સૌથી સસ્તી હશે.

આ ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ ગ્લોબલ ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર શેરપાલો વેન્ચર્સ અને GIC દ્વારા કરવામાં આવ્યું છે. તેમાં ગ્રીનકો ગ્રુપના ફાઉન્ડર્સ અને અર્કામ વેન્ચર્સ જેવા હાલના રોકાણકારોએ પણ ભાગ લીધો હતો. ગૂગલના શરૂઆતી રોકાણકાર રામ શ્રીરામ હવે સ્કાયરૂટના બોર્ડમાં સામેલ થશે. આ ઉપરાંત, બ્લેકરોક, પ્લેબુક પાર્ટનર્સ અને સાંઘવી ફેમિલી ઓફિસે પણ રોકાણ કર્યું છે.

સ્કાયરૂટ 2022માં વિક્રમ-S લોન્ચ કરીને ઈતિહાસ રચ્યો હતો. આ ભારતનો પહેલો ખાનગી રીતે બનાવેલો રોકેટ હતો. વિક્રમ-1 આ યાત્રાનો આગલો પડાવ છે, જે સંપૂર્ણપણે ઓર્બિટ સુધી જઈ શકશે.

### મેન્યુફેક્ચરિંગ અને વિક્રમ-2 રોકેટનો વિકાસ ઝડપી બનશે

- પહેલું, વિક્રમ-1 ના નિયમિત લોન્ચની વ્યવસ્થા કરવી. એટલે કે દર થોડા મહિને એક રોકેટ લોન્ચ થઈ શકે, ગ્રાહકોના સેટેલાઈટ અવકાશમાં છોડીને કંપનીનો રેવન્યુ ફ્લો શરૂ થાય.
- બીજું, મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવી જેથી એક સાથે ઘણા રોકેટ બનાવી શકાય. મોટા પાયે ઉત્પાદનથી રોકેટની કિંમત ઓછી થશે અને સ્કાયરૂટ બીજી કંપનીઓને ટક્કર આપી શકશે.
- ત્રીજું, વિક્રમ-2 રોકેટ વિકસાવવું. આ રોકેટ અવકાશમાં 1,000 કિલો સુધીનું વજન લઈ જવામાં સક્ષમ હશે. તેમાં એડવાન્સ ક્રાયોજેનિક સ્ટેજનો ઉપયોગ કરવામાં આવશે.




# SBI ગ્રાહકો માટે મોટા સમાચાર: 25 અને 26 મેના રોજ બેંક હડતાળ, 16 માંગણીઓ સાથે કર્મચારીઓ ઉતરશે મેદાને

(એજન્સી) અમદાવાદ | તા 07

ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓને લઈને આક્રમક વલણ અપનાવ્યું છે. આગામી 25 અને 26 મેના રોજ દેશભરના SBI કર્મચારીઓ હડતાળ પર જશે, જેના કારણે બેંકિંગ સેવાઓ ખોરવાઈ શકે છે.

ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશન (AISBISF) એ મેસેન્જર અને આર્મ્ડ ગાર્ડ્સની ભરતી, આઉટસોર્સિંગ બંધ કરવા અને પેન્શન સંબંધિત વિસંગતતાઓને દૂર કરવા જેવી કુલ 16 માંગણીઓ સાથે 25 અને 26 મે 2026 ના રોજ દેશવ્યાપી હડતાળનું એલાન આપ્યું છે. જો આ તારીખો દરમિયાન જાહેર રજા હશે, તો હડતાળ 27 મે સુધી લંબાવવામાં આવશે.

ફેડરેશનના જણાવ્યા અનુસાર, બેંકમાં કાયમી નોકરીઓનું આઉટસોર્સિંગ કરવામાં આવી રહ્યું છે, જે કર્મચારીઓની સુરક્ષા અને ભવિષ્ય માટે ખતરો છે. છેલ્લા ત્રણ દાયકાથી સબોર્ડિનેટ કેડરમાં નવી ભરતીઓ બંધ હોવાથી કર્મચારીઓ પર કામનું ભારણ વધ્યું છે. ખાસ કરીને સુરતની SBI બ્રાન્ડમાં થયેલી લૂંટની ઘટનાનો ઉલ્લેખ કરતા યુનિયને આર્મ્ડ ગાર્ડ્સની ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગ કરી છે.




બીજો મુખ્ય મુદ્દો NPS (નેશનલ પેન્શન સિસ્ટમ) હેઠળના કર્મચારીઓનો છે. તેમને પેન્શન ફંડ મેનેજર બદલવાનો વિકલ્પ આપવામાં આવતો નથી, જે અન્ય જાહેર ક્ષેત્રની બેંકોમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, વેતન વધારામાં પણ વિસંગતતાનો આરોપ લગાવાયો છે. યુનિયન મુજબ, અધિકારીઓને વેતનમાં આશરે 22% નો વધારો મળ્યો છે, જ્યારે કામદારો (Workmen) માટે તે માત્ર 17% પર જ સીમિત રાખવામાં આવ્યો છે.

### SBI કર્મચારીઓની 16 મુખ્ય માંગણીઓ

1. મેસેન્જર્સની નવી ભરતી કરવામાં આવે.
2. આર્મ્ડ ગાર્ડ્સની ખાલી જગ્યાઓ ભરવામાં આવે.
3. NPS કર્મચારીઓને પેન્શન ફંડ મેનેજર બદલવાનો વિકલ્પ મળે.
4. 2019 પછી જોડાયેલા કર્મચારીઓને 'ઇન્ટર સર્કલ ટ્રાન્સફર'ની મંજૂરી અપાય.
5. કાયમી નોકરીઓનું આઉટસોર્સિંગ તાત્કાલિક બંધ કરો.
6. બેંકમાં પૂરતા પ્રમાણમાં સ્ટાફની ભરતી કરો.
7. વેતન વધારામાં જોવા મળતી અસમાનતા (Parity Issue) દૂર કરો.
8. 'કરિયર પ્રોગ્રેશન સ્કીમ'ની સમીક્ષા કરવામાં આવે.
9. 10મા દ્વિપક્ષીય નિવૃત્ત કર્મચારીઓને નેશનલ 8મો ઇન્ક્રીમેન્ટ લાભ મળે.
10. ફિઝિશિયન કન્સલ્ટેશન ચાર્જીસમાં સુધારો.
11. મેડિકલ રિઈમ્બર્સમેન્ટ સ્કીમમાં સુધારો કરવો.
12. 7મા BPS નિવૃત્ત કર્મચારીઓના પેન્શનમાં તમામ પગાર ઘટકો ઉમેરવા.
13. HRMS સોફ્ટવેર સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ.
14. 'વર્કમેન એમ્પ્લોયી ડિરેક્ટર'ની નિમણૂક.
15. PF ટ્રસ્ટી નોમિનીની નિમણૂક.
16. ક્રોસ-સેલિંગના નામે થતું 'મિસ-સેલિંગ' બંધ કરો.

## કસ્ટમ સત્તાવાળાઓ દ્વારા ક્લિઅરન્સ ઓર્ડર જારી નહીં કરાતા સોનાચાંદીની આયાત અવરોધાઇ

મુંબઈ : કસ્ટમ્સ સત્તાવાળા દ્વારા ક્લિઅરન્સ ઓર્ડર જારી કરવામાં નહીં આવતા દેશમાં સોનાચાંદીની આયાત અવરોધાઈ હોવાનો બજારના સુત્રો દાવો કરી રહ્યા છે. ભારતના વાણિજ્ય મંત્રાલયે સોનાચાંદીની બેન્કો મારફત આયાત કરવા નવી યાદી ઢીલમાં જાહેર કરી હતી ત્યારે હવે કસ્ટમ્સ સત્તાવાળા દ્વારા તેમનો પોતાનો અલગ ક્લિઅરન્સ ઓર્ડર બહાર પડાયો નથી જે વિદેશમાંથી આવતા માલસામાનને છૂટો કરવા બંદર તથા એરપોર્ટ સત્તાવાળા માટે આવશ્યક હોય છે. અક્ષય તૃતિયા બાદ જ્વેલરો સોનાચાંદીનો સ્ટોક વધારવા માગે છે, પરંતુ બેન્કો તરફથી માલ મળતો નહીં હોવાનો દાવો કરાઈ રહ્યો છે. નવું નાણાં વર્ષ શરૂ થયાને એક મહિના કરતા વધુ સમય વીતિ જવા છતાં, બેન્કો કન્સાઈનમેન્ટની ડિલિવરી લઈ શકતી નથી. ઈન્ટીગ્રેટેડ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસમાંથી સોનાચાંદીને મુક્તિ અપાશે કે કેમ તે મુદ્દે બેન્કો સ્પષ્ટતા ઈચ્છી રહી હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું. ઊંચા ભાવને કારણે સોનાચાંદીની માગ પર અસર પડી છે, પરંતુ આયાત ઢીલને કારણે ઘરઆંગણે માલની અછત પ્રવર્તી રહી હોવાનો સ્થાનિક ટ્રેડરે દાવો કર્યો હતો.આંતરરાષ્ટ્રીય ભાવ સામે ઘરઆંગણે સોનાના ભાવ પર પ્રતિ ઔંસ ૨૦ ડોલર પ્રીમિયમ બોલાઈ રહ્યું છે. હાલમાં સોનાની આયાત કરવાનો એક માત્ર માર્ગ ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ છે. બેન્કો દ્વારા આયાત અટકી પડતા સદર એકસચેન્જ મારફત પૂરવઠામાં જોરદાર વધારો થયો છે.

# InCred હોલ્ડિંગ્સે આઈપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા 07

InCred હોલ્ડિંગ્સ લિમિટેડ, જે મુખ્યત્વે તેની મહત્વપૂર્ણ સહાયક કંપની InCred ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ ('InCred Finance') દ્વારા કામ કરે છે અને જેને નાણાંકીય વર્ષ 2023થી નાણાંકીય વર્ષ 2025 દરમિયાન ચોખ્ખા નફાના સીએજીઆર આધાર પર ભારતની સૌથી ઝડપી વિકસતી ડાયવર્સિફાઇડ એનબીએફસી તેમજ એયુએમ સીએજીઆરના આધારે બીજી સૌથી ઝડપી વિકસતી એનબીએફસી તરીકે માન્યતા મળી છે (સ્રોત: ક્રિસિલ), તેણે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) માં તેનું અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ-1 (UDRHP - I) ફાઇલ કર્યું છે.InCred હોલ્ડિંગ્સ લિમિટેડ તેની લગભગ સમગ્ર આવક મેળવે છે અને તેની વ્યવસાયિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે તેની મહત્વપૂર્ણ સહાયક કંપની InCred ફાઈનાન્સ મારફતે ચલાવે છે, જે ભારતીય રિઝર્વ બેંકમાં નોંધાયેલી રિટેલ-કેન્દ્રિત, ડાયવર્સિફાઇડ, મધ્ય-સ્તરની નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપની છે.2017માં ભુપિન્દર સિંહ દ્વારા પ્રમોટે InCred ફાઈનાન્સ ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લોન પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. કંપનીનો વ્યવસાય જોખમને પ્રથમ પ્રાથમિકતા આપતા અભિગમ, ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ, મજબૂત મલ્ટી-ચેનલ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક અને અનુભવી મેનેજમેન્ટ ટીમ દ્વારા સમર્થિત છે. કંપની પાંચ મુખ્ય ક્ષેત્રોમાં વૈવિધ્યસભર લેન્ડિંગ પોર્ટફોલિયો પ્રદાન કરે છે, જેમાં પર્સનલ લોનનું એયુએમમાં 55.56 ટકા યોગદાન (રૂ. 8,027.12 કરોડ) છે, ત્યારબાદ સ્ટુડન્ડ લોનનું 22.15 ટકા (રૂ. 3,200.51 કરોડ), સિક્યોર્ડ બિઝનેસ લોન જેમાં લોન અગેન્સ્ટ પ્રોપર્ટી અને સ્કૂલ ફાઈનાન્સિંગનો સમાવેશ થાય છે તેનું 8.74 ટકા (રૂ. 1,262.64 કરોડ), સ્પેશિયલાઈઝ્ડ એમએસએમઈ લોન જેમાં એમ્બેડેડ અને એસેટ-બેક્ડ ફાઈનાન્સિંગનો સમાવેશ થાય છે તેનું 7.83 ટકા (રૂ. 1,131.14 કરોડ), અને નાણાંકીય સંસ્થાઓને આપવામાં આવતી લોનનું 5.55 ટકા (રૂ. 801.40 કરોડ) યોગદાન છે. આ આંકડા 31 ડિસેમ્બર, 2025ની સ્થિતિ મુજબના છે.

## 30 વર્ષમાં પહેલી જ વાર કોઈ એક કંપનીએ MSCI EM ઇન્ડેક્સમાં ઊંચુ વેઈટેજ મેળવ્યું

# MSCIની ફેક્ટશીટ અનુસાર તાઈવાન સેમીકન્ડકટરનું વેઈટેજ વધીને 14 ટકા : ભારતનું છ વર્ષના તળિયે

(એજન્સી) અમદાવાદ | તા 07

વિશ્વની અગ્રણી ચિપ ઉત્પાદક, તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપની (TSMC) એ MSCI મોર્ગન સ્ટેનલી કેપિટલ ઈન્ટરનેશનલ ઈમર્જિંગ માર્કેટ (EM) ઈન્ડેક્સમાં ભારત પર તેની લીડ વધુ મજબૂત બનાવી છે. આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ (એઆઈ)અને ટેકનોલોજી ક્ષેત્રો માટે વધતા ઉત્સાહ વચ્ચે, કંપની હવે વિદેશી રોકાણકારો માટે ટોચની પસંદગી બની રહી છે.

MSCIની નવીનતમ ફેક્ટશીટ અનુસાર, ઈન્ડેક્સમાં તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપની નું વેઈટેજ ૧૪.૨% પર પહોંચી ગયું છે. બીજીતરફ ભારતનો હિસ્સો ઘટીને ૧૧.૯૪% થયો છે, જે છ વર્ષથી વધુ સમયનું સૌથી નીચું સ્તર છે.

તાઈવાન સેમીકન્ડકટર મેન્યુ. કંપનીએ ફેબ્રુઆરીમાં પહેલીવાર ભારતને પાછળ છોડી દીધું, જ્યારે ભારતીય બજારમાં કોરોના પછી સૌથી મોટી માસિક વેચવાલી જોવા મળી હતી. બીજી તરફ, એઆઈ રોકાણ અંગે વધતી અપેક્ષાઓએ તાઈવાન સેમીકન્ડકટરના શેરને મજબૂત ટેકો આપ્યો છે.આ કંપનીના શેરમાં ઉછાળાને કારણે, તાઈવાન હવે MSCI EM ઈન્ડેક્સમાં ચીનને પાછળ છોડી ગયું છે.




MSCI ઈમર્જિંગ માર્કેટ ઈન્ડેક્સને ઉભરતા બજાર રોકાણનો સૌથી વ્યાપક સૂચક માનવામાં આવે છે. ૭૫૦ બિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા વિશ્વભરના નિષ્ક્રિય ભંડોળ આ ઈન્ડેક્સને ટ્રેક કરે છે. તેથી, વિદેશી રોકાણ માટે ઈન્ડેક્સમાં દેશ અથવા કંપનીના વેઈટેજમાં વધારો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૦૨૪માં ભારતનું વેઈટેજ વધીને ૨૦ ટકા થયું હતું. જો કે, ત્યારથી, ભારતીય બજારનું પ્રદર્શન MSCI EM ઈન્ડેક્સ કરતા નોંધપાત્ર રીતે નબળું રહ્યું છે. ઘણા વિદેશી બ્રોકરેજ હાલમાં દક્ષિણ કોરિયા અને તાઈવાનને પસંદ કરે છે. આનું કારણ એઆઈ સપ્લાય ચેઈનમાં તેમની મજબૂત સ્થિતિ અને ભારતની તુલનામાં સસ્તા મૂલ્યાંકનને આભારી છે.

તાઈવાન સેમીકન્ડકટર કંપનીનું વધતું પ્રભુત્વ હવે ઈન્ડેક્સમાં વધતા એકાગ્રતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી રહ્યું છે. બજારના અભ્યાસી વર્તુળોએ જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ વર્ષમાં આ પહેલી વાર છે જ્યારે MSCI EM ઈન્ડેક્સમાં કોઈ એક કંપનીનું આટલું મોટું વેઈટેજ જોવા મળ્યું છે. હાલમાં, ઈન્ડેક્સની ટોચની ૧૦ કંપનીઓનું કુલ વેઈટેજ ૩૪.૬૪ ટકા છે. ભારતની એચડીએફસી બેંક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ ટોચની ૧૦ કંપનીઓમાં સામેલ છે, પરંતુ બંનેનું વેઈટેજ ફક્ત ૦.૮ ટકા છે.

# જોર્ડનથી મુન્દ્રા બંદર સુધી સીધા ખેતરનો ખોરાક પહોંચાડવામાં આવશે!

## ભારત અને યુએઈ વચ્ચે 19,000 કરોડ રૂપિયાનો મેગા-પ્રોજેક્ટ




(એજન્સી) નવી દિલ્હી | તા 07

ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેની મિત્રતા એક નવા અને ખૂબ જ મજબૂત સ્તરે પહોંચી છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના જંગી વિજય બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક મોટું પગલું ભર્યું અને સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરાહ બંદર પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓની કડક નિંદા કરી. ઈરાન દ્વારા કરવામાં આવેલા આ હુમલાઓ બાદ, પીએમ મોદી માત્ર સંયુક્ત આરબ અમીરાતની સાથે મજબૂત રીતે ઉભા રહ્યા નહીં પરંતુ નેવિગેશનની સ્વતંત્રતાની પણ હિમાયત કરી. ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે ચાલી રહેલા તણાવની યુએઈ પર નોંધપાત્ર અસર પડી છે. ત્યાં યુએસ એરબેઝની હાજરી અને ઈઝરાયલ સાથે સારા સંબંધોને કારણે, ઈરાને અત્યાર સુધીમાં યુએઈ પર 549 બેલિસ્ટિક મિસાઈલો, 29 ક્રુઝ મિસાઈલો અને 2,260 ડ્રોન હુમલા કર્યા છે.

આ મજબૂત રાજકીય પૃષ્ઠભૂમિ વચ્ચે, 18 મે, 2026 ના રોજ પીએમ મોદીની અબુ ધાબીની મુલાકાત દરમિયાન મિત્રતાનો એક નવો અને ઐતિહાસિક અધ્યાય શરૂ થવાનો છે, જે ભારતની ઊર્જા, સુરક્ષા અને કૃષિને બદલી નાખશે.

## મજબૂત ફોરેકસ, સ્થિર નીતિ માળખાના ટેકા સાથે ભારત ટકી રહેવામાં સફળ : મૂડી'સ

# 2020થી ઊભરતી બજારોમાં ભારત સ્થિતિસ્થાપક બજારોમાંનું એક

(એજન્સી) મુંબઈ | તા 07

૨૦૨૦થી ઊભરતી બજારોમાં ભારત સૌથી મોટા સ્થિતિસ્થાપક બજારોમાંનું એક બજાર બની રહ્યું છે. મજબૂત ફોરેકસ રિઝર્વ, સ્થિર નીતિ માળખા તથા ઘરેલુ મૂડી બજારની ઊંડાઈના ટેકા સાથે ભારત સ્થિતિસ્થાપક બની રહેવામાં સફળ રહ્યું છે, એમ મૂડી'સ રેટિંગ્સ દ્વારા એક રિપોર્ટમાં જણાવાયું હતું.

ઊભરતી બજારો પરના પોતાના છેલ્લામાં છેલ્લા રિપોર્ટિમાં રેટિંગ એજન્સીએ જણાવ્યું છે કે, મજબૂત નાણાંકીય બફર્સ અને ભવિષ્ય ભાખી શકાય એવા બૃહદ્ આર્થિક નીતિવિષયક વાતાવરણ સાથે ભાવિ વૈશ્વિક આંચકા પચાવી શકવામાં પોતાના અનેક હરિફો કરતા ભારત સક્ષમ છે.

ઘરેલુ ફન્ડિંગ પર ભારતની નિર્ભરતા ઊંડી સ્થાનિક બજારો અને નોંધપાત્ર રિઝર્વ દ્વારા સમતુલિત રહી છે. જો કે ભારતનો ઊંચો દેવાબોજ અને નબળી રાજકોષિય સમતુલા ઉપરાઉપરી આંચકાઓનો સામનો કરવામાં મર્યાદા ઊભી કરે છે. ભાવિ વૈશ્વિક તાણ સામે ભારત મજબૂત અને ઉપયોગમાં લઈ શકાય તેવા બફર્સ સાથે સામનો કરી શકશે જેને કારણે ઊંચી અનિશ્ચિતતા વચ્ચે પણ રોકાણકારોનો વિશ્વાસ ટકી શકશે એમ મૂડી'સ દ્વારા રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે.

મૂડી'સે તેના રિપોર્ટમાં મુખ્ય ઊભરતી બજારો જેમ ઈન્ડોનેશિયા, મેક્સિકો, થાઈલેન્ડ, બ્રાઝિલ, આર્જેન્ટિના વગેરેનો સમાવેશ કર્યો છે. ૨૦૨૦થી આવી પડેલા વિવિધ વૈશ્વિક આંચકાઓની આ બજારો પર કેવી અસર રહી હતી તેનો એજન્સીએ અભ્યાસ કર્યો હતો.

આ વૈશ્વિક આંચકાઓમાં કોરોના, અમેરિકા દ્વારા ૨૦૨૨માં વ્યાજ દરમાં સખતાઈ, ૨૦૨૩માં અમેરિકામાં પ્રાદેશિક બેન્કોની નબળાઈ તથા ૨૦૨૫માં ટ્રમ્પે લાગુ કરેલા ટેરિફને કારણે આવી પડેલા આંચકાઓનો સમાવેશ થાય છે.

# Post Officeમાં હવે દરેક લેવડ-દેવડ પર પાનકાર્ડ જરૂરી

(એજન્સી) અમદાવાદ | તા 07

કેન્દ્ર સરકારે ઈન્કમટેક્સ નિયમ, 2026 હેઠળ પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમ્સ માટેના નિયમો વધુ કડક બનાવ્યા છે. હવે ખાતું ખોલવું, જમા કરાવવું, પૈસા ઉપાડવા અને ટાઈમ ડિપોઝિટમાં રોકાણ કરવા માટે પાનકાર્ડ આપવું ફરજિયાત બનશે. આ પગલાંનો મુખ્ય હેતુ નાના બચત સાધનોને ટેક્સ સિસ્ટમ સાથે જોડવાનો અને મોટા લેવડદેવડ પર નજર રાખવાનો છે.



નવા નિયમો હેઠળ નિયમ 159 160 161 211 237 લાગુ કરવામાં આવ્યા છે, જે ફાઈનાન્સિયલ સિસ્ટમમાં પારદર્શિતા વધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. હવે પોસ્ટ ઓફિસમાં થતા મોટાભાગના ટ્રાન્ઝેક્શન ટેક્સ રેકોર્ડનો ભાગ બનશે. જે લોકો પાસે પાનકાર્ડ નથી, તેઓ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. હવે તેમને ફોર્મ 97 ભરવું પડશે, જે જૂના ફોર્મ 60ને બદલે લાગુ કરવામાં આવ્યું છે. તેમાં ઓળખ, સરનામું અને ટ્રાન્ઝેક્શન સંબંધિત વિગતો આપવી પડશે.

તે ઉપરાંત, TDS માટે ફોર્મ 121 લાગુ કરવામાં આવ્યું છે, જે ફોર્મ 15G અને 15Hને જોડીને બનાવાયો છે. હવે દરેક વ્યક્તિ આ ફોર્મ દ્વારા TDSમાંથી છૂટનો દાવો કરી શકશે. નિયમો મુજબ પોસ્ટ ઓફિસને તમામ રેકોર્ડ ઓછામાં ઓછા 7 વર્ષ સુધી સાચવવા પડશે.

# એમેઝોનએ પ્રથમ વિશ્વસનીય ખરીદી અનુભવ રિપોર્ટ બહાર પાડ્યો

- 2020થી એમેઝોનના કાઉન્ટરફેઇટ ક્રાઇમ્સે 14 દેશોમાં 32,000 જેટલા ખોટુ કરનારાઓનો કાયદા અમલીકરણ એજન્સીઓને મુકદ્દમા અને ફોજદારી રેફરલ્સ દ્વારા 32,000 થી વધુ ખરાબ વ્યક્તિઓનો પીછો કરવામાં આવ્યો છે.
- એમેઝોનની AI અર્લી વોર્નિંગ સિસ્ટમે વાયરલ, નવી બ્રાન્ડેડ પ્રોડક્ટ પર ખરાબ કરનારાના હુમલાનો સફળતાપૂર્વક અંદાજ લગાવ્યો હતો, બ્રાન્ડ માલિકે તેમનો IP અમારી સાથે શેર કર્યો તેના આઠ દિવસ પહેલા જ ઉલ્લંઘન કરતી સૂચિઓને અવરોધિત કરી હતી.
- 2025માં એમેઝોનના કાનૂની પગલાંઓ અમારા સ્ટોરને લક્ષ્યાંકિત કરતા બનાવટી સમીક્ષાઓ અને છેતરપીંડીનો પ્રયત્ન કરતી 100થી વધુ વેબસાઇટ્સને બંધ કરવામાં પરિણમ્યા હતા.

(એજન્સી) મુંબઈ | તા 07

એમેઝોનએ આજે પોતાનો સૌપ્રથમ વિશ્વસનીય ખરીદી અનુભવ રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે, જે તે ગ્રાહકો, વેચનારા ભાગીદારો અને પોતાના વૈશ્વિક સ્ટોરમાં બ્રાન્ડને કેવી રીતે રક્ષણ આપે છે તેની વ્યાપક સ્થિતિ દર્શાવે છે. તેની સાથે આ રિપોર્ટમાં સૌપ્રથમ વખત એમેઝોનના એન્ટી-કાઉન્ટરફેઈટીંગ, પ્રોડક્ટ સુરક્ષા, છેતરપીંડી નિવારણ, વિશ્વસનીય સમીક્ષાઓ અને સંગઠિત રિટેલ ગુન્હાઓમાં કેવી રીતે કામ કર્યું છે તે સિસ્ટમ્સ, ટેકનોલોજી અને ભાગીદારીઓના વ્યાપક દેખાવ આપે છે, જે તેના સ્ટોરને સુરક્ષિત અને વિશ્વાસપાત્ર બનાવી રાખવામાં મદદ કરે છે.વર્લ્ડવાઈડ કસ્ટમર એન્ડ પાર્ટનર ટ્રસ્ટના વાઈસ પ્રેસિડન્ટ રોહન ઓમ્મેનએ જણાવ્યું હતું કે, "અમારો હેતુ ગ્રાહકો, બ્રાન્ડ્ઝ અને વિક્રેતાઓ માટે પણ સ્ટોરને રક્ષણ આપવાનો છે. પરંતુ અમે ગ્રાહકોને રક્ષણ આપવાની જે નીતિઓ ઘડવામાં આવી છે તે ઘણી વખત પોતાના બિઝનેસને વિકસાવવા માટે પ્રયત્ન કરતા વિક્રેતાઓ માટે ઘર્ષણ પેદા કરે છે તે અમે સમજીએ છીએ. તેથી જ અમે એવા ટૂલ્સ જેમ કે એમેઝોનના એકાઉન્ટ હેલ્થ ડેશબોર્ડમાં રોકાણ કર્યું છે જે વિક્રેતાઓને નીતિઓ, પર્ફોમન્સ ટાર્ગેટ વગેરેને વળગી રહેવા માટે પારદર્શિતા અને નિયંત્રણ આપે છે. કાયદેસરના વેચાણ કરતા ભાગીદારો એમેઝોન પર ફૂલે ફાલે તે સુનિશ્ચિત કરવું તે અમારા મિશનના કેન્દ્ર સ્થાને છે અને આ રિપોર્ટ તે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# મુશ્કેલીમાં મુકાયેલી કંપનીએ 'સુપરહિટ' પરિણામો આપ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 07

Paytm ની પેરેન્ટ કંપની, One97 કોમ્યુનિકેશન્સ, જે નિયમનકારી પડકારો અને મુશ્કેલીઓનો સામનો કરી રહી હતી, તેણે નાણાકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટર (Q4) માટે એવા સુપરહિટ પરિણામો આપ્યા કે રોકાણકારોનો ઉત્સાહ વધી ગયો. ચોથા ક્વાર્ટરના પરિણામો પછી, Paytm ના શેર આજે દલાલ સ્ટ્રીટ પર ધસી આવ્યા. કંપનીનો શેર ઈન્ટ્રાડે 6% થી વધુ વધીને 1,186 પર પહોંચી ગયો. લખતી વખતે, તે NSE પર 1,175 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે 5.80% વધીને 1,175 પર ટ્રેડ થઈ રહ્યો હતો.

ચોથું ક્વાર્ટર Paytm માટે ચમત્કારથી ઓછું નહોતું. કંપની નુકસાન સાથે ઝઝૂમી રહી હતી, પરંતુ Q4 FY26 ના પરિણામોએ પરિસ્થિતિને સંપૂર્ણપણે બદલી નાખી છે. કંપનીએ ક્વાર્ટરમાં 184 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં, કંપનીએ 540 કરોડનું મોટું નુકસાન કર્યું હતું. Paytm એ પહેલીવાર સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે નફો નોંધાવીને ઈતિહાસ રચ્યો છે. આખા વર્ષ માટે તેનો PAT (કર પછીનો નફો) 552 કરોડ હતો. આ આંકડો રોકાણકારો માટે જીવનરેખાથી ઓછો નથી, કારણ કે તે સાબિત કરે છે કે કંપની માત્ર સ્થિર થઈ રહી નથી પરંતુ નફાકારકતા તરફ પણ મજબૂત રીતે આગળ વધી રહી છે.

# ટાટા ટ્રસ્ટનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો, બેઠક રોકવા માટે અરજી દાખલ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

ટાટા ટ્રસ્ટની મહત્વપૂર્ણ બોર્ડ બેઠકો પર રોક લગાવવા માટે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટની પ્રસ્તાવિત બોર્ડ બેઠકો સામે દાખલ કરવામાં આવી છે. આ બેઠકોમાં ટાટા સન્સ બોર્ડના પુનર્ગઠન સહિત અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. મનીકંટ્રોલના અહેવાલ મુજબ, ટાટા ટ્રસ્ટ્સે બોમ્બે હાઈકોર્ટમાં કેવિયેટ પણ દાખલ કરી છે. આનો હેતુ ટ્રસ્ટોને સાંભળ્યા વિના કોર્ટ કોઈ પ્રતિકૂળ આદેશ પસાર ન કરે તે સુનિશ્ચિત કરવાનો છે. હાલમાં તે સ્પષ્ટ નથી કે કોર્ટ આજે આ મામલાની સુનાવણી કરશે કે નહીં.

આ અરજી સુરેશ તુલસીરામ પાટિલખેડે દ્વારા દાખલ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, અરજીમાં કોર્ટને 8 મેના રોજ યોજાનારી બોર્ડ બેઠકોને રોકવા માટે એક-પક્ષીય વચગાળાનો આદેશ જારી કરવાની વિનંતી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર પબ્લિક ટ્રસ્ટ્સ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૩૦એ(૨) અનુસાર બોર્ડનું પુનર્ગઠન ન થાય ત્યાં સુધી કોઈપણ ઠરાવ પસાર ન કરવાનો આદેશ પણ માંગવામાં આવ્યો છે. અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે ટ્રસ્ટ અને તેમના ટ્રસ્ટીઓ ૮ મેની બેઠકો સંબંધિત કોઈપણ ઠરાવો, મંજૂરીઓ, નાણાકીય મંજૂરીઓ, નિમણૂકો, નીતિગત નિર્ણયો અથવા શાસન ક્રિયાઓનો અમલ કરવાથી દૂર રહે, જ્યાં સુધી બોર્ડનું પુનર્ગઠન કાયદાકીય જોગવાઈઓ અનુસાર ન થાય. ૮ મેની બેઠકો પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે કારણ કે તે ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના ભાવિ શાસન માળખાને અસર કરી શકે છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, ટાટા સન્સના આર્ટિકલ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૧૨૧એ અનુસાર, મહત્વપૂર્ણ નિર્ણયો માટે ટાટા ટ્રસ્ટ્સ દ્વારા નામાંકિત મોટાભાગના ડિરેક્ટરોની મંજૂરી જરૂરી છે.

## સુપ્રિમ કોર્ટ ખાતે પેન્ડીંગ સમાધાનલાયક કેસોના નિકાલ માટેની સુવર્ણ તક સમાધાન સમારોહ - ૨૦૨૬ સ્પેશીયલ લોક અદાલત યોજાશે

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભારતની સુપ્રિમ કોર્ટ દ્વારા ન્યાયને સરળ, સુલભ અને નિ:શુલ્ક બનાવવા માટે તથા દરેક વ્યક્તિ સુધી ન્યાય વ્યવસ્થાને સરળતાથી પહોંચાડવા માટે તેમજ પરસ્પર સમજૂતી અને સમાધાન દ્વારા વિવાદોના ઝડપી નિરાકરણને પ્રોત્સાહન આપવા સમાધાન સમારોહ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવેલ છે. જે ૨૧ મી એપ્રિલથી શરૂ થયેલ છે. આ ખાસ લોક અદાલતનો મુખ્ય હેતુ મૈત્રીપૂર્ણ - સૌહાર્દપૂર્ણ સમાધાન પદ્ધતિ દ્વારા સુપ્રિમ કોર્ટ સમક્ષનાં કેસોમાં પરસ્પર સંમતિથી વિવાદોના નિરાકરણને વધુ સરળ અને ઝડપી બનાવવાનો છે.આ સમાધાન સમારોહ સ્પેશીયલ લોક અદાલતમાં ભાગ લેવા માટે ઈચ્છુક પક્ષકારો, વકીલશ્રીઓ સહિત સંબંધિત હિતધારકો વ્યક્તિગત રીતે અથવા ઓનલાઈન માધ્યમ દ્વારા પણ જોડાઈ શકે છે જેનાં માટે નામદાર સુપ્રિમ કોર્ટની વેબસાઈટ પર તથા ડીસ્ટ્રીક્ટ કોર્ટ, મહીસાગરની વેબસાઈટ ઉપર મીડીયા ગેલેરી - ન્યુઝ સેકશન પર ઉપલબ્ધ ગુગલ ફોર્મ ભરીને અરજી કરવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧




મે ૨૦૨૬ છે તથા આ સમારોહ તારીખ ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ વિશેષ લોક અદાલતના આયોજન સાથે સમાપન થશે. આ માટે વધુ માહિતી કે સહાય માટે સુપ્રિમ કોર્ટ ખાતે કાર્યરત વન સ્ટોપ સેન્ટર રૂમ નં-૮૦૬ અને ૮૦૮, બી બ્લોક, એડીશનલ બિલ્ડીંગ કોમ્પ્લેક્ષ, સુપ્રીમ કોર્ટ દિલ્હી ખાતે ફોન નંબર ૦૧૧-૨૩૧૧૨૪૨૮, ૦૧૧- ૨૩૧૧૨૫૨૮, ૦૧૧-૨૩૧૧૬૪૬૪, ૦૧૧-૨૩૧૧૬૪૬૫ તથા ડીરેક્ટરનો સંપર્ક નંબર ૦૧૧- ૨૩૧૧૫૬૫૨ પર સંપર્ક કરી શકાય છે. વધુમાં આ સમાધાન સમારોહ સ્પેશીયલ લોક અદાલતમાં ભાગ લેવા માટે સ્થાનિક સ્તરે જે તે કાનૂની સેવ સત્તા મંડળની કચેરીનો સંપર્ક પણ કરી શકાય છે. જેમાં મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે આવેલ જિલ્લા ન્યાયાલય બિલ્ડિંગમાં રૂમ નં:-૧૫, ભોય તળીયા ખાતે કાર્યરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરની કચેરીમાં રૂબરૂમાં અથવા તો ટેલિફોન નંબર ૦૨૬૭૪-૨૫૧૧૯૯ પર સંપર્ક કરીને વધુમાં વધુ લોકો સુપ્રિમ કોર્ટ ખાતે પેન્ડીંગ પોતાના સમાધાન લાયક કેસોનો સુખદ નિરાકરણ લાવે તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગરના ફુલ ટાઈમ સેક્રેટરી(સિનિયર સિવિલ જજ કેડર) એચ.આર.પરમાર દ્વારા જાહેર અપીલ કરવામાં આવેલ છે.

### વન વિભાગ સામે ઉઠ્યા અનેક સવાલો

## અમરેલી જિલ્લામાં સિંહોની હાલત શ્વાન કરતાં પણ બદતર : સિંહ પજવણીનો વીડિયો વાયરલ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગીરના ગૌરવ ગણાતા એશિયાટિક સિંહોની સુરક્ષા હવે માત્ર કાગળ પર જ રહી ગઈ હોય તેવી સ્થિતિ અમરેલી જિલ્લામાં વારંવાર સામે આવી રહી છે. સોશિયલ મીડિયામાં વધુ એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેમાં કેટલાક બેફામ શખ્સો કાર લઈને સિંહની પાછળ દોડતા અને તેને ડરાવી- રંજાળતા નજરે પડી રહ્યા છે. જંગલના રાજા સાથે થતી આવી અમાનવીય હરકતો સામે પ્રકૃતિપ્રેમીઓ અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.મળતી



માહિતી મુજબ આ વીડિયો ધારી ગીર પૂર્વ વિસ્તારના કોઈ ગ્રામ્ય પંથકનો હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે. ઘટનાને ગંભીરતાથી લઈને ધારી ગીર પૂર્વના ડીસીએફ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, અવારનવાર સિંહ દર્શનના બહાને સિંહોને રંજાળતા, પજવતા અને વાહનો પાછળ દોડાવતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા હોવા છતાં હજુ સુધી કડક અને દાખલારૂપ કાર્યવાહી કેમ થતી નથી?છેલ્લા કેટલાક સમયથી અમરેલી અને ગીર પંથકમાં ટીકરખોરો દ્વારા સિંહોની નજીક જઈ રીલ્સ અને વીડિયો બનાવવાની હોડ લાગી છે. કેટલાક લોકો તો વન વિભાગને ખુલ્લી ચેલેન્જ આપતા હોય તેમ સિંહોની પાછળ વાહનો દોડાવી પોતાનો દાદાગીરીભર્યો વીડિયો વાયરલ કરી રહ્યા છે. એક તરફ સરકાર કરોડો રૂપિયાનું સિંહ સંરક્ષણ અભિયાન ચલાવે છે, જ્યારે બીજી તરફ આવી હરકતો સિંહોના જીવન માટે ખતરો બની રહી છે. જો સમયસર કડક કાર્યવાહી નહીં થાય તો ગીરના સિંહો માટે સૌથી મોટો ખતરો જંગલ બહારના શિકારીઓ નહીં, પરંતુ સોશિયલ મીડિયાના શોખીન ટીકરખોરો સાબિત થશે તેવી ચર્ચા ઉઠી રહી છે.

## ઓપરેશનથી લઈને ભોજન સુધી એક પણ રૂપિયો નહીં: રાજુલામાં નિઃશુલ્ક હોસ્પિટલનું થશે ઉદઘાટન




કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા શહેર અને આસપાસના ગામોનાં દર્દી નારાયણ માટે તદ્દન નિઃશુલ્ક આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવાનાં ઉદ્દેશ સાથે બનાવાયેલી હોસ્પિટલનું આવનારા દિવસોમાં લોકાર્પણ કરવામાં આવશે.નિદાન, સારવાર, ઓપરેશન, દવા, ભોજન સહિતની સેવાઓ માટે એક પણ રૂપિયાનો ખર્ચ નહીં થાય.રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ રાજુલા દ્વારા સ્થાપિત અને વિદ્યાગુરૂ ફાઉન્ડેશન ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનું (રાજુલા) લોકાર્પણ તા.૧૩ ને બુધવારે સવારે ૧૧ કલાકે થશે. મુખ્યમંત્રી, ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, તથા નાયબ મુખ્યમંત્રી, સહિતના મંત્રીઓ, સામાજિક અગ્રણીઓ, મોરારિ બાપુ સહિતનાં સંતો, મહંતોની ખાસ ઉપસ્થિતિમાં ૨૨ કરોડનાં ખર્ચે નિર્માણ પામેલી આ હોસ્પિટલને દર્દી નારાયણ માટે ખુલ્લું મુકવામાં આવશે.આ હોસ્પિટલ તપાસ દર્દીઓ માટે તદ્દન નિ:શુલ્ક રહેશે. તમામ પ્રકારની બીમારીઓનાં નિદાન, સારવારથી લઈને અત્યંત જટીલ સર્જરી તથા દવાઓ સહિતની આરોગ્ય સેવાઓ એક પણ રૂપિયાનો ચાર્જ લીધા વગર અહીં ઉપલબ્ધ થશે. આ ઉપરાંત હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓ અને તેમની સાથે રહેલા પરિજનોને પૌષ્ટિક, શુધ્ધ અને સાત્વિક આહાર પણ તદ્દન નિઃશુલ્ક અર્પણ કરવામાં આવશે. આ અત્યાધુનિક હોસ્પિટલ કાર્યરત થયે રાજુલામાં સાત વર્ષ પહેલાં શરૂ કરાયેલું નિઃશુલ્ક ડાયાલિસિસ સેન્ટર પણ નવા બીલ્ડિંગમાં ફેરવવામાં આવશે. ૧૩ મે ના રોજ રાજુલા ખાતે જનતા જનાર્દન ને પધારવા પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અંબરીષભાઈ ડેર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઊનાના ડમાસામાં સિંહનો ભોગ બનેલ ૪ વર્ષીય બાળકીના પરિવારને ૧૦ લાખની સહાય ચૂકવાઈ



કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગીર પંથકમાં માનવ-વન્યજીવ સંઘર્ષની હૃદયદ્રાવક ઘટનામાં ઊના તાલુકાના ડમાસા વાડી વિસ્તારમાં ગત ૨૫ એપ્રિલના રોજ સિંહે માતાની નજર સામે જ ૪ વર્ષની માસૂમ બાળકી હેમાંશી પામકનો જીવ લઈ લીધો હતો. આ કરુણ ઘટનાએ સમગ્ર પંથકના લોકોને હચમચાવી દીધા હતા.ઘટનાની વિગત મુજબ, ડમાસાના વાડી વિસ્તારમાં રહેતા જીવાભાઈ પામકની 4 વર્ષની દીકરી હેમાંશી સાંજના સમયે ઘરની ઓસરીમાં માતા સવિતાબેન સાથે બેઠી હતી. સવિતા બેન નાના દીકરાને તાવની દવા આપી રહ્યા હતા. ત્યારે જ અચાનક સિંહ ત્રાટક્યો અને હેમાંશીને જડબામાં દબોચી લઈ ગયો. માતા કંઈ સમજે કે બૂમ પાડે તે પહેલાં જ સિંહ માસૂમને ઉઠાવીને નજીકના ખેતરમાં અદ્રશ્ય થઈ ગયો. ગામલોકોએ લાકડીઓ લઈને શોધખોળ કરતા સિંહ બાળકી ના ક્ષત-વિક્ષત મૃતદેહને છોડીને નાસી છૂટ્યો હતો. આ દુઃખદ ઘટના બાદ વનવિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી આખી રાત દરમિયાન સિંહનું લોકેશન શોધી તેને પાંજરે પુરી સજા રૂપે અન્યત્ર રવાના કરી દીધો હતો. હેમાંશીનો પરિવાર અત્યંત ગરીબ શ્રમિક વર્ગમાંથી આવતો હોવાથી ધારી રેન્જના ડીએફઓ વિકાસ યાદવ અને જશાધાર ઓફિસર કે.સી. ચૌહાણે માનવતાનું ઉદાહરણ પૂરું પાડયું હતું. બંને અધિકારી ઓએ તાત્કાલિક ધોરણે કેસ કાગળની કાર્યવાહી પૂર્ણ કરી વન્યપ્રાણી હુમલામાં મૃત્યુ પામનાર વ્યક્તિના પરિવારને સરકાર દ્વારા મળવાપાત્ર ૧૦ લાખ રૂપિયાની સહાય મંજૂર કરાવી હતી. જે ચૂકવાઈ હતી.વન વિભાગની સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ આપતાં આ સમગ્ર રકમ ઓનલાઈન પેમેન્ટ દ્વારા સીધી જ હેમાંશીના પિતા જીવાભાઈ પામકના બેંક ખાતામાં જમા કરાવી દેવામાં આવી છે. સામાન્ય રીતે સરકારી સહાય મળવામાં મહિનાઓ નીકળી જતા હોય છે, પરંતુ આ કિસ્સામાં અધિકારીઓની ત્વરિત અને ઉમદા કામગીરીના કારણે ગણતરીના દિવસોમાં પીડિત પરિવારને આર્થિક મદદ મળી શકી છે. ડીએફઓ વિકાસ યાદવ અને આરએફઓ કે.સી. ચૌહાણની આ સંવેદનશીલ કામગીરીને સમગ્ર પંથકમાં બિરદાવવામાં આવી રહી છે. આમ આ સમયસર મળેલી સહાયથી શોકાતુર પરિવારને આર્થિક ટેકો મળ્યો છે.

### જૂનાગઢ પાસે દરરોજ વાહનો થંભાવી સિંહોને રસ્તો પસાર કરાવવા મજબૂરી

## સિંહોની વધતી વસ્તી અને ટૂંકા પડતા જંગલને લીધે મુશ્કેલી...

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ગિરનારના જંગલમાં વસતા સિંહો માટે હાઈવે અને રેલ્વે મોટો ખતરો બની રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. જૂનાગઢ થી બિલખા રોડ પર શહેરની બહાર નીકળતા જ ૬૬ કેવી પાસે આવેલો હાઈવે સિંહોનો ફોરીડોર બની ગયો છે. દરરોજ વાહનોને રોકી સિંહોને રસ્તો પસાર કરાવવો પડે છે. તેવી જ રીતે રસ્તો પસાર કર્યા બાદ સિંહો રેલ્વે લાઈન તરફ જાય છે ત્યાં પણ રેલ્વે ટ્રેકથી દૂર મોકલવા વનતંત્રના સ્ટાફને નાકે દમ આવી જાય છે. તેમાંય હજુ જૂનાગઢ-બિલખા રોડને ખડીયા સુધી ફોરટ્રેક કરવાનું કામ ટૂંક સમયમાં જ શરૂ થવાનું છે.હજુ તો આ મુશ્કેલીનો ઉપાય નથી મળતો ત્યાં જૂનાગઢ- ખડીયા રસ્તાને ફોરટ્રેક કરાશે, રેલ અને હાઈવે સિંહો માટે જોખમી........સિંહોનું વાહન અકસ્માતમાં મોત ન થાય તે માટે છેલ્લા ઘણા સમયથી વનતંત્રના સ્ટાફે સતત દોડધામ કરવી પડે છે. ત્રણ સિંહણ અને સાત બચ્ચાનું ગ્રુપ દરરોજ શહેરથી બિલખા રોડ તરફ ૫૦૦ મીટર દૂર આવેલા ૬૬ કેવી પાસે જંગલમાંથી નીકળી પ્લાસવાની સીમમાં જાય છે. આ ગ્રુપને હાઈવે ઓળંગવાનું રોજનું થઈ ગયું છે. વનતંત્રનો સ્ટાફ સાંજના સમયે સિંહના કોરીડોર પાસે આવી જાય છે અને જો સિંહ રસ્તો ઓળંગવાનો પ્રયાસ કરે તો બંને બાજુ વાહનોને રોકી દેવા પડે છે. ક્યારેક સાંજના સમયે તો ક્યારેક રાત્રીના સિંહ રસ્તો ઓળંગે છે. જંગલને બદલે રેવન્યુ વિસ્તારમાં સહેલાઈ થી ખોરાક મળતો હોવાથી તે ખોરાક માટે રેવન્યુમાં લટાર મારે છે. રસ્તો ઓળંગી પ્લાસવા બાજુ જાય ત્યાં જૂનાગઢ- વિસાવદર રેલ્વે લાઈન પસાર થાય છે ત્યાં દિવસમાં છ વાર ટ્રેન નીકળે છે. રસ્તાના જોખમ બાદ રેલ્વેનું પણ તેટલું જ જોખમ રહે છે. વનતંત્રનો સ્ટાફ હાઈવે અને રેલ્વે ટ્રેકની દેખરેખમાંથી નવરો પડતો નથી.હાલમાં જૂનાગઢ- બિલખા રોડ પર દિવસ અને રાત સારી માત્રામાં ટ્રાફિક રહે છે જેના કારણે આ રસ્તાને ૫૭ કરોડના ખર્ચે ખડિયા સુધી ૧૨ કિલોમીટરના ડબલપટ્ટીમાંથી ફોર ટ્રેક કરવાના કામ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. એક બાજુ સિંહોનું રક્ષણ કરવું બીજી બાજુ વાહનોની ગીચતાના કારણે રસ્તાને પહોળો કરવો જરૂરી છે. જ્યાં સિંહો રસ્તો પસાર કરે છે તેની બાજુમાં જ અંડરપાસ જેવી વ્યવસ્થા હોવા છતાં ત્યાંથી તે પસાર થતા નથી અને રસ્તા પર આવીને જ તેનું અને વાહન ચાલકનું જોખમ ઉભું કરી દે છે.જંગલને અડીને જ હાઈવે હોવાથી જોખમ વનતંત્ર. મંત્રી આ અંગે વનતંત્રના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, દરરોજ સિંહોને રસ્તો પસાર કરાવવો પડે છે, હાઈવેને પહોળો કરવા મંજુરી આપી છે તેમાં સિંહ સહિતના વન્યપ્રાણીઓ માટે અંડરપાસ બનાવવાની શરત રાખવામાં આવી છે. હાઈવેને અડીને જ જંગલ છે જેથી તે ભાગને યથાવત રાખવો, જંગલ ની સામેના ભાગને પહોળો કરવાની મંજુરી આપવામાં આવી છે. ચાર અંડરપાસ બનાવવાનું નક્કી કર્યું છેઃ માર્ગ મકાન વિભાગ માર્ગ મકાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, સિંહોને જોખમ મોટું છે તે હકીકત છે, ફોરટ્રેક રસ્તો બનાવતા સમયે જૂનાગઢથી દોઢ કિમીના વિસ્તારમાં વનતંત્રએ ચાર લોકેશન આપ્યા છે ત્યાં અંડરપાસ બનાવવામાં આવશે અને જો હજુ વધુ લોકેશન આપશે તો વધુ અંડરપાસ બનાવવાની અમારી તૈયારી છે.



## અપગ્રેડેડ યાત્રી આરક્ષણ સિસ્ટમ (Passenger Reservation System) માં ઓગસ્ટથી રેલગાડીઓનું થશે શિફ્ટિંગ



પશ્ચિમ રેલવે | અમદાવાદ

40 વર્ષ જૂની આ સિસ્ટમથી અપગ્રેડેડ સિસ્ટમ પર ટ્રેનોના શિફ્ટિંગ થતી વખતે યાત્રીઓને તકલીફ ન થાય એ માટે રેલવે મંત્રીએ અધિકારીઓને આપ્યા નિર્દેશ. આજે રેલવે ભવનમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ એ અધિકારીઓની સાથે સમીક્ષા બેઠકમાં 40 વર્ષ જૂની આરક્ષણ સિસ્ટમમાં અપગ્રેડેડ સિસ્ટમ પર ટ્રેનોના શિફ્ટિંગ થતી વખતે યાત્રીઓને તકલીફ ન થાય એ માટે અધિકારીઓને નિર્દેશ આપ્યા. આ બેઠકમાં રેલવે રાજ્ય મંત્રી વી. સોમન્ના અને રવનીત સિંહ બિટ્ટૂ પણ ઉપસ્થિત હતા. 1986 માં શરૂ થયેલ આ સિસ્ટમમાં પાછલા 40 વર્ષોમાં કેટલાય નાના મોટા ફેરફાર કરવામાં આવ્યા. પરંતુ હવે આમાં આમૂલ પરિવર્તન કરવામાં આવ્યું છે. અત્યાધુનિક ટેકનિકનો ઉપયોગ કરીને એની ક્ષમતાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. રેલવે આરક્ષણ સિસ્ટમે કેટલાય મહત્વપૂર્ણ તબક્કાઓ જોયા છે. વર્ષ 2002 માં ભારતીય રેલવે એ ticketing માં internet નો પ્રયોગ શરૂ કર્યો. આજે આ સિસ્ટમ એટલી લોકપ્રિય છે કે દેશની મોટાભાગની વસ્તી બારી તરફ જતી નથી. દેશમાં આજે જેટલી પણ ticketing ની માંગ છે તેનો મોટો ભાગ (₹88%) online મારફતે થાય છે.ભારતીય રેલવેની મોબાઈલ એપ રેલવન યાત્રીઓ વચ્ચે ખૂબ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. રેલવન એપની શરૂઆત ગયા વર્ષે જુલાઈમાં થઈ હતી. એક વર્ષમાં ઓછા સમયમાં જ દેશભરમાં અત્યાર સુધી 3.5 કરોડ ડાઉનલોડ થઈ ગયા છે. આ એપના લોકપ્રિય થવાના કેટલાક કારણોમાં સૌથી મોટુ કારણ એ છે કે આ એપ દેશના સામાન્ય માણસને રેલવે સંબંધિત તમામ માહિતી તો આપે જ છે, ટિકિટીંગ તથા અન્ય સેવાઓથી જોડાયેલી ફરિયાદોનું પણ નિવારણ કરે છે. આજે જ્યારે આપ પોતાની ટિકિટ બનાવો છે, તે રેલવન એપ આપને જણાવે છે કે આપની વેઈટીંગમાં દેખાતી ટિકિટ કન્ફર્મ થશે કે નહી. ટિકિટના કન્ફર્મ થવાની સચોટ શક્યતા પણ હવે આપને એઆઈ મારફતે રેલવન એપ બતાવવા લાગી છે. આ નવી સુવિધા આ વર્ષની શરૂઆતથી લાગુ કરવામાં આવી છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. રેલવન એપ પર વેઈટીંગ ટિકિટના કન્ફર્મ થવાના અનુમાનની સચોટતા અગાઉ કરતાં 53 ટકા વધીને હવે 94 ટકા સુધી પહોંચી ગઈ છે. રેલવન એપમાં આ પ્રકારની કેટલીય એકિકૃત અને આધુનિક સુવિધાઓ છે, જે રેલવે સંબંધિત અન્ય તમામ સેવાઓને પણ પોતાનામાં સમાવે છે. જેમ કે - આરક્ષિત, અનારક્ષિત તથા પ્લેટફોર્મ વગેરે વિવિધ પ્રકારની ટિકિટોનું બુકિંગ, કેન્સલેશન તથા રિફન્ડ.આની સાથે સાથે આપના હાલના ટિકિટનાં વેઈટીંગના status ની નવી સ્થિતિ, ટ્રેનના આવવા જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના platform, આપના coach ની position, રેલવે મદદ જેવી મહત્વપૂર્ણ માહિતી રેલવન (RailOne) app પર છે. પોતાની યાત્રા દરમિયાન આપ પોતાનું food પણ રેલવન (RailOne) app પર order કરી શકો છો. App આપને એ વિકલ્પ આપે છે કે આપની seat સુધી આપનું મનપસંદ ભોજન પહોંચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન (RailOne) app ઝડપથી લોકપ્રિય થઈ રહી છે.આની સાથે-સાથે આપની હાલની ટિકિટની વેઈટીંગની સ્થિતિની નવીન માહિતી, ટ્રેનના આવવા-જવાનો સમય, ટ્રેનની હાલની સ્થિતિ, ટ્રેનના આવવા-જવાના પ્લેટફોર્મ, આપના કોચની સ્થિતિ જેવી મહત્વપૂર્ણ માહિતીઓ પણ રેલવન એપ પર ઉપલબ્ધ છે. આપની યાત્રા દરમિયાન આપ રેલવન એપ પર ભોજન પણ ઓર્ડર કરી શકો છે. આ એપ આપને એ સુવિધા આપે છે કે આપની સીટ સુધી આપનું મનપસંદ ભોજન પહોચી શકે. આરામદાયક અને સેવાકારક સુવિધાઓથી સજ્જ આ રેલવન ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. રોજેરોજ આ app મારફતે દેશભરમાં 9.29 લાખ ટિકિટો book થઈ રહી છે. આમાં 7.2 લાખ ટિકિટો અનારક્ષિત તથા અન્ય 2.09 લાખ આરક્ષિત ટિકિટો છે. અનારક્ષિત ટિકિટોમાં platform ટિકિટ પણ સામેલ છે. Android તથા IOS પર રેલવન (RailOne) app નો લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. જ્યાં 3 કરોડ 16 લાખ લોકોએ આને ગૂગલ પ્લેસ્ટોરથી અત્યાર સુધી ડાઉનલોડ કરી છે. ત્યાં 33.17 લાખ લોકોએ આને એપલ phones માં ડાઉનલોડ કરી છે. દેશમાં યાત્રીઓ માટે ભારતીય રેલવે એક જીવન રેખા છે - ભારતીય રેલવે એ 2024-25માં યાત્રીઓની ટિકિટો પર 60,239 કરોડ રૂપિયાની સબસિડી આપી. આ રેલવે પર યાત્રા કરનારા દરેક વ્યકિતની સરેરાશ 43% ની મુક્તિની બરાબર છે. બીજા શબ્દોમાં, જો સેવા આપવાનો ખર્ચ 100 રૂપિયા છે, તો ટિકિટનું મૂલ્ય ફક્ત 57 રૂપિયા છે.

## લુમડિંગ-બદરપુર હિલ સેક્શનમાં ભેંસોની અથડામણની ઘટનાઓ રોકવા માટે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે પગલાં વધુ સઘન બનાવે છે

માલીગાંવ : ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) એ લુમડિંગ ડિવિઝન હેઠળ આવતા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ લુમડિંગ-બદરપુર હિલ સેક્શનમાં ભેંસોની અથડામણની ઘટનાઓને રોકવા માટે ઘણા સક્રિય પગલાં લીધા છે. ટ્રેન સંચાલનની સલામતી અને પશુધનના રક્ષણ બંનેને સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, NFR એ સંવેદનશીલ સ્થળોએ નિવારક પગલાં વધુ સઘન બનાવ્યા છે જ્યાં ભૂતકાળમાં આવી ઘટનાઓ અંગે વારંવાર ફરિયાદો નોંધાઈ છે.આ સલામતી વધારવાના પગલાંના ભાગ રૂપે, ભેંસો અને પશુઓને રેલ્વે ટ્રેક પર ભટકતા અટકાવવા માટે પર્વતીય પ્રદેશમાં મુખ્ય રેલ્વે ટનલ નજીક ફેન્સીંગનું કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં, ટ્રેકની બંને બાજુ - ખાસ કરીને ટનલ નંબર 16 અને બ્રિજ નંબર 262 વચ્ચે - આશરે 150 મીટર ફેન્સીંગનું સ્થાપન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. વધુમાં, ટનલ નંબર 10 અને ટનલ નંબર 12 નજીક વાડ બનાવવાનું કામ હાલમાં ચાલી રહ્યું છે, અને પ્રોજેક્ટને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાના પ્રયાસો ઝડપી બનાવવામાં આવી રહ્યા છે. એવી અપેક્ષા છે કે આ પહેલથી પાટા પર ઢોર ભટકવાની શક્યતામાં નોંધપાત્ર



ઘટાડો થશે, જેનાથી પશુધન અને ટ્રેનો વચ્ચે અથડામણ અટકાવી શકાશે અને અંતે ઓપરેશનલ સલામતીમાં સુધારો થશે.આ માળખાગત સુવિધાઓ સંબંધિત પગલાં સાથે, NFR ભેંસ અથડામણની ઘટનાઓ માટે સંવેદનશીલ વિસ્તારોની નજીક આવેલા ગામોમાં વ્યાપક જાગૃતિ અભિયાન પણ ચલાવી રહ્યું છે. ખાસ કરીને ન્યૂ હરંગાજાઓ-દિતોકચેરા વિભાગ આ પ્રયાસોનું મુખ્ય કેન્દ્ર છે. રેલ્વે અધિકારીઓ, ગ્રામ્ય પરિષદો અને સ્થાનિક રહેવાસીઓ સાથે સંકલનમાં કામ કરીને, રેલ્વે ટ્રેક પર અને ટનલમાં ગાય અને ભેંસના અનધિકૃત પ્રવેશથી ઉદ્ભવતા સ્વાભાવિક જોખમો અંગે સમુદાયમાં સક્રિયપણે જાગૃતિ લાવી રહ્યા છે. આ અભિયાન દરમિયાન, ગ્રામજનોને તેમના પશુધનને રેલ્વે ટ્રેક અને પરિસરથી દૂર રાખવા માટે પ્રોત્સાહિત કરવા માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે અને જાગૃતિ પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે.NFR સતત દેખરેખ, માળખાગત સુવિધાઓ મજબૂતીકરણ અને સમુદાયની ભાગીદારી દ્વારા પર્વતીય પ્રદેશોમાં સલામત અને અવિરત ટ્રેન કામગીરી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. NFR સ્થાનિક રહેવાસીઓ અને પશુધન માલિકોને રેલ્વે કામગીરીની સલામતી સુનિશ્ચિત કરવા અને પ્રાણીઓને લગતા અકસ્માતોને રોકવા માટે સહયોગ આપવા અપીલ કરે છે.

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહેસૂલ વિભાગની ચિંતન શિબિર સંપન્ન







માહિતી | ગાંધીનગર

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ત્રિ-મંદિર અડાલજ ખાતે આયોજિત ત્રિદિવસીય મહેસૂલ વિભાગની ચિંતન શિબિરનો આજે સમાપન સમારોહ યોજાયો હતો. મહેસૂલ વિભાગની ચિંતન શિબિરમાં અધિકારીઓને સંબોધતા છેલ્લાં પાંચ મહિનાની તેમની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવીને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મહેસૂલ વિભાગે ટ્રાન્સપરન્સી સાથે ચૂંટણી પ્રક્રિયા અને વહીવટી કાર્યોમાં રાત-દિવસ એક કરીને જે ટીમ વર્ક બતાવ્યું છે તે પ્રશંસનીય છે. આ શિબિર દ્વારા સિનિયર અને જુનિયર અધિકારીઓ વચ્ચેનું બોન્ડિંગ મજબૂત બનશે અને આવનારા દિવસોમાં રાજ્યના નાગરિકોને નવી ટેકનોલોજીના માધ્યમથી વધુ ઝડપી સુવિધાઓ પ્રાપ્ત થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.શ્રી સંઘવીએ 'કલેક્ટર' હોદ્દાને માત્ર જમીન સુધારણા કે લેન્ડ ગવર્નન્સ સુધી સીમિત ન રાખતા, તેમને જિલ્લાના સાચા વડા તરીકે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, વહીવટી પરિવર્તન ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે તેનું સીધું ફળ છેવાડાના નાગરિક સુધી પહોંચશે. અધિકારીઓએ ઓફિસના નીતિ-નિયમોની સાથે લોકાભિમુખ અભિગમ અપનાવીને પોતાની જવાબદારીમાં સકારાત્મક બદલાવ લાવવો જોઈએ, જેથી નિવૃત્તિ સમયે લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યાનો આત્મસંતોષ મળી શકે. જિલ્લાના આર્થિક વિકાસ અંગે ચર્ચા કરતા તેમણે સૂચવ્યું હતું કે, પ્રવાસન અને ઉદ્યોગ ક્ષેત્રે કલેક્ટર કચેરીએ વધુ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. ખાસ કરીને એમ.એસ.એમ.ઈ. એકમો અને ઈન્વેસ્ટરો માટે જિલ્લા સ્તરે જ વધુ નક્કર વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ ઉપરાંત, જિલ્લામાં કાર્યરત મોટી ઈન્ડસ્ટ્રીઝના સી.એસ.આર. (CSR) ફંડનો મહત્તમ લાભ જે-તે જિલ્લાના પછાત કે આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે વપરાય તે જોવાની જવાબદારી પણ કલેક્ટરશ્રીઓની છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં તેમણે અધિકારીઓને ખાસ તાકીદ કરી હતી કે, અસામાજિક તત્ત્વો પર લગામ કસવા માટે 'પાસા' કે 'તડીપાર' જેવી દરખાસ્તો પર નિર્ણય લેતા પહેલા પોલીસ અધિકારીઓને સાંભળવા જોઈએ અને મહત્તમ કડક પગલાં લેવાં જોઈએ. વળી, કલેક્ટર કચેરીની સ્વચ્છતાને પ્રાધાન્ય આપતા તેમણે જણાવ્યું હતું કે, સરકારી કચેરીઓના શૌચાલયો અને પરિસર ખાનગી મિલકતો કરતા પણ વધુ સ્વચ્છ હોવા જોઈએ, જે પ્રજામાં તંત્રની સારી છાપ ઊભી કરે છે. અંતમાં, શ્રી સંઘવીએ દરેક જિલ્લા માટે અલગ-અલગ મોબાઈલ એપ્લિકેશન બનાવવાને બદલે રાજ્ય સ્તરે એક જ 'કોમન એપ' બનાવવાનો અને બેસ્ટ પ્રેક્ટિસ શેર કરવાનો આગ્રહ કર્યો હતો. તેમણે ખાદ્ય પદાર્થો વેચતી લારીઓ પર ગ્લોવ્સ અને સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવા તેમજ બનાસકાંઠા અને ગીર સોમનાથ જેવા મોડેલ સેન્ટર વિકસાવવા સૂચન કર્યું હતું.

## કચ્છ યાત્રા બની વધુ સુલભ : બોરસદ એસ.ટી. ડેપોથી નવી બસને લીલી ઝંડી



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

બોરસદવાસીઓ અને આશાપુરા માતાના ભક્તો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. તા. 07/05/2026 ના રોજ બોરસદ એસ.ટી. ડેપો ખાતેથી બોરસદ થી માતાનામઢ (કચ્છ) સુધીની નવીન એસ.ટી. બસ સેવાનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે માનનીય કેબિનેટ મંત્રીશ્રી રમણભાઈ સોલંકી ના હસ્તે બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિભાગીય નિયામકશ્રી, ડીટીઓ સાહેબ, ડેપો મેનેજર બોરસદ, એસ.ટી. કર્મચારીઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી હતી.નવી બસ સેવા શરૂ થતા માતાનામઢ ખાતે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓને મોટી રાહત મળશે. આ નવી સુવિધાથી યાત્રા વધુ સુખદ, સલામત અને સુલભ બનશે.મુસાફર જનતાએ નવીન શિડ્યૂલને ઉત્સાહભેર આવકાર્યો હતો અને આ સેવાને લોકહિતની મહત્વપૂર્ણ પહેલ ગણાવી ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

## વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સાસણ ખાતે મુલાકાત

નરેન્દ્ર દવે જૂનાગઢ : વન અને પર્યાવરણ , ક્લાઈમેટ ચેન્જ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તારીખ ૦૯ ને શનિવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે સાસણ ખાતે સ્થાનિક પદાધિકારીશ્રીઓ, હોટેલ એસોસિએશનના આગેવાનો તેમજ જંગલ સફારીના ડ્રાઈવરો અને ગાઈડ સાથે બેઠકના આયોજનમાં ઉપસ્થિત રહેશે અને સાસણ ગીર ખાતે જંગલ સફારીની મુલાકાત લેશે .

# વેકેશન માં પ્રવાસ

મામા નું ઘર કેટલે દીવો બળે એટલે, દીવો મેતો દીઠો મામો લાગે મીઠો...

દર વર્ષે બાળકો ને સ્કૂલ માં દોઢ મહિનાનું વેકેશન પડે છે ને ત્યારે તમને પણ મારા જેમ બાળપણનું વેકેશન અચૂક યાદ આવતું હશે. આપણા એ દિવસો ખાસ હતા કેમકે વેકેશન ની રાહ આપણા કરતા આપણી મમ્મીઓને વધારે હતી. વર્ષ માં ઉનાળુ વેકેશન ના દોઢ માસ માં માત્ર પંદર વીસ દિવસ જ મમ્મી પિયર જતી હતી.મમ્મી ને વાર તહેવાર ની ઝંઝટ માં ખૂબ કામ રહેતું હતું એટલે પિયર તો ઠીક એ દિવસો માં આરામ પણ ભૂલી જતી હતી.ઉનાળાનું વેકેશન પડતા જ બાળકો સાથે પિયર જવાની હોંશ માં મમ્મી સાથે બાળકો ના પણ બેગ બિસ્તરા પેક થઈ જતા હતા. મામાના ઘરની મીઠી મધ જેવી રસની કેરી અને ડુંગળી બટેટા કે ગુવાર ના શાકનો સ્વાદ આજ પણ મારા જીભ ના ટેરવે છે. વલભીપુર ના ખારા પટ પર આવેલ ભોગવો નદી ઉનાળા માં સુકાઈ જતી હતી એટલે ડુંગળી, બટેટા અને ગુવાર શાક માંડ વેચાતાં હતા.નળ માં ખારું પાણી જ આવતું હતું એટલે મામા ની સાયકલ પર બેસી ને સુકાઈ ગયેલ નદી ના પટ માં વિયડો બનાવી ને મીઠું પાણી ભરવા જતા હતા.મને યાદ છે વેકેશન માં મામાના ઘરે વલભીપુર જવાની વાત મારી મિત્ર મંડળી આગળ મોઢું ભાર માં રાખીને બોલતી હતી ને કે કાલ એસ.ટી બસ માં મારા મામા ના ઘરે જાવ છું.ત્યારે મારી મિત્ર ટોળી આંખો પહોળી કરીને બોલતી હતી કે વાહ!!રે!!એલી,તારી તો લોટરી લાગી ગઈ તને એસ.ટી બસમાં મુસાફરી કરવા મળશે.. અમારા મામા ગામ રહે એટલે અમારા એસ. ટી બસ માં મુસાફરી કરવાના નસીબ નથી...

આજ થી પચાસ સાંઈઠ વર્ષ પહેલા ભારત ના સામન્ય માણસ નું જીવન સાધન સુવિધા વગર નું તદ્દન સરળ પણ ખુશ ખુશાલ વધારે હતું એટલે તો બધાને એસ.ટી બસ પણ મર્સિડિઝ જેવી લાગતી હતી.પંખાની હવા તો સ્ટેટ્સ સિમ્બોલ ગણાતું હતું.વેકેશનની મોજ મજા દેશ વિદેશ ની યાત્રા ને બદલે "મામાનું ઘેર કેટલે" માં ખુશખુશાલ હતું. પપ્પા ની સાયકલની પાછળ ની સીટ પર બેઠા હોઈએ ને ત્યારે પર્સનલ વિમાન માં બેઠા હોય એટલો આનંદ થતો હતો.ત્યારે માણસ ની અપેક્ષાઓ ઓછી હતી એટલે આંખ માં સપના ઓછા હતા.ભૂલ થી આકાશ માંથી ઘરરરર અવાજ સંભળાય તો બધા અહોભાવ થી બોલતા હતા કે આ તો હવાઈ જહાજ નો અવાજ છે. વેકેશન માં ભાણેજ ને મામા એ શું જમાડ્યા કે અપાવ્યું? ખાસ મહત્વ નું નહતું. સામન્ય માણસ ની વાર્તા માં મામા પણ સામન્ય વર્ગ માં આવતા હતા એટલે તો પછેડી એટલી ખુશી બહેન અને ભાણેજો પર વરસાવતા હતા. વેકેશન એ એક પ્રકારે શરીર ની રિકવરી પ્રોસેસ છે જે શરીર ને ફરીથી રિચાર્જ કરે છે.વેકેશન પડતા






- રુપાલી દવે

જ પ્રવાસ મામા ને ઘરે કે પછી દેશ વિદેશ માં અત્યંત જરૂરી છે.આજ ભારતમાં એવરેજ માણસ થી લઈને માધ્યમ વર્ગીય પણ નાના મોટા પ્રવાસ કરતા હોય છે.ભારતમાં ટેક્નોલોજી નો ઉપયોગ ભરપૂર વધતા બાળકોનો પણ વેકેશન બાબતે અભિપ્રાય હોય છે. ગોખણીયા ભણતર માં બાળકોનું સોશિયલિઝમ ખત્મ થઈ જતું હોય છે.વેકેશનમાં પણ સ્કૂલો વાલીઓને "વેકેશન વર્ક" ની યાદી પકડાવતી હોય છે.આ કારણોસર વેકેશન પડતા જ મામા નું ઘર વિસરાઈ જતા ખુદ મામા મામી બાળકો સાથે વેકેશનમાં ફરતા થઈ ગયા છે.આજે પણ બાળકો ના વેકેશન પડતા જ મમ્મીઓની મનોમન ઈચ્છા મન ગમતા સ્થળ પિયરની વાટ પકડવાની હોય છે પણ વેકેશનના હોમવર્કનું ટેન્શન અને બાળકોની ખુશી માટે ઘર થી દૂર સાસણ ગિર, સાપુતારા, કુર્ગ,મસુરી, નૈનિતાલ, ઊટી,કાશ્મીર વગેરે વગેરે સ્થળોએ પરિવાર સાથે વેકેશન ના અમુક દિવસો નીકળી જાય છે. એ.સી સ્કૂલ માં બાળકો ભણતા હોવાથી એસ.ટી બસ કે ટ્રેન ના સેકન્ડ ક્લાસ ડબ્બા માં મુસાફરી કરવાથી એ જલ્દી બીમાર પડી જતા હોય છે. આ કારણોસર વેકેશનની બાળકો ની ટ્રીપ પ્લેન કે ટ્રેન ના એ.સી કોચ માં થાય છે. એ.સી હોટેલ માં સ્ટે અને જમવામાં પિઝા પાસ્તા ના હોય તો બાળકો જમવા માટે મોઢું પણ માંડ માંડ ખોલે છે.

વર્તમાન સમયમાં વેકેશન પડતા જ દેશ વિદેશના પ્રવાસ એ જવાનો ટ્રેન્ડ વધ્યો છે. આ ટ્રેન્ડ પાછળ બાળકોના શોખ,પરિવાર ના સભ્યો ની દૈનિક જીવન શૈલી અને મમ્મી પપ્પા ના વ્યસ્ત જીવન માંથી બ્રેક છે.સામન્યથી માધ્યમ વર્ગીય પરિવાર માં જેવું બાળકોની સ્કૂલ માં વેકેશન પડે એ ભેગા પ્રવાસનું આયોજન થવા લાગે છે. મોટાભાગ ના પતિ પત્ની મોઘવારી અને બાળકો ના ખર્ચાળ ભણતરને પહોંચી વળવા જોબ કરતા હોય છે.આ કારણોસર જોબમાં વ્યસ્તતા, ઓફિસ કામના દબાણ,જોબ માં લાંબી રજાઓ લઈ શકતા નથી, આ ઉપરાંત બાળકો પણ ભણતર સાથે સાથે બીજી અનેક પ્રવૃતિઓ માં જોડાયા હોવાના લીધે ઉનાળા ના વેકેશન સિવાઈ બધાનો ફરવા જવાનો મેળ પડતો નથી.આજ કાલ મોટાભાગે લોકો બી. પી,ડાયાબિટીસ,માનસિક રોગો વગેરે એકલવાયું અને એકધારા જીવનના લીધે પરેશાન છે. આધુનિક સમય ના અત્યંત વ્યસ્ત જીવન માંથી બ્રેક લેવો બધા માટે અત્યંત જરૂરી છે. પ્રવાસ એ એક પ્રકારે સ્વાસ્થ્ય માટે "બૂસ્ટર ડોઝ" માનવા માં આવે છે.૨૦૨૫ માં થયેલ એક સર્વે અનુસાર વ્યસ્ત જીવન માંથી અમુક દિવસો નો બ્રેક ન લેવાથી "ક્રોનિક સ્ટ્રેસ" નામની બીમારી નો ભોગ શરીર બને શકે છે. પ્રવાસ એ થાકી અને કંટાળી ગયેલ શરીર ને ટ્રેસ મુક્ત કરીને ફરીથી તાજગી આપે છે.

એક સર્વે મુજબ ૯૭% લોકો માને છે ટ્રિપ નું પ્લાનિંગ કરતી વખતે જ મૂડ ખુશી માં બદલાઈ જતા માનસિક આનંદ મળતો હોય છે.જ્યારે વેકેશન નું સ્થળ નક્કી થઈ જાય છે ત્યારે ત્યાં જવાની તાલાવેલી વધતા શરીર માં પોઝિટિવ ઉર્જા વધી જતા પ્રવાસની તૈયારીઓમાં સમય અને ખર્ચ ની પણ પરવા નથી કરતા. વેકેશન માં મામા ના ઘરે જવાની થિયરી માં ભલે હાલ લાંબો ફર્ક પડ્યો છે પણ ઘર થી દૂર રૂટિન લાઈફ સ્ટાઈલ થી અલગ કરવાથી શારીરિક અને માનસિક આનંદ પ્રાપ્ત થાય છે.ઘર મામાનું હોય કે પછી ગીર ના જંગલો,સાપુતારા ના પર્વતો,દિવ નો દરિયો,ગોવાનો બીચ કે પછી મસૂરી અને નૈનિતાલ ના પહાડી વિસ્તાર માં ભટકવાનો આનંદ, કાશ્મીર ની ખીણ નો સુંદર અદભૂત નજારો જોવાનો વગેરે વગેરે પ્રવાસે જઈને વર્ષ માં એકાદ વાર આનંદ કરવો જોઈએ.

# રસ્તા પર બનાવેલા ટેન્ટમાં ગ્લેમરનો ભપકો...!

## મેટ ગાલાની 'લક્ઝરી'ની પોલ ખોલતો VIDEO; 83 લાખની ટિકિટ, કરોડોના કોસ્ચ્યુમ્સ પહેરી સેલેબ્સે રસ્તા પર વોક કર્યું

(એજન્સી) મુંબઈ | તા.07 ફેશન જગતની સૌથી મોટી ઈવેન્ટ એટલે કે 'મેટ ગાલા' 2026નું તાજેતરમાં જ આયોજન થયું હતું. મે મહિનાના પહેલા સોમવારે યોજાયેલા આ ગ્રાન્ડ ઈવેન્ટમાં વિશ્વભરમાંથી આવેલા ગ્લોબલ સ્ટાર્સે મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ (MET)ના રેડ કાર્પેટ પર ચાલીને 'ફેશનનો ઓસ્કર' મળ્યો હોય તેવું અનુભવ્યું હતું. જોકે, કરોડોના ડ્રેસિસ અને લાખોની ટિકિટો વચ્ચે સેલેબ્સે રસ્તા પર બનેલા કામચલાઉ ટેન્ટમાં વોક કર્યું હોવાનો ખુલાસો થયો છે. વાસ્તવમાં આ ઈવેન્ટ બાદ ન્યુયોર્કવાસીઓએ કેટલાક વીડિયો શેર કર્યા છે, જેમાં આ 'લક્ઝરી' પાછળની વાસ્તવિકતાની પોલ ખોલી નાખી છે.







મેટ ગાલામાં સેલેબ્સની એક ઝલક મેળવવા માટે ચાહકો રાહ જોતા હોય છે. ત્યારે આવા ભવ્યાતીભવ્ય ઈન્વાઈટ ઓન્લી મેટ ગાલાનો નજારો ન્યુયોર્કના રહેવાસીઓએ મફતમાં માણ્યો હતો. વાસ્તવમાં ઈવેન્ટ દરમિયાન ન્યુયોર્કના કેટલાક સ્થાનિક લોકો મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટની બહારથી નીકળા હતા. મેટ ગાલાની ઝાકમઝાળથી ભરેલી દુનિયાના બિહાઈન્ડ ધ સીન (BTS)ને તેમણે પોતાના કેમેરામાં કેદ કરી લીધા હતા. આ પહેલીવાર હતું જ્યારે આ લક્ઝરી દુનિયાની પાછળનો ચહેરો સામાન્ય લોકોની સામે આવ્યો હતો.

મેટ ગાલા દર વર્ષે ન્યુયોર્ક સિટીમાં પ્રખ્યાત મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ ખાતે યોજાય છે. મેનહટનના ફિફ્થ એવન્યુ પર મ્યુઝિયમની સીડીઓ પર પ્રખ્યાત રેડ કાર્પેટ અરાઈવલ્સ થાય છે. વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળી રહ્યુ છે કે, મ્યુઝિયમની બહાર આવેલા રસ્તા પર એક કામ ચલાઉ ટેન્ટ ઊભો કરવામાં આવ્યો છે. આ રસ્તા પર બનેલા વિશાળ કામચલાઉ ટેન્ટમાં વિશ્વની સૌથી મોંઘી અને પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સના કરોડોના કોસ્ચ્યુમ્સ પહેરીને આવેલા સેલેબ્સે વોક કર્યું હતું. ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહેલા મેટ ગાલા રેડ કાર્પેટના ફોટોમાં દેખાતા ગ્લેમર અને ફેશનના ભપકા પાછળનો વીડિયો જોઈને ચાહકો સ્તબ્ધ થઈ ગયા છે. ગાલામાં એન્ટ્રી મેળવવી એ દુનિયાના સૌથી અઘરા કામોમાંનું એક ગણાય છે. આ માત્ર પૈસાનો ખેલ નથી, પરંતુ સત્તા, પ્રતિષ્ઠા અને 'વોગ' (Vogue) મેગેઝિનના એડિટર-ઈન-ચીફ એના વિન્ટોર (Anna Wintour)ની મંજૂરીનો મામલો છે. મેટ ગાલાનો ભાગ બનવા માટે મોટી બ્રાન્ડ્સ, જેમ કે, ગુચી, શનેલ, વર્સાચે, આખું ટેબલ ખરીદે છે. મેટ ગાલાની ટિકિટની કિંમત $100,000 (આશરે 83 લાખ) છે અને 10 લોકોના ટેબલની કિંમત $350,000 થી શરૂ થાય છે. ભલે કોઈ બ્રાન્ડ આખું ટેબલ ખરીદે, પણ તે ટેબલ પર કોણ બેસશે તેનું લિસ્ટ એના વિન્ટોર પાસે મોકલવું પડે છે. જો તેમને કોઈ સેલેબ્રિટી પસંદ ન આવે, તો તે નામ લિસ્ટમાંથી કાઢી નાખવામાં આવે છે. 4 મેના રોજ યોજાયેલા 'મેટ ગાલા 2026'માં ભારતીય બિઝનેસવુમન ઈશા અંબાણી, અનન્યા બિરલા, જયપુરના પ્રિન્સ અને પ્રિન્સેસ ઉપરાંત વિશ્વની સૌથી ધનાઢ્ય સિંગર રિહાના, મેડોના, કેટી પેરી, સબરીના કાર્પેન્ટર, ડોજા કેટ, સેમ સ્મિથે વોક કર્યું હતું.

ઉપરાંત હોલિવૂડ સ્ટાર્સ એન હેથવે, એમિલી બ્લન્ટ, સ્ટેનલી ટ્યૂચી, એલિઝાબેથ ડેબિકી, ગ્વેન્ડોલિન ક્રિસ્ટી, લેના ડનહામ, એન્જેલા બેસેટ, સારાહ પોલસન, કોલમેન ડોમિંગો, હન્ટર શેફર અને જેકબ એલોર્ડી, કિમ કાર્દાશિયન, કેન્ડલ જેનર, કાઈલી જેનર, ક્રિસ જેનર, સ્પોર્ટ્સ પર્સન જેમકે, સેરેના વિલિયમ્સ, એજા વિલ્સન, લુઈસ હેમિલ્ટન, નાઓમી ઓસાકા અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ અલિસા લિયુ તેમજ ફેશન મૉડલ્સ ગીગી હદીદ, હેઈલી બીબર, હેઈડી ક્લમ, કારા ડેલીવીન્ગ્ને, એશ્લે ગ્રેહામ, પાલોમા એલ્સેસર, એનોક યાઈ અને ઈરિના શાયક સહિતના સેલેબ્સે વોક કર્યું હતું.

# થલાપતિ વિજયની પાર્ટી પર ચિન્મયી શ્રીપદાનો પ્રહાર

## TVK કાર્યકરની જાતીય સતામણી કેસમાં ધરપકડ થતા સિંગરે પૂછ્યું- 'શું આ જ પરિવર્તન છે?'



(એજન્સી) મુંબઈ | તા.07

થલાપતિ વિજયની પાર્ટી TVK (તમિલ વેટ્રી કઝગમ) એ તમિલનાડુ ચૂંટણીમાં 108 બેઠકો જીતી છે. ચૂંટણીના પરિણામો જાહેર થયાના તરત જ તેમની પાર્ટીના એક કાર્યકરની સગીરા પર દુષ્કર્મ આચરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ સમાચાર સામે આવ્યા બાદ સિંગર ચિન્મયી શ્રીપદાએ વિજયની પાર્ટી પર પ્રશ્ન ઉઠાવતા તેની ટીકા કરી છે.

ચિન્મયી શ્રીપદાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર થલાપતિ વિજયની પાર્ટીના કાર્યકરની ધરપકડ પર પ્રતિક્રિયા આપતા લખ્યું છે કે, 'જે લોકો જાતીય ગુનાઓ કરે છે, તેઓ ઘણીવાર ત્યાં પહોંચવાનો પ્રયાસ કરે છે, જ્યાં તેમને શક્તિ અને છટકી જવાની તક દેખાય છે. TVK (તમિલ વેટ્રી કઝગમ) માં એક આવા વ્યક્તિ પર સગીરા સાથે જાતીય શોષણનો આરોપ છે. પાર્ટીએ પહેલા તેનું યોગ્ય બેકગ્રાઉન્ડ ચેક કરવું જોઈતું હતું.'

ચિન્મયી શ્રીપદાએ આગળ લખ્યું, 'જો પરિવર્તનનું વચન આપનારા લોકો પણ આવી ભૂલો કરે, તો પછી બાળકો અને મહિલાઓની સુરક્ષાને લઈને આશા ઓછી થઈ જાય છે. વારંવાર એ કહેવું સારું નથી લાગતું કે 'બધા એક જેવા છે', પરંતુ આવી ઘટનાઓ લોકોને આ જ વિચારવા મજબૂર કરી દે છે.'

એક્ટરથી રાજનેતા બનેલા થલાપતિ વિજયની પાર્ટીના સભ્યની તાજેતરમાં ધરપકડ કરવામાં આવી છે. તેના પર 10 વર્ષની બાળકીનું યૌન શોષણ કરવાનો આરોપ છે. આરોપીની ઓળખ દિનેશ ઉર્ફે પામ્બુ દિનેશ તરીકે થઈ છે. તેની વિરુદ્ધ પીડિતાના પરિવારે આ અઠવાડિયે ફરિયાદ નોંધાવી હતી, જેના પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

વિજયે 2 વર્ષ પહેલા તમિલ વેટ્રી કઝગમ પાર્ટી બનાવી. તેની પાર્ટીએ તમિલનાડુ ચૂંટણીમાં તમામ 234 બેઠકો પરથી ચૂંટણી લડી, જેમાંથી પાર્ટી 108 બેઠકો પર વિજયી રહી. જોકે બહુમતી માટે 118 બેઠકોની જરૂર છે. વિજયે પોતે બે બેઠકો પેરામ્બુર અને તિરુચિરાપલ્લી પરથી ચૂંટણી લડી અને જીત મેળવી.

જો વિજયની પાર્ટીને બહુમતી મળે છે, તો તે તમિલનાડુના મુખ્યમંત્રી બની શકે છે. નોંધનીય છે કે, વિજય આ દિવસોમાં ચૂંટણી જીતવા ઉપરાંત સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન સાથે નામ જોડાવાને કારણે પણ ચર્ચામાં છે. તમિલનાડુ ચૂંટણીના પરિણામો ત્રિશા કૃષ્ણનના જન્મદિવસ એટલે કે 4 મેના રોજ આવ્યા હતા.

# અક્ષયે એક્ટિંગમાંથી બ્રેક લીધો!

## 'કેરલમ'નું શૂટિંગ બાદ સીધો હૉસ્પિટલ પહોંચ્યો, આંખોની સર્જરી કરાઈ

(એજન્સી) મુંબઈ | તા.07

બોલિવૂડના 'ખિલાડી કુમાર'ના ચાહકો માટે ખરાબ સમાચાર છે, કારણ કે વર્ષમાં 3-4 ફિલ્મો કરનાર અક્ષય કુમારે ફિલ્મો અને એક્ટિંગમાંથી એક નાનો બ્રેક લીધો છે. આ બ્રેકનું કારણ તેની આંખોની સર્જરી છે.

રિપોર્ટમાં એક્ટર સાથે જોડાયેલા નજીકના સૂત્રના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે, 'અક્ષય કુમારની માઈનર સર્જરી થઈ છે, જે 6 મેની સવારે કરવામાં આવી છે. આ એક વિઝન કરેક્શનની સર્જરી હતી. હવે અક્ષય થોડા દિવસો માટે બ્રેક લેશે અને સ્વસ્થ થવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, કારણ કે તેમણે અનીસ બઝમી સાથે પોતાની આગામી ફિલ્મ 'કેરલમ'નું શૂટિંગ શેડ્યૂલ પણ પૂરું કરી લીધું છે. આ ફિલ્મમાં તેઓ વિદ્યા બાલન અને રાશિ ખન્ના સાથે જોવા મળશે.'

સૂત્રો અનુસાર, અક્ષય કુમારની આંખોની સર્જરી 6 મેના રોજ થઈ છે. તેના થોડા કલાકો પહેલા જ તેણે ફિલ્મ 'કેરલમ'નું શૂટિંગ પૂરું કર્યું હતું. અક્ષયે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી સેટનો એક ફોટો શેર કરતા લખ્યું હતું, 'કેરલમ શેડ્યૂલ પૂરું થયું. સુંદર જગ્યાએ સારા લોકો સાથે કામ કરવાથી વધુ સારું કંઈ નથી હોતું. અમારા ડિરેક્ટર અનીસ બઝમીને કેમેરા પાછળની તેમની શાનદાર એનર્જી માટે ખૂબ પ્રેમ, અને મારા ઉત્તમ કો-સ્ટાર્સ વિદ્યા બાલન, રાખી ખન્ના, છોટા રાજપાલ અને આખી ટીમનો દિલથી આભાર. આ પ્રોજેક્ટ મારા માટે ખૂબ જ ખાસ રહ્યો.'

અક્ષય કુમાર બોલિવૂડમાં વાર્ષિક સૌથી વધુ ફિલ્મો કરવા માટે જાણીતો છે. આ દિવસોમાં એક્ટર હોરર કોમેડી ફિલ્મ 'ભૂત બંગલા'થી ચર્ચામાં છે, જેને સિનેમાઘરોમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ જ વર્ષે તેની બે મોટી ફિલ્મો, 'વેલકમ ટુ ધ જંગલ' અને 'હૈવાન' રિલીઝ થવાની છે. હાલમાં બંનેની રિલીઝ ડેટ્સ સામે આવી નથી. આ ઉપરાંત, આવતા વર્ષે એટલે કે 2027 માટે તેની 3 ફિલ્મો શેડ્યૂલ છે, જેમાં 'કેરલમ', 'વેદત મરાઠે વીર દૌડલે સાત' અને 'ગોલમાલ 5'નો સમાવેશ થાય છે.



# આલિયાને ઘેરાયેલી જોઈ રણબીર કપૂર પાપારાઝી પર ભડક્યો : ફોટોગ્રાફર્સને પાછળ હટાવ્યા



(એજન્સી) મુંબઈ | તા.07

બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર ફરી એકવાર વાઈરલ વીડિયોને કારણે ચર્ચામાં છે. આ વખતે મામલો પાપારાઝી સાથે જોડાયેલો છે. મુંબઈમાં ફિલ્મ 'દાદી કી શાદી'ના સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન રણબીર ફોટોગ્રાફર્સ પર નારાજ જોવો મળ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે.

રણબીર પત્ની આલિયા ભટ્ટ સાથે સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ ઈવેન્ટ તેમની માતા નીતુ કપૂરની ફિલ્મ 'દાદી કી શાદી' માટે રાખવામાં આવી હતી. જેમ જ બંને વેન્યુમાંથી બહાર નીકળ્યા, પાપારાઝીએ તેને ચારે બાજુથી ઘેરી લીધા. વીડિયોમાં ભીડ અને કેમેરાની ધક્કામુક્કીથી રણબીર અસ્વસ્થ દેખાયો.

વાઈરલ ક્લિપમાં રણબીર પાપારાઝીને પાછળ હટવા અને અંતર જાળવી રાખવા કહેતા જોવા મળી રહ્યા છે. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટરે પોતાનો પિત્તો ગુમાવ્યો. ઘણા ચાહકોનું માનવું છે કે રણબીર આલિયાને ભીડથી બચાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

સોશિયલ મીડિયા પર આ વીડિયોને લઈને મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. ઘણા યુઝર્સે રણબીરનું સમર્થન કરતા લખ્યું કે સેલિબ્રિટીઝની પણ પર્સનલ સ્પેસ હોય છે અને પાપારાઝીએ મર્યાદાઓ સમજવી જોઈએ. કેટલાક લોકોએ એક્ટરના વર્તનને ઓવરરિએક્શન ગણાવ્યું. આ સ્ક્રીનિંગ ફિલ્મ 'દાદી કી શાદી'ના રિલીઝ પહેલા રાખવામાં આવી હતી. તેમાં કપૂર પરિવારના ઘણા સભ્યો હાજર રહ્યા.

# સલમાન સાથે ટકરાશે પ્રભાસ, 'સ્પિરિટ' પર આવ્યું મોટું અપડેટ

(એજન્સી) મુંબઈ | તા.07

સાઉથ સુપરસ્ટાર પ્રભાસની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સ્પિરિટ'ને લઈને ચાલી રહેલી અટકળો પર મેકર્સે અપડેટ જાહેર કર્યું છે. સોશિયલ મીડિયા પર સમાચાર હતા કે ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધી શકે છે. ઓફિશિયલ નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે 'સ્પિરિટ' નિર્ધારિત સમય પર જ રિલીઝ થશે.

મેકર્સ અનુસાર, 'સ્પિરિટ' 5 માર્ચ 2027ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. પ્રોડક્શન ટીમે જણાવ્યું કે ફિલ્મનું કામ પ્લાન મુજબ આગળ વધી રહ્યું છે. રિલીઝ ડેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચા હતી કે પ્રભાસની આ ફિલ્મ સલમાન ખાનની ઈદ 2027 પર રિલીઝ થનારી ફિલ્મ SVC63 (વર્કિંગ ટાઈટલ) સાથે ટકરાઈ શકે છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે મેકર્સ બોક્સ ઓફિસ ટકરાવ ટાળવા માટે 'સ્પિરિટ'ને ડિસેમ્બર 2027 સુધી મુલતવી રાખવાનું વિચારી રહ્યા છે.

# બધાઈ હોના ડિરેક્ટર અમિત શર્માએ બંને કલાકારોને એક રોમકોમ ઓફર કરી

## જાહ્નવી -શાહિદ પહેલીવાર સાથે કામ કરે તેવી શક્યતા

મુંબઈ : શાહિદ કપૂર અને જાહ્નવી કપૂર એક રોમ કોમમાં સાથે કામ કરે તેવી શક્યતા છે. 'બધાઈ હો'ના ડિરેક્ટર અમિત શર્માએ તેમને એક ફિલ્મની ઓફર કરી છે. આ પ્રોજેક્ટ આગળ વધશે તો ફિલ્મી પડદે પહેલીવાર શાહિદ અને જાહ્નવીનુ કોલબરેશન જોવા મળશે.

છેલ્લા કેટલાક સમયથી એક્શન ફિલ્મો કરી રહેલો શાહિદ લાંબા સમયથી એક હળવા સબ્જેક્ટની શોધમાં હતો. બીજી તરફ જાહ્નવી પણ બોલિવુડમાં કારકિર્દી સ્થિર થાય તેવી કોઈ સારી ફિલ્મ શોધી રહી છે.

અમિત શર્માના પ્લાનિંગ પ્રમાણે ફિલ્મનું શૂટિંગ આગામી ઓક્ટોબરમાં શરુ થવાનું છે. હાલ ફિલ્મની સપોર્ટિંગ કાસ્ટને ફાઈનલ થઈ રહી છે. આ ફિલ્મને આવતાં વર્ષના મધ્યમાં રીલિઝ કરાશે.

## એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

### બાયર્ન મ્યુનિચ સામે રોમાંચક જીત

# PSG સતત બીજીવાર ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં



(એજન્સી) મ્યુનિચ । તા. 07

ડિફેન્ડિંગ ચેમ્પિયન પેરિસ સેન્ટ-જર્મન (PSG) એ ફરી એકવાર પોતાની તાકાત બતાવી યુઈએફએ (UEFA) ચેમ્પિયન્સ લીગની ફાઈનલમાં સતત બીજી વખત સ્થાન મેળવ્યું છે. જર્મનીના બાવેરિયામાં રમાયેલા સેમી-ફાઈનલના બીજા લેગમાં બાયર્ન મ્યુનિચ સામે 1-1 થી ડ્રો રમીને, PSG એ કુલ 6-5 ના એગ્રીગેટ સ્કોર સાથે વિજય મેળવ્યો છે. લુઈસ એનરિકના માર્ગદર્શન હેઠળની આ ટીમે અત્યંત રસાકસીભર્યા મુકાબલામાં જર્મન જાયન્ટ્સને હંફાવી દીધા હતા.

મેચની શરૂઆત થતાની સાથે જ PSG એ બાયર્ન મ્યુનિચને આંચકો આપ્યો હતો. ત્રીજી જ મિનિટે ફેબિયન રુઈઝના પાસ પર ક્વારાત્સખેલિયાએ શાનદાર રમત બતાવી ઓસ્માન ડેમ્બેલેને બોલ પાસ કર્યો હતો, જેણે તેને ગોલમાં ફેરવી ટીમને 1-0 થી સરસાઈ અપાવી હતી. આ ગોલને કારણે બાયર્ન માટે મુશ્કેલીઓ વધી ગઈ હતી અને તેમને રમત પાછી મેળવવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો.

વિન્સેન્ટ કોમ્પનીની ટીમે મેચમાં પરત ફરવા માટે અનેક પ્રયાસો કર્યા હતા. લુઈસ ડાયઝ અને માઈકલ ઓલિસે આક્રમક રમત બતાવી હતી, પરંતુ PSG ના ગોલકીપર સફોનોવે મજબૂત દિવાલ બનીને અનેક ગોલ રોક્યા હતા. જોકે, મેચના અંતિમ તબક્કે હેરી કેને તેના ડાબા પગથી શાનદાર પ્રહાર કરી સિઝનનો તેનો 14મો ચેમ્પિયન્સ લીગ ગોલ ફટકાર્યો હતો. પરંતુ આ ગોલ ઘણો મોડો આવ્યો હોવાથી તે માત્ર આશ્વાસન બની રહ્યો હતો.

લુઈસ એનરિક માટે આ ત્રીજી ચેમ્પિયન્સ લીગ ફાઈનલ હશે. અગાઉ તેઓ બાર્સેલોના સાથે ટ્રોફી જીતી ચૂક્યા છે અને ગયા વર્ષે PSG ને ચેમ્પિયન બનાવ્યું હતું. હવે PSG પોતાની આ સફળતા જાળવી રાખવા માટે બુડાપેસ્ટમાં આર્સનલ સામે ટકરાશે. મીડિયા અહેવાલ મુજબ, PSG ની ડિફેન્સિવ રમત આ મેચમાં આકર્ષણનું કેન્દ્ર રહી હતી, જેણે બાયર્નના આક્રમણને ખાળી રાખ્યું હતું.

### અભિષેક શર્માનો રેકોર્ડ દિગ્ગજોની ક્લબમાં છઠ્ઠું સ્થાન, પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચ્યું સનરાઈઝર્સ હૈદરાબાદ

# IPL હૈદરાબાદ વિજય પંજાબને હરાવી મેળવ્યું મોખરાનું સ્થાન

(એજન્સી) હૈદરાબાદ । તા. 07

આઈપીએલ ૨૦૨૬ની સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદનો વિજયી રથ અટકવાનું નામ લેતો નથી. બુધવારે રમાયેલા સીઝનના ૪૯માં રોમાંચક મુકાબલામાં હૈદરાબાદે પંજાબ કિંગ્સને ૩૩ રને પછાડીને શાનદાર જીત નોંધાવી છે. આ જીત સાથે જ હૈદરાબાદની ટીમ હવે સત્તાવાર રીતે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને બિરાજમાન થઈ ગઈ છે. ૨૩૬ રનના પહાડ જેવા લક્ષ્યાંક સામે પંજાબના બેટ્સમેનોએ સંઘર્ષ કર્યો હતો, જેમાં કૂપર કોનલીની સદી પંજાબની હાર ટાળી શકી નહોતી. હૈદરાબાદે ફરી એકવાર પોતાની બેટિંગ તાકાતનું પ્રદર્શન કરીને સાબિત કર્યું છે કે તેઓ આ ખિતાબના પ્રબળ દાવેદાર છે.

### હૈદરાબાદી બેટ્સમેનોનું તોફાન

મેચની શરૂઆતમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ હૈદરાબાદના ઓપનરોએ આ નિર્ણયને ખોટો સાબિત કરવામાં મિનિટો લગાડી હતી. અભિષેક શર્માએ માત્ર ૧૩ બોલમાં ૩૫ રનની આક્રમક ઈનિંગ રમી જેમાં તેણે ૪ ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. ટ્રેવિસ હેડે પણ ૩૮ રનનું યોગદાન આપી પાયો મજબૂત કર્યો હતો. ત્યારબાદ ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન વચ્ચેની ભાગીદારીએ પંજાબના બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. કિશને આક્રમક ૫૫ રન અને ક્લાસેને માત્ર ૪૩ બોલમાં ૬૯ રન ઝૂડી કાઢતા હૈદરાબાદે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૩૫ રનનો સ્કોર ખડો કર્યો હતો.

### અભિષેક શર્માએ રચ્યો ઈતિહાસ

આ મેચમાં હૈદરાબાદના ઓપનર અભિષેક શર્માએ એક અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. તેની તોફાની ૩૫ રનની ઈનિંગ દરમિયાન ૪ સિક્સ ફટકારતાની સાથે જ તે ભારતની ધરતી પર ટી૨૦ ક્રિકેટમાં



૩૦૦ છગ્ગા પૂરા કરનાર વિશ્વનો છઠ્ઠો બેટ્સમેન બની ગયો છે. આ રેકોર્ડ સાથે જ તે રોહિત શર્મા, વિરાટ કોહલી અને ક્રિસ ગેલ જેવા દિગ્ગજોની હરોળમાં સામેલ થયો છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતની ધરતી પર સૌથી વધુ ૩૮૮ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ હજુ પણ રોહિત શર્માના નામે છે, પરંતુ અભિષેકની આ રફ્તાર જોતા તે જલ્દી જ નવા શિખરો સર કરશે તેવું જણાય છે.

૨૩૬ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી પંજાબની શરૂઆત આંચકાજનક રહી હતી. ઓપનર પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહ સસ્તામાં પેવેલિયન ભેગા થતા ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી. મધ્યક્રમમાં શ્રેયસ અય્યર પણ માત્ર ૫ રન બનાવી આઉટ થતા પંજાબની હાર નિશ્ચિત જણાતી હતી. જોકે, કૂપર કોનલીએ હાર માન્યા વગર મેદાનના ચારેય ખૂણે ફટકાબાજી શરૂ કરી હતી. કોનલીએ ૫૯ બોલમાં ૧૦૭ રનની અણનમ ઈનિંગ રમી જેમાં ૮ છગ્ગા અને ૭ ચોગ્ગા સામેલ હતા. તેણે ટીમને જીતની નજીક લાવવાનો પ્રયાસ કર્યો પણ અન્ય કોઈ બેટ્સમેનનો સાથ ન મળતા પંજાબ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૨ રન જ બનાવી શક્યું હતું.

### પોઈન્ટ ટેબલની સ્થિતિ

આ શાનદાર જીત બાદ હૈદરાબાદની ટીમ હવે ૧૧ મેચમાં ૧૪ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ છે. બીજી તરફ, પંજાબ કિંગ્સ ૧૦ મેચમાં ૧૩ પોઈન્ટ સાથે બીજા સ્થાને સરકી ગઈ છે. હૈદરાબાદની રન રેટ પણ હવે નોંધપાત્ર રીતે સુધરી છે, જે તેમને પ્લે-ઓફની રેસમાં વધુ મજબૂત બનાવે છે.

# સિગમેન ચેસ ટૂર્નામેન્ટ: અર્જુન એરિગૈસી જીતની નજીક, મેગ્નસ કાર્લસન પર બનાવી લીડ

(એજન્સી) માલ્મો (સ્વીડન) । તા. 07

ભારતના યુવા અને તેજસ્વી ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ 'સિગમેન એન્ડ કંપની ચેસ ટૂર્નામેન્ટ ૨૦૨૬' માં પોતાનું વિજયી અભિયાન જારી રાખતા ખિતાબ તરફ મજબૂત કદમ વધાર્યા છે. પેનલ્ટીમેટ (છેલ્લાથી આગળના) રાઉન્ડમાં અર્જુને ચીનની ઝુ જિનેરને પરાજય આપીને પોઈન્ટ ટેબલમાં એકલપંડિતે લીડ મેળવી લીધી છે. ૬ રાઉન્ડના અંતે ૪.૫ પોઈન્ટ સાથે અર્જુન અત્યારે પ્રથમ સ્થાને છે.

બુધવારે રમાયેલી રોમાંચક ગેમમાં ઝુ જિનેરે મજબૂત બચાવ કર્યો હતો, પરંતુ અર્જુને એન્ડગેમમાં પોતાની ચોકસાઈ બતાવીને ૬૭ ચાલમાં જીત હાંસલ કરી હતી. નોંધનીય છે કે, સમગ્ર ટૂર્નામેન્ટમાં અર્જુન એરિગૈસી અને નોદિરબેક




અબ્દુસત્તોરોવ એવા બે જ ખેલાડીઓ છે જે અત્યાર સુધી એક પણ મેચ હાર્યા નથી.

વિશ્વના નંબર વન ખેલાડી મેગ્નસ કાર્લસને એન્ડી વુડવર્ડ સામે 'કિંગ્સ ઈન્ડિયન' ડિફેન્સ અપનાવીને જીત મેળવી હતી. ૪ પોઈન્ટ સાથે કાર્લસન અને તુર્કીના ઉભરતા સ્ટાર યાગીઝ કાન એર્દોગમસ સંયુક્ત રીતે બીજા ક્રમે છે. હવે અંતિમ રાઉન્ડમાં આ બંને ખેલાડીઓ પ્રથમ વખત ક્લાસિકલ ફોર્મેટમાં આમને-સામને થશે, જે ટાઈટલ રેસ માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે.

### ખિતાબનું સમીકરણ

અર્જુન એરિગૈસી અંતિમ રાઉન્ડમાં અમેરિકાના એન્ડી વુડવર્ડ સામે ટકરાશે. જો અર્જુન આ મેચ જીતવામાં સફળ રહે છે, તો તે કોઈ પણ ગણતરી વગર સીધું જ ચેમ્પિયન બની જશે. બીજી તરફ, કાર્લસન માટે એર્દોગમસ સામેની જીત અનિવાર્ય છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે જોર્ડન વાન ફોરેસ્ટ, જેણે અગાઉ કાર્લસનને હરાવ્યો હતો, તે નિલ્સ ગ્રાન્ડેલિયસ સામે ડ્રો રમીને ટાઈટલની રેસમાંથી બહાર થઈ ગયો છે. હવે આખી દુનિયાની નજર ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન પર છે, જે ઈતિહાસ રચવાથી માત્ર એક ડગલું દૂર છે.

# ગિલક્રિસ્ટના મતે સંજુ સેમસન છે વિશ્વનો સર્વશ્રેષ્ઠ T20 બેટર

### વ્હાઈટ બોલ ક્રિકેટમાં સંજુનો દબદબો અને આક્રમક અંદાજ



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ દિગ્ગજ વિકેટકીપર બેટર અને કેપ્ટન એડમ ગિલક્રિસ્ટે ભારતના સ્ટાર ખેલાડી સંજુ સેમસનની બેટિંગના મુક્તકંઠે વખાણ કર્યા છે. ગિલક્રિસ્ટનું માનવું છે કે વર્તમાન સમયમાં T20 ફોર્મેટમાં સંજુ સેમસન જેવો પ્રભાવશાળી બેટર બીજો કોઈ નથી. ગિલક્રિસ્ટે સંજુની જવાબદારીપૂર્વક મેચ ફિનિશ કરવાની ક્ષમતાને 'અસાધારણ' ગણાવી છે, જે તેને વિશ્વના અન્ય દિગ્ગજ બેટર્સથી અલગ તારવે છે.

### આઈપીએલ 2026 માં રનનો પહાડ

ટી-20 વર્લ્ડ કપ 2026 માં ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવ્યા બાદ સંજુ સેમસન અત્યારે આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) તરફથી ધમાકેદાર પ્રદર્શન કરી રહ્યો છે. સીઝનની પ્રથમ ૧૦ મેચોમાં જ તેણે ૪૦૨ રન ફટકારી દીધા છે. આ પ્રદર્શનમાં ૨ આક્રમક સદી અને ૧ અડધી સદીનો સમાવેશ થાય છે. હાલમાં તે ઓરેન્જ કેપની રેસમાં ટોચના પાંચ બેટર્સમાં સ્થાન ધરાવે છે, જે તેની સાતત્યતા દર્શાવે છે.

### આંકડામાં સંજુનો જાદુ

સંજુ સેમસનના આઈપીએલ કરિયર પર નજર કરીએ તો તે અત્યંત પ્રભાવશાળી રહ્યું છે. ૧૮૬ મેચોમાં તેણે ૩૧.૯૧ ની સરેરાશથી ૫૧૦૬ રન બનાવ્યા છે, જેમાં ૫ સદી અને ૨૭ અડધી સદીનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેનું કદ સતત વધી રહ્યું છે. ૬૨ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં તેણે ૧૩૯૯ રન બનાવ્યા છે, જેમાં ૩ સદી સામેલ છે. ખાસ કરીને વનડે ફોર્મેટમાં પણ ૧૬ મેચમાં ૫૧૦ રન સાથે તેણે પોતાની ઉપયોગિતા સાબિત કરી છે.

### ગિલક્રિસ્ટની વિશેષ ટિપ્પણી

મીડિયા અહેવાલ મુજબ, એડમ ગિલક્રિસ્ટે જણાવ્યું હતું કે, "હું વર્લ્ડ કપથી સંજુની બેટિંગનું નિરીક્ષણ કરી રહ્યો છું. જે રીતે તે દબાણની સ્થિતિમાં ટીમ માટે મેચ ફિનિશ કરે છે, તે અદભૂત છે."

### લોરેન્સ અને લીમહુઈસને મળ્યું સ્થાન

# મહિલા T20 વર્લ્ડ કપ માટે નેધરલેન્ડની ટીમ જાહેર



(એજન્સી) એમસ્ટરડેમ । તા. 07

નેધરલેન્ડની મહિલા ક્રિકેટ ટીમે આગામી આઈસીસી (ICC) મહિલા T20 વર્લ્ડ કપ 2026 માટે પોતાની 15 સભ્યોની મજબૂત ટીમની જાહેરાત કરી દીધી છે. નેધરલેન્ડના ક્રિકેટ ઈતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ ક્ષણ છે, કારણ કે ટીમ પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે. ટીમની કમાન અનુભવી ખેલાડી બાબેટે ડી લીડેના હાથમાં સોંપવામાં આવી છે.

તાજેતરમાં રમાયેલી ક્વોલિફાયર ટૂર્નામેન્ટની સરખામણીએ ટીમમાં બે મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. વિકેટકીપર-બેટર રોઝાલિ લોરેન્સ અને ઓલરાઉન્ડર લારા લીમહુઈસને ટીમમાં સ્થાન મળ્યું છે. મુખ્ય કોચ નીલ મેકરેએ જણાવ્યું હતું કે, "અમે યુવા અને અનુભવી ખેલાડીઓનું સંતુલન જાળવ્યું છે, જેમણે પાછલા વર્ષ દરમિયાન આઈસીસી ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટમાં સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે."

વર્લ્ડ કપના મુખ્ય જંગ પહેલા, ડચ ટીમ સ્કોટલેન્ડમાં બાંગ્લાદેશ અને સ્કોટલેન્ડ સામેની ત્રિ-કોણીય શ્રેણીમાં ભાગ લેશે. ૨૮ મે થી ૪ જૂન દરમિયાન રમાનારી આ શ્રેણીમાં નેધરલેન્ડ પોતાની વ્યૂહરચના અને તૈયારીઓને આખરી ઓપ આપશે. કેપ્ટન ડી લીડેએ ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું કે, "અમે વિશ્વની સર્વશ્રેષ્ઠ ટીમો સામે સ્પર્ધા કરવા અને નેધરલેન્ડની પ્રતિભા બતાવવા માટે ખૂબ જ ઉત્સુક છીએ."

### ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય મેચો વડોદરા સુરત અને રાજકોટ યજમાન | દ્વિપક્ષીય શ્રેણીની જાહેરાત સાથે ક્રિકેટ કેલેન્ડર તૈયાર

# BCCI મહિલા ક્રિકેટ શિડ્યુલ જાહેર ભારતીય નારીશક્તિનો જંગ



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ આગામી ઘરેલું સિઝન માટે એક અત્યંત વ્યસ્ત અને રોમાંચક કાર્યક્રમની જાહેરાત કરી છે. આ શિડ્યુલમાં ભારતની સિનિયર મહિલા ટીમ, ઈન્ડિયા 'એ' (પુરુષ અને મહિલા) તેમજ ભારતની અંડર-૧૯ (પુરુષ અને મહિલા) ટીમો માટે વિવિધ દ્વિપક્ષીય શ્રેણીઓનો સમાવેશ થાય છે. આ જાહેરાત સાથે જ સ્પષ્ટ થયું છે કે આગામી મહિનાઓમાં ભારતીય મેદાનો પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો જબરો ધમધમાટ જોવા મળશે. ખાસ કરીને ગુજરાતના ક્રિકેટ ચાહકો માટે મોટા સમાચાર છે, કારણ કે વડોદરા, સુરત, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોને મહત્વની મેચોની યજમાની સોંપવામાં આવી છે.

### ગુજરાતમાં મેચોની વણઝાર

બીસીસીઆઈ મહિલા ક્રિકેટ શિડ્યુલ મુજબ, ઓક્ટોબર ૨૦૨૬માં ઝિમ્બાબ્વેની મહિલા ટીમ ભારત પ્રવાસે આવશે. આ પ્રવાસમાં ત્રણ ટી૨૦ મેચ રાયપુરમાં રમાશે, જ્યારે ત્રણ વન-ડે મેચોની યજમાની વડોદરા શહેરને મળી છે. વડોદરામાં ૨૩, ૨૫ અને ૨૮ ઓક્ટોબરના રોજ વન-ડે મુકાબલા ખેલાશે. આ ઉપરાંત, ભારતની અંડર-૧૯ મહિલા ટીમ અને ઈંગ્લેન્ડ અંડર-૧૯ વચ્ચેની પાંચ ટી૨૦ મેચોની શ્રેણી વડોદરા અને સુરતમાં યોજાશે. સુરત ખાતે ૧, ૩ અને ૬ ડિસેમ્બરના રોજ મેચો રમાશે. રાજકોટ અને અમદાવાદને ભારત અંડર-૧૯ પુરુષ ટીમ અને ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ વચ્ચેની મહત્વની બહુ-દિવસીય મેચોની યજમાની મળી છે.

### સિનિયર મહિલા ટીમનો ઝિમ્બાબ્વે સામે જંગ

ભારતીય સિનિયર મહિલા ટીમ ઓક્ટોબર ૨૦૨૬માં ઝિમ્બાબ્વે સામે શ્વેત બોલ (વ્હાઈટ બોલ) શ્રેણી રમશે. રાયપુરમાં ૧૬ ઓક્ટોબરથી ટી૨૦ શ્રેણીનો પ્રારંભ થશે. ત્યારબાદ ટીમ વડોદરા પ્રસ્થાન કરશે, જ્યાં વન-ડે શ્રેણી રમાશે. આ શ્રેણી ભારતીય મહિલા ટીમ માટે પોતાની ક્ષમતા સાબિત કરવાની અને આઈસીસી રેન્કિંગમાં સુધારો કરવાની ઉત્તમ તક છે.

### ઈન્ડિયા 'એ' અને અંડર-૧૯ ટીમોનું વ્યસ્ત શિડ્યુલ

સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ઈન્ડિયા 'એ' (પુરુષ) ટીમ પુડુચેરીમાં ઓસ્ટ્રેલિયા 'એ' સામે બે બહુ-દિવસીય અને ત્રણ વન-ડે મેચો રમશે. તે જ સમયે, ઈન્ડિયા 'એ' મહિલા ટીમ ઓસ્ટ્રેલિયા 'એ' મહિલા ટીમની યજમાની કરશે, જેની મેચો મોહાલી અને ધર્મશાળાના રમણીય મેદાનો પર રમાશે. પાછળથી નવેમ્બર-ડિસેમ્બરમાં ઈન્ડિયા 'એ' મહિલા ટીમ ઈંગ્લેન્ડ 'એ' સામે પુણે અને નવી મુંબઈમાં ટકરાશે.

### જુલિયન મેથરેલ // લંડન સ્પિરિટ ફ્રેન્ચાઈઝી સોદો પાર પાડનાર મેથરેલને કમાન

# MCCના નવા પ્રમુખની વરણી જુલિયન મેથરેલ સંભાળશે પદ

(એજન્સી) લંડન । તા. 07

વિશ્વ ક્રિકેટમાં નિયમો બનાવનારી અને સૌથી જૂની સંસ્થા તરીકે જાણીતી 'મેરીલેબોન ક્રિકેટ ક્લબ' (MCC) એ તેના નવા પ્રમુખના નામની જાહેરાત કરી દીધી છે. લંડન સ્પિરિટના વર્તમાન અધ્યક્ષ અને જાણીતા નાણાકીય નિષ્ણાત જુલિયન મેથરેલને એમસીસીના આગામી પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ વર્તમાન પ્રમુખ અને ભૂતપૂર્વ ઈંગ્લીશ ક્રિકેટર એડ સ્મિથનું સ્થાન લેશે. મેથરેલ આગામી ઓક્ટોબર મહિનામાં પોતાનો કાર્યભાર સંભાળશે, જે એમસીસી અને લોર્ડ્સના ક્રિકેટ મેદાન માટે એક નવા વ્યૂહાત્મક યુગની શરૂઆત માનવામાં આવે છે.

જુલિયન મેથરેલ છેલ્લા ૪૦ વર્ષથી એમસીસી સાથે સંકળાયેલા છે. વૈશ્વિક નાણાકીય ક્ષેત્રે મોટું નામ ધરાવતા મેથરેલ ૧૯૯૯ થી ૨૦૧૧ સુધી સુપ્રસિદ્ધ ગોલ્ડમેન સૅક્સમાં પાર્ટનર તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમણે યુકેમાં ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ વિભાગના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે પણ જવાબદારી નિભાવી છે. આ ઉપરાંત, તેઓ 'જેનલ એનર્જી'ના સ્થાપક અને ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર પણ છે. તેમની આ વ્યાપક વ્યાવસાયિક કુશળતા એમસીસીને આધુનિક ક્રિકેટના પડકારો સામે લડવામાં મદદરૂપ થશે તેમ માનવામાં આવે છે.

મેથરેલની વરણી પાછળનું એક મુખ્ય કારણ 'ધ હન્ડ્રેડ'



ઈક્વિટી વેચાણમાં તેમની મહત્વની ભૂમિકા છે. ૨૦૨૫માં સિલિકોન વેલી સ્થિત જૂથ સાથે લંડન સ્પિરિટ ફ્રેન્ચાઈઝીના ૪૯ ટકા હિસ્સા માટે અંદાજે ૧૪૫ મિલિયન પાઉન્ડનો રેકોર્ડબ્રેક સોદો કરવામાં આવ્યો હતો. આ સોદાના મુખ્ય સૂત્રધાર મેથરેલ જ હતા, જેના કારણે લંડન સ્પિરિટ આ સ્પર્ધાની સૌથી મૂલ્યવાન ફ્રેન્ચાઈઝી બની હતી. આ સોદા બાદ ઓક્ટોબર ૨૦૨૫માં તેમને લંડન સ્પિરિટના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. હવે પ્રમુખ તરીકે, તેઓ એમસીસીના માલિકી હક્ક હેઠળની વ્યાવસાયિક ટીમોના ભવિષ્યને નવી દિશા આપશે. માત્ર નાણાકીય ક્ષેત્રે જ નહીં, પણ ક્રિકેટ વહીવટમાં પણ મેથરેલનો અનુભવ ઘણો ઊંડો છે. ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન તેમણે પ્રોફેશનલ ક્રિકેટર્સ એસોસિએશન (PCA) માં નોન-એક્ઝિક્યુટિવ ચેર તરીકે કાર્ય કર્યું છે. હાલમાં તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીની જજ બિઝનેસ સ્કૂલના એડવાઈઝરી બોર્ડમાં અધ્યક્ષ તરીકે કાર્યરત છે. તેમની આ સફર દર્શાવે છે કે તેઓ રમત અને વ્યાપાર બંનેના સમીકરણોને સારી રીતે સમજે છે. પોતાની વરણી અંગે ખુશી વ્યક્ત કરતા મેથરેલે જણાવ્યું હતું કે, "એમસીસી પ્રમુખ તરીકેની ભૂમિકા સ્વીકારવી એ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. લોર્ડ્સના મેદાન સાથે મારી અનેક યાદો જોડાયેલી છે. એમસીસી અત્યારે એક પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, ખાસ કરીને જ્યારે ક્લબ વ્યાવસાયિક ક્રિકેટ ટીમોની માલિકી ધરાવતી થઈ છે, ત્યારે આ પ્રક્રિયાનો ભાગ બનવું તે રોમાંચક છે."

### એડ સ્મિથના અનુગામી તરીકે પસંદગી

વર્તમાન પ્રમુખ એડ સ્મિથે મેથરેલના નામનું નામાંકન કર્યું હતું. સ્મિથે મેથરેલના વખાણ કરતા કહ્યું કે, "એમસીસી માટે આ એક મહત્વનો સમય છે, તેથી હું એવા અનુગામી ઈચ્છતો હતો જેની પાસે વ્યાપક અનુભવ હોય અને રમત પ્રત્યે ઊંડો લગાવ હોય.

### જિયોહોટસ્ટાર અને સ્ટાર સ્પોર્ટ્સ પર લાઈવ પ્રસારણ

# વાનખેડે સ્ટેડિયમમાં ક્રિકેટનો જંગ: ૧ જૂનથી T20 મુંબઈ લીગ અને મહિલા લીગનો પ્રારંભ

(એજન્સી) મુંબઈ । તા. 07



મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) એ ગુરુવારે જાહેરાત કરી છે કે T20 મુંબઈ લીગની ચોથી સીઝન અને ઐતિહાસિક એવી પ્રથમ મહિલા T20 મુંબઈ લીગ આગામી ૧ જૂનથી ૧૩ જૂન દરમિયાન આઈકોનિક વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાશે. આ વખતે ખાસ વાત એ છે કે પુરુષો અને મહિલાઓની બંને સ્પર્ધાઓ એકસાથે યોજાવાની છે, જે મુંબઈ ક્રિકેટના ઈકોસિસ્ટમને વધુ મજબૂત અને સમાવેશી બનાવશે.

પુરુષોની સ્પર્ધામાં વિશ્વ ક્રિકેટના મોટા નામો જોવા મળશે. જેમાં સૂર્યકુમાર યાદવ, શ્રેયસ અય્યર, અજિંક્ય રહાણે, યશસ્વી જયસ્વાલ અને શિવમ દુબે જેવા દિગ્ગજો પોતાની પ્રતિભા બતાવશે. આ ઉપરાંત શાર્દુલ ઠાકુર, સરફરાઝ ખાન, મુશીર ખાન અને આયુષ મ્હાત્રે જેવા ઉભરતા સ્ટાર્સ પણ આ ટુર્નામેન્ટનું આકર્ષણ રહેશે. MCA પ્રમુખ અજિંક્ય નાઈકે જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ ઉભરતા ખેલાડીઓને મોટા નામો સાથે રમવાની અમૂલ્ય તક પૂરી પાડે છે.

મુંબઈ ક્રિકેટમાં પ્રથમ વખત યોજાઈ રહેલી મહિલા લીગમાં પણ અનેક જાણીતા ચહેરાઓ જોવા મળશે. જેમાં સયાલી સતઘરે, સાઈમા ઠાકોર અને હુમૈરા કાઝીનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, હરાજીમાં સૌથી મોંઘા ભાવે વેચાયેલી ખેલાડી ઈરા જાધવ આ ટુર્નામેન્ટમાં કેન્દ્ર સ્થાને રહેશે. આ લીગ મહિલા ક્રિકેટરો માટે મુંબઈના સ્તરે એક મોટું પ્લેટફોર્મ પૂરું પાડશે.

ક્રિકેટ પ્રેમીઓ માટે ખુશીના સમાચાર એ છે કે તમામ મેચોનું લાઈવ ટેલિકાસ્ટ 'સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક' પર કરવામાં આવશે.

સેટેલાઈટ તસવીરોનો ખુલાસો થતા દુનિયા ચોંકી ઉઠી, સૈન્ય ઉપકરણોનો વિનાશ આંકડો છુપાવવા મથતું અમેરિકા

# ઈરાન US યુદ્ધ તબાહી સેટેલાઈટ તસવીરોએ પોલ ખોલી નાખી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 07

મધ્ય પૂર્વમાં ભભૂકી રહેલી યુદ્ધની જ્વાળાઓ વચ્ચે અત્યાર સુધીનો સૌથી ભયાનક સત્ય બહાર આવ્યું છે. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં અત્યાર સુધી જે નુકસાનના આંકડા છુપાવવામાં આવી રહ્યા હતા, તેની પોલ સેટેલાઈટ તસવીરોના નવા વિશ્લેષણે ખોલી નાખી છે. ઈરાની હવાઈ હુમલાઓમાં અમેરિકાના અત્યંત આધુનિક ગણાતા ૨૨૮થી વધુ સૈન્ય ઉપકરણો અને સંરચનાઓનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. આ આંકડો અમેરિકન સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલા સત્તાવાર આંકડા કરતા અનેકગણો વધારે હોવાથી વૈશ્વિક સ્તરે સનસનાટી મચી ગઈ છે.

## અદ્રશ્ય નુકસાનની વિગતો અને આંકડા

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, અમેરિકાની ‘ડિજિટલ નર્વસ સિસ્ટમ’ ગણાતા સંચાર તંત્ર પર ઈરાને



ચોકસાઈપૂર્વક નિશાન સાધ્યું છે. સેટેલાઈટ તસવીરો સાક્ષી પૂરે છે કે સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર ઉભેલા ઈંધણ ભરનારા ટેન્કરો અને અત્યંત મોંઘા ઈ-૩ સેન્ટ્રી એરક્રાફ્ટ હવે માત્ર કાટમાળ બનીને રહી ગયા છે. કુવૈત અને બહેરીનમાં તૈનાત કરવામાં આવેલી જે પેટ્રિયોટ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ પર અમેરિકાને ગર્વ હતો, તેને ઈરાની મિસાઈલોએ પળભરમાં નેસ્તનાબૂદ કરી દીધી છે. જોર્ડન અને યુએઈમાં રહેલા થાડ (THAAD) રડાર ઉપકરણોને પણ ભારે ક્ષતિ પહોંચી છે, જે અમેરિકાની સંરક્ષણ ક્ષમતા પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે.

## જમીની વાસ્તવિકતા અને સૈનિકોની ખુવારી

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, માત્ર મશીનો જ નહીં પરંતુ સૈનિકોના આવાસ, ડાઈનિંગ હોલ અને જીમ જેવી પાયાની સુવિધાઓ પણ ધ્વસ્ત થઈ ગઈ છે. કતારમાં આવેલા અલ-ઉદેદ એર બેઝ પરના મહત્વના સેટેલાઈટ સંચાર કેન્દ્રો ઠપ્પ થઈ ગયા છે. ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ લોહિયાળ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યા છે અને ૪૦૦થી વધુ જવાનો ઘાયલ થયા હોવાની પુષ્ટિ થઈ રહી છે. બહેરીનમાં સ્થિત નૌસેનાના ૫મા કાફલાના મુખ્યાલયને અડધાથી વધુ નુકસાન થયું હોવા છતાં, પેન્ટાગોન આ સત્ય સ્વીકારવામાં આનાકાની કરી રહ્યું હોવાનું જણાય છે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, ઈરાને ખૂબ જ ચાલાકીપૂર્વક ‘સોફ્ટ ટાર્ગેટ’ પસંદ કર્યા છે. તેમણે સીધા રડાર પર હુમલો કરવાને બદલે એવી ઈમારતોને નિશાન બનાવી છે જ્યાં ડેટા પ્રોસેસિંગ, કુલિંગ સિસ્ટમ અને વીજળી ઉત્પાદન થતું હોય. આ એક એવી રણનીતિ છે જેમાં જો રડાર બચી પણ જાય, તો તેને ચલાવવા માટેનું જરૂરી માળખું જ ન રહે. આ રીતે અમેરિકાના સૌથી મોંઘા અને દુર્લભ સૈન્ય સાધનોને નકામા બનાવી દેવામાં આવ્યા છે. વિશ્લેષકોના મતે, ઈરાનનું આ આયોજન અમેરિકાના આત્મવિશ્વાસને તોડવા માટે પૂરતું છે. આ યુદ્ધ માત્ર સૈન્ય દ્રષ્ટિએ જ નહીં, પણ આર્થિક રીતે પણ અમેરિકાને પાયમાલ કરી રહ્યું છે. સત્તાવાર રીતે ભલે ૨૫ બિલિયન ડોલરના ખર્ચની વાત કરવામાં આવતી હોય, પરંતુ ગુપ્ત સ્ત્રોતોનું માનવું છે કે વાસ્તવિક નુકસાન ૪૦ થી ૫૦ બિલિયન ડોલર એટલે કે અંદાજે ૪ લાખ કરોડ રૂપિયાની આસપાસ છે.

12 કરોડના ગાંજાની લૂંટ મામલે પોલીસને મળી સફળતા

# કેનેડા ડ્રગ્સ ચોરી કેસ બ્રેમ્પટનમાં ભારતીય યુવકોએ કરી લૂંટ



(એજન્સી) ઓન્ટારિયો । તા. 07

કેનેડાના ઓન્ટારિયો પ્રાંતમાં એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં ભારતીય મૂળના પાંચ યુવાનોએ કરોડો રૂપિયાની કિંમતના કાયદેસરના ગાંજા (કેનાબિસ) ભરેલા ટ્રેલરની લૂંટ ચલાવી હતી. આશરે ૧૨ કરોડ રૂપિયાની કિંમતના માલની ચોરીના આ ગંભીર ગુનામાં સ્થાનિક પોલીસે મોટી સફળતા મેળવી પાંચેય શખ્સોની ધરપકડ કરી છે. વિદેશની ધરતી પર ભારતીય સમુદાયના યુવાનોના નામ આવા ગંભીર ગુનાઓમાં સામે આવતા ત્યાં વસતા ભારતીય મૂળના રહીશોમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

આ ઘટના નાયગ્રા પ્રદેશમાં બની હતી, જ્યાંથી કાયદેસરના વેચાણ માટે તૈયાર કરાયેલા ગાંજાના ઉત્પાદનોથી ભરેલું એક વિશાળ ટ્રેલર ચોરાયું હતું. આ જથ્થો ઓન્ટારિયોના વિવિધ પરવાના પ્રાપ્ત દવાખાનાઓમાં વિતરણ કરવા માટે લઈ જવામાં આવી રહ્યો હતો. કેનેડામાં ગાંજાનું વેચાણ કાયદેસર હોવા છતાં, આટલા મોટા જથ્થાની ડિલિવરી પહેલા જ લૂંટ થઈ જતાં સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા હતા. આ લૂંટાયેલા માલની બજાર કિંમત આશરે ૨૦ લાખ કેનેડિયન ડોલર અંકાય છે.

આ ગુનાનો પર્દાફાશ ૧૫મી એપ્રિલના રોજ થયો હતો. મિસિસૌગા વિસ્તારમાં હાઈવે ૪૦૧ પાસે જ્યારે પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેમને શંકાસ્પદ હિલચાલ જણાઈ હતી. તપાસ દરમિયાન અધિકારીઓએ જોયું કે લૂંટાયેલું ટ્રેલર ત્યાં જ હતું. સ્થળ પરથી પાંચ શંકાસ્પદોની અટકાયત કરવામાં આવી હતી અને તેમની જડતી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ યુવાનો પાસેથી બે ગેરકાયદેસર ઘાતક હથિયારો પણ મળી આવ્યા છે, જે દર્શાવે છે કે તેઓ કોઈ મોટી ગેંગ સાથે સંકળાયેલા હોઈ શકે છે.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં મનવીર સિંહ (૨૧), સરબજીત સિંહ (૩૨), દિલખાબ સિંહ (૨૧) અને જયસ્કવન માલ્હી (૨૩)નો સમાવેશ થાય છે, જેઓ બ્રેમ્પટનના રહેવાસી છે. જ્યારે પાંચમો આરોપી કરણ કુમાર (૨૫) હેમિલ્ટનનો વતની છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ તમામ યુવાનો ભારત સાથે સંબંધ ધરાવે છે અને કેનેડામાં રોજગારી કે અભ્યાસ માટે આવ્યા હતા, પરંતુ તેઓ ગુનાખોરીના માર્ગે ચઢી ગયા હતા.

યોર્ક પ્રાદેશિક પોલીસના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, આ માત્ર છૂટીછવાઈ ચોરી નથી, પરંતુ આની પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક ડ્રગ નેટવર્ક કામ કરી રહ્યું હોવાની પ્રબળ આશંકા છે. આ જથ્થો ક્યાં લઈ જવાનો હતો અને આમાં બીજા કોણ કોણ સામેલ છે, તે દિશામાં પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે. તપાસનીશ એજન્સીઓએ નાગરિકોને અપીલ કરી છે કે જો કોઈ પાસે આ ગેંગ વિશે વધુ માહિતી હોય તો તેઓ ગુપ્ત રીતે પોલીસને જાણ કરે. કેનેડામાં વસતા ગુજરાતી અને પંજાબી સમુદાયના અગ્રણીઓએ આ ઘટનાની સખત નિંદા કરી છે. તેમના મતે, મુઠ્ઠીભર યુવાનોના આવા કૃત્યોને કારણે મહેનતુ અને કાયદાનું પાલન કરતા લાખો ભારતીયોની પ્રતિષ્ઠા ખરડાય છે.

### ૩૩ ગંભીર આરોપો અને કાયદાકીય શિકંજો

કેનેડિયન પોલીસે પાંચેય આરોપીઓ સામે કાયદાનો ગાળિયો મજબૂત કર્યો છે. તેમની સામે મિલકતની ચોરી, ચોરાયેલી મિલકતનો ગેરકાયદે કબજો રાખવો, જનતાને જોખમમાં મૂકવી અને પ્રતિબંધિત હથિયારો રાખવા સહિતના કુલ ૩૩ ગંભીર ગુનાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ તમામ ગુનાઓ કેનેડાના કાયદા મુજબ અત્યંત ગંભીર માનવામાં આવે છે, જેમાં લાંબી જેલની સજાની જોગવાઈ છે.

## ન્યૂઝ બ્રીફ

### બલૂચિસ્તાનમાં માનવ અધિકાર ઉલ્લંઘન પાકિસ્તાની દળો દ્વારા નિર્દોષોની હત્યા



બલૂચિસ્તાન | પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં માનવ અધિકાર ઉલ્લંઘનની ઘટનાઓએ ફરી એકવાર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. બલૂચ યકજેહતી સમિતિ (BYC) એ પાકિસ્તાની સુરક્ષા દળો અને તેમની સાથે જોડાયેલા સશસ્ત્ર જૂથો પર નિર્દોષ બલૂચ નાગરિકોની અટકાયત કરી તેમની હત્યા કરવાનો સનસનીખેજ આક્ષેપ કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, તાજેતરમાં કેચ અને પંજગુરમાં ત્રણ બલૂચ યુવાનોની હત્યા કરવામાં આવી છે, જેને પગલે સમગ્ર પ્રદેશમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર, કેચ જિલ્લાના ઝામુરાન વિસ્તારમાં ૫૫ વર્ષીય ખેડૂત ખુદા પીર મુહમ્મદ બલૂચ અને તેમના ૨૫ વર્ષીય પુત્ર અબ્દુલ્લા બલૂચની ફ્રન્ટિયર કોર્પ્સ (FC) દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ૨ મેના રોજ વહેલી સવારે પાકિસ્તાની સેનાએ તેમના ઘર પર દરોડો પાડી પરિવારના સભ્યો સાથે મારપીટ કરી હતી અને આ બંનેની અટકાયત કરી હતી. કમનસીબે, અટકાયતના ગણતરીના કલાકોમાં જ બંનેના મૃતદેહો એફસી કેમ્પ પાસે મળી આવ્યા હતા. BYC એ આ ઘટનાને ‘ટાર્ગેટેડ કસ્ટોડિયલ કિલિંગ’ ગણાવી પાકિસ્તાની દળોના અત્યાચારની આકરી નિંદા કરી છે.

### ભારત-વિયેતનામ મૈત્રીના પ્રતીક: મોદીએ રાષ્ટ્રપતિ તો લામને અર્પણ કરી અનોખી ભેટ



નવી દિલ્હી | વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામની ભારતની રાજકીય મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર અને કારીગરીનું પ્રતિનિધિત્વ કરતી અનોખી ભેટો અર્પણ કરી છે. આ ભેટોમાં વિજ્ઞાન દ્વારા વિકસિત ‘નમો 108’ કમળ, પિત્તળની બુદ્ધ પ્રતિમા અને બનારસી સિલ્કનો સમાવેશ થાય છે, જે બંને દેશો વચ્ચેના ઊંડા ઐતિહાસિક અને આધ્યાત્મિક સંબંધોને મજબૂત બનાવે છે. વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલી સૌથી ખાસ ભેટ ‘નમો 108’ કમળ છે. ઉત્તર પ્રદેશના લખનૌ સ્થિત નેશનલ બોટનિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NBRI) દ્વારા વિકસિત આ કમળની વિશેષતા એ છે કે તેમાં બરાબર ૧૦૮ પાંખડીઓ છે. હિન્દુ, બૌદ્ધ અને જૈન ધર્મમાં ૧૦૮ના અંકને પવિત્ર માનવામાં આવે છે. ‘નમો’ શબ્દ સંસ્કૃતમાંથી લેવામાં આવ્યો છે જેનો અર્થ ‘નમસ્કાર’ થાય છે. આ કમળ ભારતની પ્રાચીન પરંપરા અને આધુનિક વિજ્ઞાન વચ્ચે ‘જીવંત સેતુ’ સમાન છે.

ઈરાન સુપરપાવર તરીકે જાહેર થઈ અમેરિકાને આપી ચેલેન્જસ, ઐતિહાસિક સંબંધો પર ગૌરવ વ્યક્ત કરતા વિદેશ મંત્રાલય

# ભારત ઈરાન મજબૂત સંબંધો ઐતિહાસિક મિત્રતા પર ગર્વની લાગણી

(એજન્સી) તેહરાન । તા. 07

પશ્ચિમ એશિયામાં છેલ્લા બે મહિનાથી જામી રહેલા યુદ્ધના વાદળો અને ભયાનક સૈન્ય તણાવ વચ્ચે ઈરાને એક અત્યંત મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક નિવેદન આપ્યું છે. ઈરાનના વિદેશ મંત્રાલયે ભારત સાથેના પોતાના સંબંધોને અત્યંત ગહન ગણાવતા ‘ભારત ઈરાન મજબૂત સંબંધો’ પર મહોર મારી છે. ઈરાની પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે ભારત તેમનો પરંપરાગત અને વિશ્વાસુ મિત્ર છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાને ખુદને એક ‘મહાસત્તા’ તરીકે જાહેર કરીને અમેરિકાના વર્ચસ્વને ખુલ્લી રજૂઆત કરી છે, જેનાથી વૈશ્વિક રાજનીતિમાં નવા સમીકરણો રચાયા છે.

## ઐતિહાસિક મિત્રતા અને સમુદ્રી સહયોગ

ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ એક વિશેષ મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે અને તેમને આ ઐતિહાસિક વારસા પર ગર્વ છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક જળમાર્ગો પર ભારતીય જહાજોની અવરજવરને લઈને ચાલી રહેલી અટકળો પર તેમણે પૂર્ણવિરામ મૂક્યું છે. તેમણે ખાતરી આપી હતી કે ભારતીય જહાજો પર કોઈ પણ પ્રકારનો વધારાનો ટેક્સ કે શુલ્ક વસૂલવામાં આવશે નહીં. બંને દેશો ગુટનિરપેક્ષ આંદોલન એટલે કે ‘નોન-એલાઈન્ડ મૂવમેન્ટ’ના પાયાના સભ્યો રહ્યા હોવાથી તેમની વૈશ્વિક દ્રષ્ટિમાં સમાનતા જોવા મળે છે.

## ઈરાનનો સુપરપાવર તરીકેનો હુંકાર

આ દરમિયાન, ઈરાને અમેરિકાની શરતો સામે ઝૂકવાનો સાફ ઈનકાર કરી દીધો છે. મીડિયા અહેવાલ મુજબ, પ્રવક્તા બઘાઈએ ભારપૂર્વક જણાવ્યું કે જે દેશ પોતાની સાર્વભૌમત્વની રક્ષા માટે અમેરિકા અને ઈઝરાયલ જેવી પરમાણુ શક્તિઓ સામે અડીખમ ઊભો રહી શકે, તેને સુપરપાવર કહેવામાં કોઈ



અતિશયોક્તિ નથી. તેમણે ઉમેર્યું કે ઈરાન હવે પશ્ચિમી દેશોની શરતો પર નહીં, પરંતુ પોતાની શરતો પર આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવશે. અમેરિકાના આર્થિક અને સૈન્ય દબાણ સામે ઈરાનનું આ વલણ તેની વધતી જતી આત્મનિર્ભરતાનું પ્રતીક માનવામાં આવે છે.

## અમેરિકા સાથે શાંતિ વાર્તાનો અસમંજસ

અમેરિકા અને ઈરાન વચ્ચેના સંબંધોમાં બરફ ઓગળવાના સંકેતો તો દેખાયા છે, પરંતુ વિશ્વાસનો અભાવ હજુ પણ યથાવત છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઈરાને ૪૦ મુદ્દાનો એક શાંતિ પ્રસ્તાવ અમેરિકાને મોકલ્યો હતો, જેના વળતા જવાબમાં અમેરિકન પ્રમુખે પણ એક નવો મુસદ્દો તૈયાર કર્યો છે. હાલમાં ઈરાનની નિષ્ણાત ટીમ આ પ્રસ્તાવનું બારીકાઈથી વિશ્લેષણ કરી રહી છે. આ વાટાઘાટોમાં પાકિસ્તાન મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું હોવાનું પણ બહાર આવ્યું છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તે શાંતિ ઈચ્છે છે, પરંતુ પોતાના રાષ્ટ્રીય હિતો અને સુરક્ષાના ભોગે કોઈ સમજૂતી કરશે નહીં.

## ભારતીય મુત્સદ્દીગીરીની સફળતા

વૈશ્વિક નિષ્ણાતો માને છે કે ઈરાનનું ભારત પ્રત્યેનું આ વલણ ભારતની સફળ વિદેશ નીતિનું પરિણામ છે. પશ્ચિમ એશિયાના યુદ્ધમાં ભારત કોઈપણ પક્ષ લીધા વિના બંને દેશો સાથે સંતુલન જાળવી રાખવામાં સફળ રહ્યું છે. ઈરાનના મતે, ભારત એક જવાબદાર આંતરરાષ્ટ્રીય ખેલાડી છે જે આ વિસ્તારમાં શાંતિ સ્થાપવામાં મદદરૂપ થઈ શકે છે. ખાસ કરીને ચાબહાર બંદર જેવા પ્રોજેક્ટ્સ ભારત અને ઈરાન વચ્ચેના આર્થિક સેતુને વધુ મજબૂત બનાવી રહ્યા છે. બંને દેશોની સરકારો વેપાર અને ઉર્જા ક્ષેત્રે સહયોગ વધારવા માટે પણ સતત સંપર્કમાં છે.

## સ્થાનિક અને વૈશ્વિક અસરો

ઈરાન દ્વારા પોતાને સુપરપાવર જાહેર કરવાના પગલાની અસર ખાડી દેશો પર પણ જોવા મળી રહી છે. જો ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો આ જ ગતિએ મજબૂત થતા રહેશે, તો તે મધ્ય એશિયા સુધીના વેપારી માર્ગોને સુરક્ષિત બનાવવામાં મદદરૂપ થશે. જોકે, અમેરિકા આ વધતી નિકટતાને કેવી રીતે જુએ છે તે જોવું રસપ્રદ રહેશે. અત્યારે તો તેહરાનથી આવેલા આ સકારાત્મક પ્રતિસાદથી નવી દિલ્હીમાં રાજદ્વારી વર્તુળોમાં ઉત્સાહનો માહોલ છે.

# અમેરિકા અને ઈરાન વચ્ચે સમજૂતીના એંધાણ 48 કલાકમાં જંગ પર પૂર્ણવિરામ મુકાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

વિશ્વના રાજકારણમાં છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે આખરે શાંતિના એંધાણ મળી રહ્યા છે. મધ્યપૂર્વમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૪ મુદ્દાની નવી સમજૂતીનો એક મહત્વપૂર્ણ મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. વ્હાઈટ હાઉસના દાવા મુજબ, બંને દેશો આ ઐતિહાસિક સમજૂતીની અત્યંત નજીક પહોંચી ગયા છે. આગામી ૪૮ કલાક ઈરાન માટે નિર્ણાયક સાબિત થશે, જેમાં યુદ્ધવિરામ અને પરમાણુ કાર્યક્રમ અંગેના ભાવિનો ફેંસલો લેવામાં આવશે. આ પ્રસ્તાવિત સમજૂતી મુજબ, ઈરાને તેના પરમાણુ સંવર્ધન કાર્યક્રમ પર કામચલાઉ પ્રતિબંધ મૂકવો પડશે, જેના બદલામાં અમેરિકા ઈરાન પર લાદેલા આર્થિક પ્રતિબંધો હટાવશે અને તેની જપ્ત કરેલી સંપત્તિ મુક્ત કરશે. જોકે, સૌથી મોટો પેચ સમયગાળા પર અટક્યો છે. ઈરાન આ પ્રતિબંધ ૫ વર્ષ માટે રાખવા માંગે છે, જ્યારે અમેરિકા ૨૦ વર્ષની મર્યાદા પર અડેલું છે. જો આ વાટાઘાટો નિષ્ફળ જશે, તો ફરીથી ભીષણ યુદ્ધ ફાટી નીકળવાની દહેશત છે.

હોર્મુઝની નાકાબંધીના કારણે વૈશ્વિક તેલ પુરવઠામાં મોટો ઘટાડો નોંધાયો છે, જેનાથી ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, હોર્મુઝમાં તણાવના કારણે ભારતના અનેક એલપીજી ટેન્કરો ફસાયેલા છે. ભારતમાં ૩૩ કરોડથી વધુ લોકો રસોઈ ગેસ પર નિર્ભર હોવાથી આ સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. જો આ સમજૂતી સફળ રહેશે, તો હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પરથી પ્રતિબંધ હટાવી લેવામાં આવશે, જે ભારત માટે મોટી રાહત સાબિત થશે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેની વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, જેના પગલે ‘ઓપરેશન પ્રોજેક્ટ ફ્રીડમ’ હાલ પૂરતું સ્થગિત કરી દેવાયું છે.

# જહાજમાં હંટા વાયરસનું સંક્રમણ 3 ના મોતથી પ્રવાસીઓમાં ભારે ફફડાટ વ્યાપ્યો, દરિયાની વચ્ચે જીવલેણ આફત સર્જાઈ છે

### પ્રવાસીઓમાં ફફડાટ અને કોરન્ટાઇન કરાયા

(એજન્સી) બાર્સિલોના । તા. 07

દક્ષિણ એટલાન્ટિક મહાસાગરના દુર્ગમ ટાપુઓની સફરે નિકળેલા સ્પેનના એક લક્ઝરી ક્રુઝ જહાજમાં જીવલેણ હંટા વાયરસ ત્રાટકતા ખળભળાટ મચી ગયો છે. એમ વી હોંડિયસ નામના આ જહાજમાં સવાર ૧૫૦ પ્રવાસીઓમાંથી ૭ લોકો વાયરસની ઝપેટમાં આવ્યા છે, જેમાંથી ૩ કમનસીબ પ્રવાસીઓના કરૂણ મોત નીપજ્યા છે. આ ઘટનાને પગલે જહાજમાં સવાર યુરોપ અને જાપાનના ૧૫૦ જેટલા મુસાફરોને તાત્કાલિક અસરથી કોરન્ટાઇન કરી દેવામાં આવ્યા છે, જેનાથી પ્રવાસીઓમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ જહાજ ૧ એપ્રિલના રોજ આર્જેન્ટિનાથી રવાના થયું હતું. પ્રવાસ દરમિયાન સૌ પ્રથમ



નેધરલેન્ડના એક વૃદ્ધને તાવ અને શ્વાસ લેવામાં તકલીફ પડતા તેમનું મોત થયું હતું. ત્યારબાદ તેમની પત્ની અને એક જર્મન મહિલા પણ આ જ જીવલેણ લક્ષણોનો શિકાર બની હતી. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ, મૃતકોમાં જર્મની અને નેધરલેન્ડના નાગરિકોનો સમાવેશ થાય છે. શરૂઆતમાં સામાન્ય બીમારી લાગતી આ ઘટનામાં જ્યારે જર્મન મહિલાના શબનું પરીક્ષણ કરવામાં આવ્યું, ત્યારે હંટા વાયરસની હાજરી મળી આવતા તંત્ર દોડતું થયું છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા સ્પેનના અધિકારીઓએ આ જહાજને કાબો વેર્દેથી ખસેડીને સ્પેનના સુરક્ષિત કાનેરી ટાપુ પર લાવવાની કવાયત હાથ ધરી છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી ત્રણથી ચાર દિવસમાં જહાજ કાંઠે પહોંચશે, જ્યાં તમામ મુસાફરો અને ક્રુ મેમ્બર્સની ઘનિષ્ઠ તબીબી તપાસ કરવામાં આવશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે એક બ્રિટિશ નાગરિકનો ટેસ્ટ પણ પોઝિટિવ આવતા તેને આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

આ એક્સ્પિડિશન ક્રુઝ જહાજ ખાસ કરીને એન્ટાર્કટિકા જેવા અંતરિયાળ વિસ્તારોના પ્રવાસ માટે જાણીતું છે. જોકે, આ વખતે સાહસિક પ્રવાસ એક ભયાનક દુઃસ્વપ્નમાં ફેરવાઈ ગયો છે. આરોગ્ય અધિકારીઓ સતર્ક છે અને મુસાફરોને સંપૂર્ણ તપાસ અને વાયરસ મુક્ત જાહેર કર્યા પછી જ તેમના વતન જવા દેવાની મંજૂરી અપાશે. અત્યારે સમગ્ર જહાજને એક તરતા આઈસોલેશન વોર્ડમાં ફેરવી દેવામાં આવ્યું છે.

**હસીમજાક** | સોશિયલ મીડિયામાં રમૂજની વર્ષાથી સેલેબ્ઝ ટ્રોલ થયા, સેલિબ્રિટીઝના ચિત્ર-વિચિત્ર પોશાક બન્યા ચર્ચાનું કેન્દ્ર

# મેટ ગાલા ફની મીમ્સ ફેશન શો બન્યો કોમેડીનો અખાડો

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 07

સૌથી પ્રતિષ્ઠિત અને ગ્લેમરસ ગણાતા ફેશન ઈવેન્ટ ‘મેટ ગાલા ૨૦૨૬’નું ન્યૂયોર્ક ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ વર્ષની ‘ફેશન ઈઝ આર્ટ’ થીમ વાચકો અને નેટીઝન્સ માટે આર્ટ કરતાં વધુ કોમેડીનો વિષય બની ગઈ છે. પાંચ હજાર વર્ષના પોશાકોનું પરિવર્તન બતાવવાના પ્રયાસમાં સેલિબ્રિટીઝે એવા તો વિચિત્ર કપડાં પહેર્યા કે સોશિયલ મીડિયા પર ‘મેટ ગાલા ફની મીમ્સ’નો પૂર આવ્યો છે. જ્યાં સેલેબ્ઝ પોતાને જીવંત કેન્વાસ સાબિત કરવાની મથામણમાં હતા, ત્યાં લોકોએ તેમની સરખામણી ઘરગથ્થુ વસ્તુઓ અને કાર્ટૂન પાત્રો સાથે કરીને ભારે રમૂજ ફેલાવી છે.

ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સે આ આંતરરાષ્ટ્રીય ફેશન શોમાં દેશી તડકો ઉમેરવામાં કોઈ કસર બાકી રાખી નથી. સુપરમોડલ હાર્દી ક્લમે જ્યારે એક મૂર્તિ જેવો અટપટો પોશાક પહેરીને રેડ કાર્પેટ પર એન્ટ્રી કરી, ત્યારે તરત જ તેની સરખામણી ‘ધૂમ-૨’ ફિલ્મમાં મૂર્તિ બનીને ચોરી કરતા રીતિક રોશન સાથે કરવામાં



આવી. લોકોએ સોશિયલ મીડિયા પર ફોટા શેર કરીને પૂછ્યું કે, “ખરેખર આ લૂક કોણે વધુ સારી રીતે કેરી કર્યો છે?” એટલું જ નહીં, બાળકોના પ્રિય કાર્ટૂન ‘મોટુ-પતલુ’ના ઈન્સ્પેક્ટર ચિંગમની સ્ટાઈલ પણ મેટ ગાલાના મોડલ્સમાં જોવા મળી રહી હોવાના મીમ્સ વાયરલ થયા છે.

હોલીવુડ સિંગર કેટી પેરીના લૂકની પણ ભારે મજાક ઉડી રહી છે. તેણે ચહેરો ઢાંકવા માટે એક ખાસ મિકેનિકલ માસ્કનો ઉપયોગ કર્યો હતો જે વારંવાર ખૂલતો અને બંધ થતો હતો. આના પર એક યુઝરે રમૂજ કરતાં લખ્યું, “જ્યારે મારી સોશિયલ બેટરી ખતમ થઈ જાય છે અને મારે લોકોથી બચવું હોય છે, ત્યારે હું પણ આવું જ કરવા ઈચ્છું છું.” બીજી તરફ, એક મોડલ આંખે પટ્ટી બાંધીને રેડ કાર્પેટ પર આવી ત્યારે ભારતીય યુઝર્સે તેને ‘જેન-ઝી ગાંધારી’નું બિરુદ આપી દીધું. મહાભારતના પાત્ર ગાંધારી સાથેની આ સરખામણીએ સોશિયલ મીડિયા પર હાસ્યનું મોજું ફેરવી દીધું છે.

## વૈશ્વિક ફેશન અને સામાન્ય સમજ વચ્ચેનો તફાવત

નિષ્ણાતોના મતે, મેટ ગાલામાં જે પ્રકારની ફેશન બતાવવામાં આવે છે તે સામાન્ય લોકોની સમજ બહાર હોય છે. આ કપડાં પહેરવા માટે નહીં પરંતુ એક વિચાર પ્રદર્શિત કરવા માટે હોય છે. જોકે, મીડિયા અહેવાલ મુજબ, આ વર્ષે અતિશય પ્રયોગાત્મક ફેશનને કારણે લોકોમાં આશ્ચર્ય ઓછું અને હાસ્ય વધુ જોવા મળ્યું છે.

# ટેક્સાસમાં શોપિંગ પ્લાઝામાં ગોળીબારની ઘટનામાં 12ના મોત

(એજન્સી) ડલાસ (ટેક્સાસ) । તા. 07

અમેરિકામાં લોહિયાળ ‘ગન કલ્ચર’ ફરી એકવાર રાક્ષસી સ્વરૂપ ધારણ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. ટેક્સાસના ડલ્લાસમાં આવેલા એક વ્યસ્ત શોપિંગ પ્લાઝામાં અચાનક થયેલા ભીષણ ગોળીબારમાં ૧૨ નિર્દોષ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને આક્રોશનું મોજું ફરી વળ્યું છે. ૧૯મી સદીના જૂના ટેક્સાસની યાદ અપાવતી આ ઘટનાએ અમેરિકામાં હથિયારો પરના અંકુશ અંગે ફરી ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ડલ્લાસના ઉપનગર કેરોલ્ટન સ્થિત ‘કોરિયા ટાઉન ડિસ્ટ્રિક્ટ’ માં આવેલા કે. ટાઉન પ્લાઝામાં મંગળવારે આ લોહીયાળ ઘટના બની હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ કોઈ આડેધડ ફાયરિંગ નહોતું, પરંતુ હુમલાખોરે ચોક્કસ વ્યક્તિઓને નિશાન બનાવીને ગોળીઓ ચલાવી હતી. આરોપી સેઉંગ હાન-હો મૃતકોને અગાઉથી ઓળખતો હતો અને તેમની વચ્ચે વ્યાપારી સંબંધો હોવાનું પણ સામે આવ્યું છે. જોકે, આ ભયાનક હત્યાકાંડ પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

ફાયરિંગ કર્યા બાદ ૬૯ વર્ષીય હુમલાખોર સેઉંગ હાન-હો ત્યાંથી નાસી છૂટ્યો હતો. કેરોલ્ટન પોલીસના અધિકારી રોબર્ટો આરેકોન્ડોના જણાવ્યા મુજબ, સુરક્ષા દળોએ હુમલાખોરનો આશરે ૬ કિલોમીટર સુધી ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. અંતે આ વૃદ્ધ હત્યારો એક કરિયાણાની દુકાન (ગ્રોસરી સ્ટોર્સ) માં છુપાયેલો મળી આવ્યો હતો, જ્યાંથી તેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ અત્યારે આરોપીની સઘન પૂછપરછ કરી રહી છે.

**32 ધારાસભ્યોએ શપથ લીધા, મોદી-શાહ હાજર રહ્યા; વંદેમાતરમની જગ્યાએ સીધું રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું**

# સમ્રાટ કેબિનેટનું વિસ્તરણ, નીતિશના પુત્રએ શપથ લીધા

(એજન્સી) પટના | તા 07

સમ્રાટ કેબિનેટનું આજે વિસ્તરણ થયું છે. સમ્રાટ ચૌધરીના CM બન્યાના 22 દિવસ પછી 32 નવા મંત્રીઓ ગાંધી મેદાનમાં શપથ લીધા. તેમાં ભાજપમાંથી 15, જેડીયુમાંથી 13, LJP(R) માંથી 2, HAM અને RLMમાંથી એક-એક મંત્રી છે.

પ્રથમ તબક્કામાં નિશાંત કુમાર, શ્રવણ કુમાર, વિજય સિંહા, લેસી સિંહ અને દિલીપ જયસ્વાલે શપથ લીધા. ત્યારબાદ રામકૃપાલ યાદવ, અશોક ચૌધરી, દામોદર રાવત, નીતિશ મિશ્રા અને સંજય સિંહે મંત્રી પદના શપથ લીધા છે.

સમારોહમાં PM મોદી પણ સામેલ થયા છે. તેઓ પટના એરપોર્ટથી રોડ શો કરતા ગાંધી મેદાન પહોંચ્યા હતા. ગાંધી મેદાનમાં શપથ ગ્રહણના મંચ પર રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સીધું



રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું, જ્યારે સરકારના સર્ક્યુલર મુજબ પહેલા રાષ્ટ્રગીત વંદે માતરમ વગાડવાનું હતું.

### મંત્રીમંડળ વિસ્તરણ સંબંધિત હાઇલાઇટ્સ

- JDU થી 3 નવા ચહેરા - નિશાંત કુમાર, બુલો મંડલ અને શ્વેતા ગુપ્તા.
- ભાજપ થી 4 નવા ચહેરા - મિથિલેશ તિવારી, રામચંદ્ર પાસવાન, અરુણ શંકર પાસવાન, નંદ કિશોર રામ.
- ગાંધી મેદાનમાં 3 સ્ટેજ બનાવવામાં આવ્યા.
- ભાજપ કાર્યાલયની બહાર હરે રામ-હરે કૃષ્ણનું ભજન-કીર્તન.
- પટનામાં પોસ્ટર લાગ્યા - ભગવામય, અંગ, બંગ અને કલિંગ.
- PM મોદીના સ્વાગત માટે બનેલા મંચ પર સાંસ્કૃતિક કાર્યક્રમ.

# ઓપરેશન સિંદૂરનું એક વર્ષ : PM મોદીએ સોશિયલ મીડિયા DP બદલ્યું

**ઓપરેશનનો લોગો લગાવ્યો, લખ્યું- દેશ સેનાઓના શૌર્યને સલામ કરે છે**

(એજન્સી) નવી દિલ્હી | તા 07

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોતાના ડિસ્પ્લે પિક્ચરને બદલીને ઓપરેશન સિંદૂરનો લોગો લગાવ્યો છે. આ પહેલ પહેલગામ આતંકી હુમલાના જવાબમાં શરૂ કરાયેલા સૈન્ય ઓપરેશનની પ્રથમ વર્ષગાંઠ પર ભારતીય સેનાના સાહસને શ્રદ્ધાંજલિ આપવા માટે કરવામાં આવી છે. એપ્રિલ 2025માં થયેલા પહેલગામ આતંકી હુમલા બાદ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં 26 લોકોના જીવ ગયા હતા. ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીર (PoJK) માં હાજર આતંકી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. 7 મે 2025ના રોજ લોન્ચ કરાયેલા ઓપરેશન સિંદૂરમાં, ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીર (PoK) માં નવ મોટા આતંકી લોન્ચપેડનો નાશ કર્યો હતો. આ દરમિયાન લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીનની સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી. ભારતીય સશસ્ત્ર દળોએ આ કાર્યવાહીમાં 100થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.




PM મોદીનું X એકાઉન્ટ, જેના પર ડીપી બદલવામાં આવ્યું છે...

### આ રીતે નામ અને લોગો સિલેક્ટ થયા હતા

8 મે 2025 ના રોજ ઓપરેશન સિંદૂર પછી જ્યારે સેનાના અધિકારીઓએ માહિતી આપવા માટે પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી, ત્યારે જણાવ્યું હતું કે ઓપરેશન માટે 5 નામ નક્કી કરવામાં આવ્યા હતા. સૌથી છેલ્લે 2 નામ ઓપરેશન મંગળસૂત્ર અને સિંદૂર પસંદ કરવામાં આવ્યા. પહેલગામ આતંકવાદી હુમલામાં ઘણી મહિલાઓના સુહાગ ઉજ્જડ થઈ ગયા હતા, તેથી પીએમ મોદીએ ઓપરેશન સિંદૂરને મંજૂરી આપી.





### એક અન્ય પોસ્ટમાં પીએમ લખે છે...

"એક વર્ષ પહેલાં, અમારી સેનાઓએ ઓપરેશન સિંદૂર દરમિયાન અજોડ સાહસ, ચોકસાઈ અને સંકલ્પનું પ્રદર્શન કર્યું હતું. તેમણે તે લોકોને જડબાતોડ જવાબ આપ્યો, જેમણે પહેલગામમાં નિર્દોષ ભારતીયો પર હુમલો કરવાની હિંમત કરી હતી. આખો દેશ સેનાઓના શૌર્યને સલામ કરે છે. ઓપરેશન સિંદૂરે આતંકવાદ વિરુદ્ધ ભારતની મજબૂત પ્રતિક્રિયા અને રાષ્ટ્રની સુરક્ષા માટે તેના અડગ સંકલ્પને દર્શાવ્યો. તેણે સેનાઓની વ્યાવસાયિકતા, તૈયારી અને સંકલિત શક્તિને પણ ઉજાગર કરી. આ સાથે, તેણે અમારી સેનાઓ વચ્ચે વધતા તાલમેલને પણ દર્શાવ્યો અને આ વાત પર ભાર મૂક્યો કે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના ભારતના પ્રયાસે રાષ્ટ્રીય સુરક્ષાને કેટલી તાકાત આપી છે.આજે, એક વર્ષ પછી પણ, અમે આતંકવાદને હરાવવા અને તેને પ્રોત્સાહન આપતી સમગ્ર વ્યવસ્થાને નષ્ટ કરવાના અમારા સંકલ્પ પર પહેલાની જેમ જ અડગ છીએ."

## બિહારમાં કરા પડ્યા, વીજળી પડવાથી 2 ના મોત; રાજસ્થાનના જયપુરમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ

(એજન્સી) નવી દિલ્હી | તા 07

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદનો દોર ચાલુ છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં બુધવારે વરસાદ થયો. જ્યારે બિહાર, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં કરા પણ પડ્યા.

ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં ગોદામમાં રાખેલ 100 ક્વિન્ટલ ઘઉં પલળી ગયા. રાજ્યમાં મહત્તમ તાપમાન 40C થી નીચે આવી ગયું છે. આજે 44 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું એલર્ટ છે.

બિહારમાં પટનાના વિસ્તારોમાં કરા પણ પડ્યા. અહીં બપોરના સમયે જ અંધારું છવાઈ ગયું. પૂર્ણિયામાં આકાશી વીજળી પડવાથી બે લોકોના મોત થયા. ઉત્તરાખંડના કેદારનાથ ધામ સહિત ઊંચી પર્વતમાળાઓ પર સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ.

ગુજરાતનું રાજકોટ દેશમાં સૌથી ગરમ રહ્યું. અહીંનું તાપમાન 42.9C નોંધાયું. જ્યારે મહારાષ્ટ્રના વાશિમમાં તાપમાન 42.6C રહ્યું. રાજસ્થાનના ફલોદીમાં સૌથી વધુ તાપમાન 42.8C નોંધાયું.

જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં બુધવારે તેજ તડકો રહ્યો. જયપુરમાં રસ્તાઓ પર પાણીનો છંટકાવ પણ કરવામાં આવ્યો. હવામાન વિભાગે આજે અને કાલે 7 જિલ્લાઓમાં વાવાઝોડા-વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

**જેની હત્યા થઈ તે ચંદ્રનાથ રથ કોણ હતા?**

# એરફોર્સમાંથી VRS લઈને સુવેન્દુ સાથે જોડાયા, અપરિણીત રહ્યા; હત્યા કરનારા પ્રોફેશનલ કિલર, શંકાસ્પદ કાર મળી

(એજન્સી) બંગાળ | તા 07

બંગાળમાં ભાજપ નેતા સુવેન્દુ અધિકારીના પીએ ચંદ્રનાથ રથની હત્યા અંગે પછી ઘણા સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ એક્શનમાં આવી ગઈ છે અને શંકાસ્પદોને રાઉન્ડઅપ કરાયા છે પણ એવું કહેવાય છે કે આ ઘટનાને પ્રોફેશનલ શાર્પશૂટરોએ અંજામ આપ્યો હતો. પોલીસને ઘટના સ્થળ પરથી નાની બ્રાઉન કલરની શંકાસ્પદ કાર મળી હતી પણ તેની નંબર પ્લેટ નકલી હોવાનું સામે આવ્યું છે.

બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પરિણામોના બે દિવસ પછી ભાજપના વરિષ્ઠ નેતા






સુવેન્દુ અધિકારીના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બંગાળમાં નવી સરકારની રચના પહેલા તેમની હત્યાથી નવો હોબાળો મચી ગયો છે.

ઉત્તર 24 પરગણા જિલ્લાના મધ્યગ્રામ (બારાસત પ્રદેશ) માં બુધવારે રાત્રે ચંદ્રનાથને ગોળી મારી દેવામાં આવી હતી. તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના પછી તરત જ સ્થાનિક લોકોની મદદથી તેમને નજીકના ડાયવર્સિટી નર્સિંગ હોમમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું.

### સુવેન્દુ અધિકારીએ કહ્યું, આ પ્લાન્ડ મર્ડર છે

**પીએ ચંદ્રનાથ રથની હત્યા અંગે ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે તે એક પ્લાન્ડ મર્ડર છે અને ડીજીપીએ પણ આવું જ કહ્યું હતું. આ ઘટના પહેલા 2-3 દિવસ સુધી રેકી કરવામાં આવી હોય તેવી પૂરી શક્યતા છે.**

## સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસ: 22 આરોપીના નિર્દોષ છુટકારાનો નિર્ણય યથાવત્, બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો

(એજન્સી) મુંબઈ | તા 07

બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે સોહરાબુદ્દીન શેખના ભાઈ રુબાબુદ્દીન શેખ દ્વારા દાખલ કરેલી અરજી ફગાવી દીધી છે. આ અરજીમાં મુંબઈની સેશન્સ કોર્ટના એ ચુકાદાને પડકારાયો હતો, જેમાં ગુજરાત અને રાજસ્થાનના પોલીસ કર્મચારી સહિત 22 આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા હતા. બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ચંદ્રશેખર અને ગૌતમ અંખાદની બેન્ચે આ અપીલોને ફગાવતા જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચુકાદામાં દખલ કરવા માટે કોઈ મજબૂત આધાર કે કેસ જણાતો નથી. આ કેસની શરૂઆત 23 નવેમ્બર, 2005ના રોજ થઈ હતી. સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર બી અને તેના સાથી તુલસીરામ પ્રજાપતિ હૈદરાબાદથી મહારાષ્ટ્રના સાંગલી જઈ રહ્યા હતા. આ દરમિયાન તેલંગાણાના ઝહિરાબાદ પાસે ગુજરાત અને રાજસ્થાન પોલીસના અધિકારીઓએ તેમની બસ અટકાવી ત્રણેયની અટકાયત કરી હતી. ત્યારબાદ સોહરાબુદ્દીન અને કૌસર બીને ગુજરાત લવાયા હતા, જ્યારે પ્રજાપતિને કસ્ટડીમાં રાખી 26 નવેમ્બર, 2005ના રોજ રાજસ્થાનના ભીલવાડાથી ધરપકડ બતાવી જેલમાં મોકલી દેવાયો હતો. CBIના જણાવ્યાનુસાર, 25 અને 26 નવેમ્બર, 2005ની મધ્યરાત્રિએ પોલીસ અધિકારીઓએ સોહરાબુદ્દીનનું નકલી એન્કાઉન્ટર કર્યું હતું. ત્યારબાદ કૌસર બીની પણ હત્યા થઈ હતી. 28 નવેમ્બર, 2005ના રોજ તેના મૃતદેહને સળગાવી દેવાયો હતો.

# સોમનાથ અને ભારતની અજેય ભાવના!

2026ની શરૂઆતમાં, હું સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના એક હજાર વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' માટે સોમનાથ ગયો હતો. હવે, હું 11મી મેના રોજ ફરીથી સોમનાથમાં હોઈશ, જે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પુનઃનિર્મિત મંદિરના ઉદ્ઘાટનના 75 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે હશે. અડધા વર્ષથી ઓછા સમયમાં, સોમનાથ સાથે સંબંધિત બે મહત્વપૂર્ણ સીમાચિહ્નો અને તેના વિનાશથી સર્જન સુધીની અથવા જેને આપણે 'વિધ્વંસથી સૃજન' કહીએ છીએ તે યાત્રામાં સહભાગી થવું એ મારા માટે સૌભાગ્યની વાત છે.

સોમનાથ આપણને એક સભ્યતાનો સંદેશ આપે છે. તેની સામેનો વિશાળ સમુદ્ર કાળજયી હોવાનો અહેસાસ કરાવે છે. તેના મોજાં આપણને કહે છે કે... તોફાનો ગમે તેટલા ભીષણ હોય કે ભરતી ગમે તેટલી તોફાની હોય, માણસ હંમેશા ગરિમા અને શક્તિ સાથે ફરી બેઠો થઈ શકે છે. મોજાં કિનારા પર પાછા ફરે છે, જાણે દરેક પેઢીને યાદ અપાવતા હોય કે લોકોની ભાવનાને લાંબા સમય સુધી દબાવી શકાતી નથી. આપણા પ્રાચીન શાસ્ત્રો કહે છે: . તેનો અર્થ એ છે કે, દિવ્ય પ્રભાસ (સોમનાથ)ની પ્રદક્ષિણા એ સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરવા સમાન છે! લોકો અહીં પ્રાર્થના કરવા આવે છે, ત્યારે તેઓને એક એવી સભ્યતાની અદ્ભુત સાતત્યતાનો અનુભવ પણ થાય છે જેની જ્યોત ક્યારેય બુઝાઈ શકી નથી. સામ્રાજ્યો ઉદભવ્યા અને પતન પામ્યા, ભરતી-ઓટ બદલાઈ, ઈતિહાસ વિજય અને ઉથલપાથલમાંથી પસાર થયો, છતાં સોમનાથ આપણી ચેતનામાં સતત ટકી રહ્યું છે.

અત્યાચાર સામે અડગ ઉભા રહેલા અસંખ્ય મહાત્માઓને યાદ કરવાનો આ સમય છે. ત્યાં લકુલીશ અને સોમ સરમન હતા, જેમણે પ્રભાસને દર્શનશાસ્ત્રના એક ભવ્ય કેન્દ્રમાં પરિવર્તિત કર્યું. વલ્લભીના ચક્રવર્તી મહારાજા ધરસેન IV એ સદીઓ પહેલા ત્યાં બીજા મંદિરનું નિર્માણ કર્યું હતું. ભીમદેવ, જયપાલ અને આનંદપાલને આક્રમણો સામે સભ્યતાના સન્માનના રક્ષણ માટે હંમેશા યાદ રાખવામાં આવશે. એવું કહેવાય છે કે રાજા ભોજે પણ પુનઃનિર્માણમાં મદદ કરી હતી. ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક શક્તિને પુનઃસ્થાપિત કરવામાં કર્ણદેવ અને સિદ્ધરાજ જયસિંહે મહત્વની ભૂમિકા ભજવી હતી. ભાવ બૃહસ્પતિ, કુમારપાળ સોલંકી અને પાશુપત આચાર્યોએ આ પવિત્ર ધામને પૂજા અને શિક્ષણના મહાન કેન્દ્ર તરીકે પુનઃનિર્મિત કર્યું અને ટકાવી રાખ્યું. વિશળદેવ વાઘેલા અને ત્રિપુરાંતકે તેની બૌદ્ધિક અને આધ્યાત્મિક પરંપરાઓનું રક્ષણ કર્યું. વિનાશ પછી પૂજા પુનઃજીવિત કરવામાં મહીપાળદેવ અને રા ખેંગાર નિમિત્ત બન્યા હતા. પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર જેમની 300મી જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે, તેમણે અત્યંત મુશ્કેલ સમયમાં ભક્તિની નિરંતરતા સુનિશ્ચિત કરી હતી. વડોદરાના ગાયકવાડ હતા, જેમણે યાત્રાળુઓના અધિકારોનું રક્ષણ કર્યું હતું. અને અલબત્ત, આપણી ભૂમિ વીર હમીરજી ગોહિલ અને વીર વેગડાજી ભીલ જેવા બહાદુર વ્યક્તિત્વોને ઉછેરવા માટે ધન્ય છે, જેમનું બલિદાન અને સાહસ સોમનાથની જીવંત સ્મૃતિનો ભાગ બની ગયા છે.

1940ના દાયકામાં જ્યારે સ્વતંત્રતાની લહેર સમગ્ર ભારતમાં ફેલાઈ હતી અને સરદાર પટેલ જેવા કદાવર નેતાઓના નેતૃત્વમાં નવા પ્રજાસત્તાકનો પાયો નખાઈ રહ્યો હતો, ત્યારે એક વાત તેમને સતત ઊંડે સુધી પરેશાન કરતી હતી... સોમનાથની સ્થિતિ. 13 નવેમ્બર 1947ના રોજ, દિવાળીના સમયે, તેઓ મંદિરના જર્જરિત અવશેષો પાસે હાથમાં સમુદ્રનું પાણી લઈને ઉભા રહ્યા અને કહ્યું, "ગુજરાતી નવા વર્ષના આ પવિત્ર દિવસે, અમે નક્કી કર્યું છે કે સોમનાથનું પુનઃનિર્માણ થવું જોઈએ. તમે, સૌરાષ્ટ્રના લોકો, તમારો શ્રેષ્ઠ પ્રયાસ કરો. આ એક પવિત્ર કાર્ય છે જેમાં સૌએ સહભાગી થવું જોઈએ." સરદાર પટેલના એક આહવાન પર માત્ર ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર ભારતના લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો.

દુર્ભાગ્યવશ, નિયતિએ સરદાર પટેલને તે સ્વપ્નની પૂર્તિ જોવા ન દીધી જેનો તેમણે આટલા જુસ્સા સાથે પ્રચાર કર્યો હતો. પુનઃનિર્મિત સોમનાથ મંદિર ભક્તો માટે તેના દ્વાર ખોલે તે પહેલાં જ તેઓ આ ફાની દુનિયા છોડી ગયા હતા. છતાં, તેમની અસર પ્રભાસ પાટણના પવિત્ર કિનારાઓ પર અનુભવાતી રહી. તેમના વિઝનને શ્રી કનૈયાલાલ મુનશીએ આગળ ધપાવ્યું, જેમાં નવાનગરના જામસાહેબનો પૂરો સહયોગ મળ્યો હતો. 1951માં જ્યારે મંદિરનું કામ પૂર્ણ થયું ત્યારે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને આ સમારોહ માટે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. તત્કાલીન પ્રધાનમંત્રી પંડિત નેહરુના સખત વિરોધ છતાં ડૉ. પ્રસાદે આ સમારોહમાં હાજરી આપી હતી, જેમણે આ પ્રસંગને વધુ વિશેષ અને ઐતિહાસિક બનાવ્યો હતો.

મારું મન ઓક્ટોબર 2001ના સમયને પણ યાદ કરે છે, જ્યારે મેં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો જ હતો. 31 ઓક્ટોબર 2001, સરદાર પટેલની જયંતિના રોજ, ગુજરાત સરકારને સોમનાથ મંદિરના દ્વાર ખુલ્યાને 50 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કાર્યક્રમ યોજવાનું સન્માન મળ્યું હતું. તે સરદાર પટેલની 125મી જન્મજયંતિની ઉજવણી સાથે પણ સુસંગત હતું. તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયી અને તત્કાલીન ગૃહમંત્રી શ્રી એલ.કે. અડવાણીએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

11 મે 1951ના રોજ તેમના સંબોધન દરમિયાન ડૉ. રાજેન્દ્ર પ્રસાદે કહ્યું હતું કે સોમનાથ મંદિર વિશ્વ સમક્ષ જાહેર કરે છે કે અતુલનીય શ્રદ્ધા અને પ્રેમ ધરાવતી કોઈપણ વસ્તુનો નાશ કરી શકાતો નથી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ મંદિર લોકોના હૃદયમાં જીવંત રહેશે. તેમણે એમ પણ કહ્યું કે મંદિરનો જીર્ણોદ્ધાર એ સરદાર પટેલના સ્વપ્નની પૂર્તિ હતી, પરંતુ તે ભાવનાને આગળ વધારતા, તે મહત્વનું છે કે આપણે લોકોના જીવનમાં સમૃદ્ધિ પાછી લાવીએ. આ તેમણે આપેલા મહત્વના અને પ્રેરણાદાયી સંદેશા છે.

આ તે માર્ગ છે જેના પર આપણે એક દાયકાથી વધુ સમયથી ચાલી રહ્યા છીએ. હું તેને મારું સૌભાગ્ય માનું છું કે, 'વિકાસ ભી, વિરાસત ભી'ના સિદ્ધાંતથી પ્રેરિત થઈને, સોમનાથથી કાશી, કામાખ્યાથી કેદારનાથ, અયોધ્યાથી ઉજ્જૈન, ત્ર્યંબકેશ્વરથી શ્રીશૈલમ સુધી અમારી ટીમને આપણા આધ્યાત્મિક કેન્દ્રોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની સાથે તેમની પરંપરાગત લાક્ષણિકતા જાળવી રાખવાની તક મળી છે. કનેક્ટિવિટી સુધારવાના પ્રયાસો સાથે આ બાબત એ સુનિશ્ચિત કરે છે કે વધુ લોકો તેમની મુલાકાત લઈ શકે. તે સ્થાનિક અર્થતંત્રને વેગ આપે છે, આજીવિકા સુરક્ષિત કરે છે અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઊંડી બનાવે છે.

સોમનાથની રક્ષા માટે જેઓએ પોતાના જીવનનું બલિદાન આપ્યું અને જેઓએ તેનું વારંવાર પુનઃનિર્માણ કર્યું તેમના સંઘર્ષો અને બલિદાનોને ક્યારેય ભૂલી શકાય નહીં. ભારતભરના અસંખ્ય લોકોએ તેની ભવ્યતા પુનઃસ્થાપિત કરવામાં ફાળો આપ્યો છે. તેઓએ ભારતના દરેક ભાગને પવિત્ર માન્યો, જે ભૌગોલિક સીમાઓથી પર એકતાની ભાવનાથી બંધાયેલા હતા. વિભાજનથી ભરેલા વિશ્વમાં, એકતાની આ ભાવના પહેલા કરતા વધુ પ્રાસંગિક છે. સોમનાથ તેની તમામ ભવ્યતામાં અડીખમ ઊભું રહેશે કારણ કે એકતા અને સહિયારી સભ્યતાની ચેતના દરેક ભારતીયના હૃદયમાં જીવંત છે. જેની શ્રદ્ધાંજલિ રૂપે, એક હજાર વર્ષના અસાધારણ સાહસને યાદ કરીને, આગામી એક હજાર દિવસ સુધી સોમનાથમાં વિશેષ પૂજા કરવામાં આવશે. એ જોઈને આનંદ થાય છે કે અનેક લોકો આ પૂજા માટે દાન પણ આપી રહ્યા છે.

હું મારા દેશવાસીઓને આ વિશેષ સમયમાં સોમનાથની યાત્રા કરવાનો આગ્રહ કરું છું. જ્યારે તમે સોમનાથના કિનારે ઉભા રહો ત્યારે તેના પ્રાચીન પડઘાઓને તમારી અંદર અનુભવો. તમે માત્ર ભક્તિથી અભિભૂત નહીં થાઓ પણ એક એવી સભ્યતાની મજબૂત ભાવનાનો પણ અનુભવ કરશો જે ક્યારેય ક્ષીણ થતી નથી, જે અખંડ અને અટલ છે. તમે ભારતની અદમ્ય ભાવનાનો અનુભવ કરશો અને સમજશો કે, બધી મુશ્કેલીઓ છતાં, આપણી સંસ્કૃતિ હંમેશા કેમ વિજયી રહી છે; અને તમને તે શાશ્વત વિજયના સાક્ષી બનવાની તક મળશે. આ અનુભવ ચોક્કસપણે અવિસ્મરણીય રહેશે.

જય સોમનાથ.



- નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ

## મુંબઈના ઇન્ટરનેશનલ એરપોર્ટના અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનમાં આગ

(એજન્સી) મુંબઈ | તા 07

મુંબઈના અંધેરી ઈસ્ટમાં છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટી-2ના અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશન પર બુધવારે સાંજે 4:10 વાગ્યે આગ લાગી હતી. અધિકારીઓએ તરત જ લોકોને બહાર કાઢ્યા અને પરિસરને ખાલી કરાવવામાં આવ્યું. આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. આગ લાગવાને કારણે મેટ્રો એક્વા લાઈન-3ના અંડરગ્રાઉન્ડ કોરિડોરમાં આરે JVLR થી કફ પરેડ વચ્ચે મેટ્રો સેવાઓ થોડા સમય માટે પ્રભાવિત રહી હતી. નગર નિગમના અધિકારીએ જણાવ્યું કે આગ મેટ્રો સ્ટેશનના ટેકનિકલ રૂમમાં લાગી હતી. જોકે, આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આગ લાગ્યા બાદ ધુમાડો આખા અંડરગ્રાઉન્ડ સ્ટેશન પરિસરમાં ફેલાઈ ગયો હતો, જેના કારણે ફાયર ફાઈટરોને રાહત અને બચાવ અભિયાન દરમિયાન બ્રીધિંગ ઉપકરણોનો ઉપયોગ કરવો પડ્યો હતો. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (MMRCL) એ તેને ધુમાડાની સામાન્ય ઘટના ગણાવી છે.

**આર્ટ ઓફ લિવિંગનો 45મો સ્થાપના દિવસ, પીએમ હાજરી આપશે**

# 10 મેના રોજ બેંગલુરુમાં કાર્યક્રમ; 182 દેશોના લોકો જોડાશે

(એજન્સી) બેંગલુરુ | તા 07

બેંગલુરુમાં 10 મેના રોજ 'આર્ટ ઓફ લિવિંગ'નો 45મો સ્થાપના દિવસ સમારોહ યોજાશે. પીએમ મોદી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હશે. તેઓ કાર્યક્રમને સંબોધિત પણ કરશે.

પીએમ આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં એક નવા 'ધ્યાન મંદિર'નું પણ ઉદ્ઘાટન કરશે. આ સાથે તેઓ માનસિક સ્વાસ્થ્ય, ગ્રામીણ વિકાસ, પ્રકૃતિ સંરક્ષણ સંબંધિત યોજનાઓ પણ શરૂ કરશે.

આ કાર્યક્રમ શ્રી શ્રી રવિશંકરના 70મા જન્મદિવસ નિમિત્તે આર્ટ ઓફ લિવિંગના આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં યોજાશે. 182થી વધુ દેશોના લોકો આ કાર્યક્રમમાં જોડાશે. કેટલાક લોકો ઓનલાઈન પણ જોડાશે.

25 અને 26 મેના રોજ 'કેદી કલ્યાણ અને નીતિગત સુધારા' પર એક વિશેષ ચર્ચાનું આયોજન



કરવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય જેલોની વ્યવસ્થાને સુધારવાના માર્ગો પર વિચાર કરવો અને એ દર્શાવવાનો છે કે 'આર્ટ ઓફ લિવિંગ'ના કાર્યક્રમોએ કેદીઓના વર્તન અને તેમના પુનર્વસનમાં કેટલો સકારાત્મક બદલાવ લાવ્યો છે.

આ સાથે, વિદેશ મંત્રાલયના સહયોગથી 'બિમ્સ્ટેક યુવા નેતૃત્વ આદાન-પ્રદાન' કાર્યક્રમ પણ યોજાશે. તેમાં સાત બિમ્સ્ટેક દેશોના યુવા નેતાઓ 'આર્ટ ઓફ લિવિંગ ઈન્ટરનેશનલ સેન્ટર'માં એકસાથે આવશે, જ્યાં તેમને નેતૃત્વ કૌશલ્ય સુધારવા માટે વિશેષ તાલીમ આપવામાં આવશે.

વર્ષ 1981માં શ્રી શ્રી રવિશંકર દ્વારા સ્થાપિત 'આર્ટ ઓફ લિવિંગ' આજે એક વૈશ્વિક, સ્વયંસેવક-આધારિત માનવીય અને શૈક્ષણિક સંગઠન બની ચૂક્યું છે. આર્ટ ઓફ લિવિંગ અત્યાર સુધીમાં 100 કરોડથી વધુ લોકોના જીવનને પ્રભાવિત કરી ચૂક્યું છે.

સિટી એક્સપ્રેસ
FRIDAY 08 MAY-2026
AHMEDABAD

## અમદાવાદનો બલોલનગર બ્રિજ બન્યો ડેથ ઝોન

અમદાવાદ | વાહનચાલકો માટે જોખમી બની ગયેલા અમદાવાદના બલોલનગર બ્રિજ પર ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. ન્યૂ રાણીપથી બલોલનગર તરફ ફુલ સ્પીડે જઈ રહેલા એક બાઈક ચાલકે અચાનક કાબુ ગુમાવ્યો હતો. જેમાં બેકાબૂ બાઈક સીધું ડિવાઈડર અને બ્રિજની પાળી સાથે ધડાકાભેર અથડાયું હતું, જેને લીધે ચાલક હવામાં ફંગોળાઈને પુલ પરથી સીધો નીચે પટકાયો હતો. આ અકસ્માતમાં યુવકને માથાના ભાગે ભારે ઈજાઓ પહોંચતા લોહીલુહાણ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે એકઠા થયેલા રાહદારીઓએ તાત્કાલિક ધોરણે ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

## ઘી કાંટા કોર્ટમાં આંતરધર્મીય લગ્ન મુદ્દે હોબાળો

અમદાવાદ | અમદાવાદની ઘી કાંટા કોર્ટ આજે (સાતમી મે) પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે, એક હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્ન રજિસ્ટ્રેશનને લઈને વિશ્વ હિન્દુ પરિષદ VHPના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યો હતો. મામલાની ગંભીરતાને જોતા કોર્ટ પરિસરમાં 50થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. વિરોધને પગલે હાલ પૂરતી આંતરધર્મીય લગ્ન પ્રક્રિયા મોકૂફ રાખવામાં આવી છે. આ આંતરધર્મીય લગ્ન રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદની કોર્ટમાં થવાના હતા. જોકે, આ અંગેની જાણ થતાં જ VHPના કાર્યકરો મોટી સંખ્યામાં કોર્ટ પરિસરે પહોંચી ગયા હતા અને સૂત્રોચ્ચાર સાથે દેખાવો કર્યો હતો.

# મેટ્રો કોર્ટમાં મેરેજ રજિસ્ટ્રેશન કરવા આવતા હોવાની જાણ થતા VHP કોર્ટ પર પહોંચ્યું

## હિન્દુ-મુસ્લિમ યુવક-યુવતીના લગ્નનો વિવાદ: હિન્દુ યુવતી 2 મહિનાથી નારી સંરક્ષણ ગૃહમાં છે. ઉપસ્થિત VHP કાર્યકરોએ જયશ્રી રામના નારા લગાવ્યા

અમદાવાદ | ગત માર્ચમાં ગુજરાત હાઈકોર્ટે સ્પેશ્યલ મેરેજ એક્ટ અંતર્ગત લઘુમતી યુવક અને હિન્દુ યુવતીના લગ્ન કરવા અને યુવતીના નામે 03 લાખ રૂપિયા મુકવા હુકમ કર્યો હતો. આ આદેશને પગલે આજે આ યુવક-યુવતી અમદાવાદની ઘી કાંટા કોર્ટ ખાતે લગ્ન રજિસ્ટ્રેશન કરવા પહોંચવાની માહિતી મળતા વીએચપીના કાર્યકરો કોર્ટે પહોંચ્યા હતા. જેને પગલે કોર્ટ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આજની લગ્ન નોંધણીની મુદત મોકૂફ રાખવામાં આવી છે. હવે નવી તારીખ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, હિન્દુ યુવતી 2 મહિનાથી નારી સંરક્ષણ ગૃહમાં છે.

આ દરમિયાન અહીં ઉપસ્થિત VHP કાર્યકરોએ જયશ્રી રામના નારા લગાવ્યા હતા. તેમજ લગ્ન કરવા માટે હાઇકોર્ટનો આદેશ હોવાથી શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ નોંધાવતા જોવા મળ્યા હતા. જો કે બપોરે લગ્ન નોંધણી મોકૂફ રાખવાનો નિર્ણય આવતા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો પણ રવાના થઈ ગયા હતા.

અસારવાના વિશ્વ હિન્દુ પરિષદ અધ્યક્ષ શ્રેયાંશ શાહે જણાવ્યું કે, આ અંગે અમે રજિસ્ટ્રારને મળીને રજૂઆત કરી હતી, ત્યારે અમને માહિતી મળી કે




વિવાદાસ્પદ રજિસ્ટ્રાર સૈયદ જાણી જોઈને રજા ઉપર ઉતરી ગયા છે. એટલે જે ચાર્જમાં અધિકારી હતા તેમને રજૂઆત કરી કે ભાઈ તમે તો ચાર્જમાં છો તો તમે શું કરવા માથે લો છો? એટલે એમણે અમારી માંગણીને ગ્રાહ્ય રાખી અને તેમણે રજિસ્ટ્રેશન હાલ પૂરતું મોકૂફ રાખ્યું છે.આગળ હવે એ લોકો નવી તારીખ લેશે, ત્યારે અમે પણ કાયદાકીય સલાહ લઈ અને કાયદાકીય રીતે અમે આગળ વધીશું.

આ અંગે દરિયાપુર VHPના પ્રખંડ મંત્રી હર્ષ શાહે જણાવ્યું કે, મધ્યરાત્રિએ અમારા જિલ્લા મંત્રી ઉપર એક ફોન આવ્યો કે જિલ્લા રજિસ્ટ્રારની કચેરીમાં આજે સવારે એક હિન્દુ દીકરી અને એક વિધર્મી દીકરો લગ્ન કરવાના છે. આ માહિતી મળતા જ્યારે અમે અહીં આવીને જોયું તો બે PSIથી વધારે અને બે ડિવિઝનની પોલીસ પણ, 100થી વધારે પોલીસનો કાફલો અહીં ઉતારી દેવામાં આવ્યો છે અને આવું અહીં વારંવાર થતું રહે છે.ક્યાં સુધી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ પોતાની જાતને આ રીતે ઘસતા રહેશે?

કારણ કે અમે સૌ છેલ્લા એક વર્ષમાં 150થી વધારે હિન્દુ દીકરીઓને અમે પરત લઈને આવ્યા છીએ અને આ અઠવાડિયામાં આ ત્રીજો કેસ છે. ગઈકાલે પણ અમે એક 16 વર્ષની દીકરીને બચાવી છે, એના આગલા દિવસે પણ અમે એક 14 વર્ષની દીકરીને બચાવી છે અને જેમાં અમે પોક્સો (POCSO) એક્ટ હેઠળ જે આરોપી હતો એને સજા પણ અમે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા પોલીસમાં રજૂઆત કરવામાં આવી હતી અને પોક્સો હેઠળ અમે એને સજા પણ અપાવી છે.

આ કેસને લઈ માર્ચમાં ગુજરાત હાઈકોર્ટે આ આંતરધર્મિય લિવ-ઈન કપલને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ તેમના લગ્નની નોંધણી કરાવવા નિર્દેશ આપી સાથે જ પુરુષને ભવિષ્યમાં જો તેઓ અલગ થાય તો સ્ત્રીની સુરક્ષા માટે તેના પક્ષમાં 3 લાખ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. આ મામલે હવે 8 મે, 2026ના રોજ વધુ સુનાવણી યોજાશે.

મહેસાણા જિલ્લામાં અલગ-અલગ ધર્મના 22 વર્ષીય યુવક અને 21 વર્ષીય યુવતી સાથે રહેતા હતા. તેઓને અલગ કરવામાં આવ્યા હતા અને યુવતીને બનાસકાંઠાના પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે આ બળજબરીપૂર્વકના અલગાવ વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. યુવકે તેની પાર્ટનરની કસ્ટડી માંગી હતી અને કોર્ટને જણાવ્યું હતું કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે.

હાઈકોર્ટે યુવતીને તેની ઈચ્છા જાણવા માટે બોલાવી હતી. હાઈકોર્ટે ભવિષ્યમાં કોઈ કમનસીબ પરિસ્થિતિ ઊભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં હોવાની ચિંતા વ્યક્ત કર્યા બાદ યુવકને 03 લાખ રૂપિયા જમા કરાવવાની તૈયારી દર્શાવતું સોગંદનામું ફાઈલ કરવા જણાવ્યું હતું.

### યુવકે તમામ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા તૈયારી બતાવી હતી

તેણે કહ્યું કે તે સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા અને તે માટેની તમામ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા તૈયાર છે. તેણે એવી પણ બાહેંધરી આપી હતી કે તે તેની ક્ષમતા અને સાધનો મુજબ તેના ભરણપોષણ, રહેઠાણ અને જીવનની તમામ જરૂરિયાતો પૂરી પાડશે. તે યુવતી સાથે ગરિમા અને સન્માન સાથે વર્તશે અને તમામ બાબતોમાં તેની સુખાકારી સુનિશ્ચિત કરશે.

હાઈકોર્ટે યુવકને રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ યુવતીનું બેંક ખાતું ન હોવાથી હાઈકોર્ટે રજિસ્ટ્રીને તેના નામે ખાતું ખોલવા અને ફિક્સ્ડ ડિપોઝિટનું વ્યાજ સમયાંતરે તેના ખાતામાં જમા કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સ્પષ્ટ છે કે જો ભવિષ્યમાં આ કપલ અલગ થાય, તો 03 લાખ રૂપિયાની પૂરેપૂરી રકમ તેની આર્થિક સુરક્ષા માટે તેને સોંપી દેવામાં આવશે. યુવતીને અમદાવાદના નારી સંરક્ષણ ગૃહમાં રહેવાનું ચાલુ રાખવા નિર્દેશ આપ્યો હતો.

તેને લગ્નની નોંધણીની વિધિઓ પૂરી કરવા માટે અરજદાર યુવક સાથે જવાની મંજૂરી આપવામાં આવી હતી. કોર્ટે સંબંધિત સત્તાધિકારીઓને તેને જન્મનું પ્રમાણપત્ર અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ પૂરા પાડવા માટે પણ નિર્દેશ આપ્યો હતો.

# ખેલ મહાકુંભ 2025 અંતર્ગત નડિયાદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં 9,383 ખેલાડીઓ ઝળક્યા : ટ્રેકસૂટ આપી કરાયું સન્માન

(એજન્સી) અમદાવાદ | તા. 06

ગુજરાતના યુવાનો આજે રમતગમત ક્ષેત્રે રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે અને સ્પોર્ટ્સને પ્રોફેશન બનાવી રહ્યા છે તેનો શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી વિઝનને જાય છે. 2010માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે તેમણે ખેલ મહાકુંભની નવતર પહેલ કરી હતી, જેનાથી રાજ્યના ખેલાડીઓમાં નવું જોમ આવ્યું છે અને અંતરિયાળ વિસ્તારોમાંથી પ્રતિભાઓ સામે આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે 7 મેએ વિશ્વ એથ્લેટિક્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ફિટનેસ, શિસ્ત અને રમતગમત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. વર્ષ 2026 માટે વિશ્વ એથ્લેટિક્સ દિવસની થીમ 'Sport: Building Bridges, Breaking Barriers' છે, જે યુવાનોને મજબૂત બનાવવા અને ફિઝિકલ એક્ટિવિટીના માધ્યમથી સામાજિક જોડાણ તેમજ એકતા અને સમાનતાને પ્રોત્સાહન આપવામાં એથ્લેટિક્સની ભૂમિકા દર્શાવે છે. એથ્લેટિક્સને બેઝિક ઑફ ઓલ સ્પોર્ટ્સ કહેવાય છે એટલે કે, તે તમામ રમતોનો આધાર છે. ગુજરાતમાં ખેલ મહાકુંભ પહેલ હેઠળ આયોજિત થતી એથ્લેટિક્સ સ્પર્ધા પણ આ જ વિઝનને સાકાર કરી રહી છે. આ પહેલના માધ્યમથી ગ્રામ્યકક્ષાથી રાજ્યકક્ષા સુધીના ખેલાડીઓને પોતાની પ્રતિભા દેખાડવાનું મંચ મળી રહ્યું છે. ખેલ મહાકુંભ 2025 અંતર્ગત રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં





9,383 ખેલાડીઓએ લીધો ભાગ આ વર્ષે 16 જાન્યુઆરીથી 3 ફેબ્રુઆરી દરમ્યાન ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ખેલ મહાકુંભ 2025 અંતર્ગત રાજ્યકક્ષા એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના કુલ 9,383 ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા હાઈ પર્ફોર્મન્સ સેન્ટર ખાતે આ સ્પર્ધાનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં અંડર-9, અંડર-11, અંડર-14, અંડર-17 તેમજ ઓપન વય જૂથના 4,694 ભાઈઓ અને 4,689 બહેનોનો સમાવેશ થાય છે, જે રાજ્યમાં રમતગમત પ્રત્યે વધતી રૂચિ અને વ્યાપક ભાગીદારી દર્શાવે છે. દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ગોળા ફેંક, હેમર થ્રો સહિત 390 ઈવેન્ટનું આયોજન ખેલ મહાકુંભ 2025ની રાજ્યકક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં 30 મીટરથી 5000 મીટર દોડ, 80મી, 100મી, 110મી અને 400મી હર્ડલ્સ, લાંબી કૂદ, ઊંચી કૂદ, વાંસ કૂદ, લંગડીફાળ કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, ભાલા ફેંક, હેમર થ્રો, રીલે અને જલદ ચાલ જેવી કુલ 390 ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મૅડલ અને ટ્રેકસૂટ એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખેલ મહાકુંભની પહેલથી ગુજરાત બન્યું રમતગમત ક્ષેત્રે અગ્રેસર ખેલ મહાકુંભ પહેલના પરિણામે ગુજરાતને સરિતા ગાયકવાડ, મયુર માલવીયા, રુચિત મોરી અને મુરલી ગાવિત જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ મળ્યા છે. ડાંગની 'ગોલ્ડન ગર્લ' સરિતા ગાયકવાડે એશિયન ગેમ્સ 2018માં મહિલા 4x400 મીટર રિલેમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે મુરલી ગાવિતે 2019ની એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની 10,000 મીટર સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. ગુજરાત સરકાર આવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપીને રાજ્યને રમતગમતમાં અગ્રેસર બનાવવા પ્રતિબદ્ધ છે.

## સરકારે ઘર તોડ્યું, દીકરીએ તંબુમાં રહી SSCમાં 94 ટકા

### UPSC પાસ કરવાનો ગોલ



અમદાવાદ | અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતી ધોરણ 10ની વિદ્યાર્થિનીએ જિંદગીમાં અનેક મુશ્કેલીઓ હોવા છતા નોંધપાત્ર સફળતા મેળવી છે. વર્ષ 2025માં વસ્ત્રાલ વિસ્તારમાં બે જૂથ વચ્ચે મારામારીના બનાવ બાદ સરકારે આરોપીના ઘર તોડી નાખ્યા હતા. જેમાં અમરાઈવાડીમાં રહેતા અલ્કેશ યાદવના ઘરનું પણ ડીમોલીશન કરાયું હતું. જેના કારણે ધોરણ 10માં અભ્યાસ કરતી અલ્કેશની બહેન શ્વેતાની મુશ્કેલી વધી ગઈ હતી. પરંતુ, શ્વેતાએ હિંમત હારી નહીં અને તંબુમાં રહીને મહેનત કરી. બુધવારે જ્યારે SSCનું રિઝલ્ટ જાહેર થયું ત્યારે શ્વેતા અને તેના પરિવારજનોનો ખુશીઓનો પાર નહોતો. કારણ કે, વિપરીત સંજોગોમાં પણ શ્વેતાએ A1 ગ્રેડ સાથે 94 ટકા ટકા મેળવ્યા છે. શ્વેતાનું હવે UPSC પાસ કરવાનું સપનું છે.

માર્ચ, 2025માં અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં બે ગેંગની બબાલમાં અસામાજિક તત્વોએ જાહેરમાં હથિયારો લઈ તોડફોડ અને મારામારી કરી હતી. જેનો વીડિયો વાઈરલ થતા જ પોલીસ હરકતમાં આવી હતી અને વીડિયોમાં દેખાતા શખસો સામે ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ કરાયા બાદ તેના ઘરનું ડિમોલીશન કરાયું હતું.

અમરાઈવાડી વિસ્તારમાં રહેતો અલ્કેશ યાદવ પણ આ ગુનાનો આરોપી હતો. જેથી પોલીસે અલકેશ જે ઘરમાં રહેતો હતો તે ઘર તોડાવ્યું હતું.આ ઘર તૂટતા અલ્કેશના પરિવારની છત જતી રહી હતી.અલ્કેશની બે બહેનો જે અભ્યાસ કરતી હતી તેમને મોટી સમસ્યા ઉભી થઈ હતી. જેમાં મોટી બહેન એકતા યાદવ જે TATની પરીક્ષાની તૈયારી કરતી હતી તેના સપના પણ પાણી ફરી વળ્યું. જ્યારે નાની બહેન શ્વેતા યાદવ ધોરણ 10માં અભ્યાસ કરતી હતી તેના પર પણ આફત આવી ગઈ હતી. બંને બહેનોનો અભ્યાસ ચાલતો હતો.આ દરમિયાન જ છત છિનવાઈ ગઈ તો બંને માટે પ્રશ્ન હતો કે અભ્યાસ કેવી રીતે કરશે.છતાં બંને બહેનોએ હાર માની ન્હોતી.માથેથી છત જતી રહી પરંતુ કોઈ સામાજિક કાર્યકરે તેમને રહેવા માટે પોર્ટેબલ ટેન્ટ આપ્યું હતું.એપ્રિલ 2025થી સમગ્ર પરિવાર માટે ટેન્ટ જ હવે તેમનું નવું ઘર હતું.પોતાના તૂટેલા ઘરની બહાર જ પરિવાર ટેન્ટ બાંધીને રહેવા લાગ્યો હતો.

## નારણપુરામાં AMTS બસની બ્રેક ફેલ થતા અકસ્માત:કાર અને બે બાઈકને ટક્કર મારી, બસનો ડ્રાઈવર નશામાં હોવાનો આક્ષેપ

અમદાવાદ | શહેરના નારણપુરા વિસ્તારમાં નિકેતન સોસાયટી પાસે AMTS બસની બ્રેક ફેલ થઈ ગઈ હોવાના કારણે અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર અને બે બાઈકને બસે ટક્કર મારી હતી. જ્યારે બાઈક ચાલકને સામાન્ય ઈજા થઈ હતી. ઘટનાની જાણ ટ્રાફિક પોલીસને થતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. સ્થાનિક લોકોએ ડ્રાઈવરને પકડી લીધો હતો અને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે ડ્રાઈવર નશામાં ડ્રાઈવિંગ કરી રહ્યો હતો જો કે હાલ સમગ્ર મામલે ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ AMTS બસની લાલ દરવાજાથી લાલ દરવાજાની 400 નંબરની સર્ક્યુલર રૂટની બસ નારણપુરા ચાર રસ્તાથી આગળ નિકેતન સોસાયટી પાસે જઈ રહી હતી. દરમિયાનમાં બસની બ્રેક ફેલ થતા બાઈક અને કારની પાછળ બસ અથડાતા કાર અને બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે થઈને બાઈક ચાલક નીચે પડી ગયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને સામાન્ય ઈજા થઈ હતી. ઘટનાની જાણ થતા ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી ગઈ હતી. AMTSના એક્સિડન્ટ ઈન્સ્પેક્ટર સ્થળ પર પહોંચ્યા હતા. આદિનાથ બલ્ક કેરિયર્સ લી પ્રાઈવેટ ઓપરેટરની ટેકનિકલ ટીમ સ્થળ પર આવી ગઈ હતી અને સમગ્ર મામલે હાલ તપાસ હાથ ધરવામાં આવી છે. AMTS તંત્રના જણાવ્યા મુજબ બસની બ્રેક ફેલ થઈ જવાના કારણે અકસ્માત થયો હતો અને તેમાં ત્રણ જેટલા વાહનોને અડફેટે લીધા હતા. ડ્રાઈવરને પોલીસ સ્ટેશન ખાતે હાજર કરી દેવામાં આવ્યો છે. ડ્રાઈવરનું નામ ભુખણસિંહ છે.

## બોપલ બ્રિજ નજીક મોડી રાત્રે હિટ એન્ડ રન : 1નું મોત

(એજન્સી) અમદાવાદ | તા. 07

શહેરના સરદાર પટેલ રિંગ રોડ પર બોપલ બ્રિજ નજીક મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બની હતી. ટ્રક ચાલકે રોડ ક્રોસ કરતાં યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ટ્રક ચાલક યુવકને ટક્કર મારીને ઓગણજ તરફ નાસી ગયો, ત્યારે રીક્ષા ચાલકે તેનો પીછો કર્યો હતો. જે બાદ ટ્રક મૂકી ચાલક ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે એમ ડિવિઝન ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ સરખેજ વિસ્તારમાં રત્નકર બિલ્ડરની કોલોનીમાં મૂળ રાજસ્થાનના દિનેશ કોટેડ તેમના મોટાભાઈ સુખદેવભાઈ કોટેડ અને પરિવાર સાથે રહે છે. ગઈકાલે 6 મેના રોજ રાત્રે 9:30 વાગ્યાની આજુબાજુ દિનેશભાઈ તેમના ઘરે હાજર હતા. ત્યારે તેમની ભાભીનો ફોન આવ્યો હતો કે બોપલ બ્રિજ પાસે તેમના ભાઈનો અકસ્માત થયો છે. જેથી તેઓ બોપલ બ્રિજ પાસે પહોંચ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં લોકોનું ટોળું ભેગું થયેલું હતું. ટોળામાં



તેમના ભાઈનો દીકરો રાહુલ હાજર હતો.

રાહુલને પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે સુખદેવ રિક્ષામાં ચાંગોદરથી બોપલ બ્રિજ સુધી આવ્યો હતો ત્યારે તેને લેવા માટે આવ્યા હતા. બોપલ બ્રિજના છેડે સરસ્વતી હોસ્પિટલ તરફ તેમણે રિક્ષા ઉભી રખાવી હતી. જે બાદ રોડ ક્રોસ કરીને આવતા હતા ત્યારે ટ્રક ચાલકે સુખદેવભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ સમયે ઘટના સ્થળ પર જ સુખદેવભાઈનું મોત થઈ ગયું હતું. જ્યારે ચાલક ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. સ્થાનિકોના ટોળા ભેગા થઈ ગયા હતા જ્યારે એક રિક્ષા ચાલકે ટ્રકચાલકનો પીછો કર્યો હતો.

## સાબરમતી સેન્ટ્રલ જેલમાં મારામારી : 'તું બાયલો છે' કહી કેદીએ બીજા કેદી માર્યો

અમદાવાદ | અમદાવાદની હાઈ સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલ જેલ ફરી એકવાર વિવાદમાં આવી છે. જેલના 'બડા ચક્કર'માં બે કેદીઓ વચ્ચે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. એક કેદીએ બીજા કેદીને 'બાયલો' કહીને ઉશ્કેરણી કરતા મામલો બિચક્યો હતો અને મારામારીમાં એક કેદીને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવો પડ્યો છે. મળતી માહિતી મુજબ, મેઘાણીનગરનો રહેવાસી અને કાચા કામનો કેદી સંજય રાઠોડ જૂની સેન્ટ્રલ જેલના બડા ચક્કરમાં કેદ છે. 6 મેના રોજ બપોરે 4 વાગ્યાની આસપાસ જ્યારે સંજય પોતાના બેરેકમાંથી બહાર નીકળી રહ્યો હતો, ત્યારે ત્યાં હાજર પાકા કામના કેદી સમીરે તેને 'તું બાયલો છે' કહીને બૂમ પાડી હતી. સંજયે આ શબ્દ સામે વાંધો ઉઠાવતા સમીર વધુ ઉશ્કેરાયો હતો અને ગાળાગાળી શરૂ કરી હતી. બોલાચાલી દરમિયાન સમીરે સંજયને લાફો ઝીંકી દીધો હતો. ત્યારબાદ બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી અને સમીરે સંજયને નીચે પાડી દઈને ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો. સંજયે બચાવ માટે બૂમાબૂમ કરતા જેલના સુરક્ષાકર્મીઓ તાત્કાલિક દોડી આવ્યા હ.

# 'શ્રી વાજપાઈ બેંકેબલ યોજના' અંતર્ગત રૂ. ૧,૨૪૩ કરોડ કરતા વધુની સહાય

અમદાવાદ | વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ 'શ્રી વાજપાઈ બેંકેબલ યોજના' રાજ્યના યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધીમાં ૧.૪૨ લાખ કરતા વધુ લાભાર્થીઓને રૂ. ૧,૨૪૩ કરોડ કરતા વધુની સબસિડી સહાય આપવામાં આવી છે. જેમાં ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૪૭,૪૬૨ લાભાર્થીઓને રૂ. ૪૬૬ કરોડની સબસિડી સહાય આપવામાં આવી છે. આમ, આ યોજના થકી છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના હજારો પરિવારો આર્થિક રીતે પગભર બન્યા છે. ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી નરેશ પટેલ અને રાજ્ય મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ યોજનાને વધુ વ્યાપક બનાવી છે. રાજ્યના શહેરી અને ગ્રામીણ બેરોજગારોને સ્વરોજગારી પૂરી પાડતી 'શ્રી વાજપાઈ બેંકેબલ યોજના' અંતર્ગત આપવામાં આવતી લોન મર્યાદા જે પહેલા રૂ. ૮ લાખ હતી, તે વર્ષ ૨૦૨૫-૨૬થી વધારીને રૂ. ૨૫ લાખ કરવામાં આવી છે. આ લોનમાં રાજ્ય સરકાર દ્વારા જનરલ કેટેગરીના યુવાનોને મહત્તમ રૂ. ૩.૭૫ લાખ તેમજ SC, ST અને દિવ્યાંગો માટે મહત્તમ રૂ. ૫ લાખ સુધીની સબસિડી સહાય આપવામાં આવે છે.

'શ્રી વાજપાઈ બેંકેબલ યોજના' હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રે પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા યુવા સાહસિકોને બેંક મારફત ધિરાણ અને સરકાર તરફથી સબસિડી સહાય આપવામાં આવે છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં ૨૫ થી ૪૦ ટકા સુધી તથા શહેરી વિસ્તારમાં ૨૦ થી ૩૦ ટકા સુધીની સબસિડી સહાય કેટેગરી મુજબ આપવામાં આવે છે. શહેરોથી લઈને ગામડાંઓ સુધી હજારો યુવાઓના જીવનમાં ક્રાંતિ લાવતી 'શ્રી વાજપાઈ બેંકેબલ યોજના' લાખો નાગરિકોને આત્મનિર્ભર બનાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરી રહી છે. આ યોજના માટે અરજી કરવાની પ્રક્રિયા એકદમ સરળ અને પારદર્શી છે. જેનો લાભ લેવા માંગતા ઉમેદવારો ઓનલાઈન પોર્ટલ https://blp.gujarat.gov.in/ પર અરજી કરી શકે છે. આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ બેંક દ્વારા લોન મંજૂર થયા બાદ લાભાર્થીના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે.

રાજ્યના ૧૮ થી ૬૫ વર્ષની વયના અને ઓછામાં ઓછું ધોરણ-૪ પાસ અથવા વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ કે સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ મેળવેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ. આ યોજનામાં કોઈ આવક મર્યાદા રાખવામાં આવી નથી, જેથી વધુમાં વધુ નાગરિકો તેનો લાભ લઈ શકે.

અમદાવાદના બાવળા વિસ્તારના રહેવાસી શ્રી રોહિતભાઈ પ્રજાપતિ અમદાવાદમાં વધી રહેલા બાંધકામને ધ્યાનમાં રાખીને ઈંટ સપ્લાયના વ્યવસાયમાં રહેલી તકોને ઓળખી ગયા હતા. તેઓ પોતાનો ઈંટ બનાવવાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હતા, પરંતુ સૌથી મોટો પડકાર મૂડી એટલે કે નાણાંની વ્યવસ્થાનો હતો.